# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

31 DECEMBER-2025 WEDNESDAY

વર્ષ-15 I અંક-050 I વિક્રમ સંવત-2082 I પોષ સુદ-12 I પાના-12 I કિંમત 3/- I અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં 9 વર્ષની સફર યાદ કરી રશ્મિકા ભાવુક થઈ



પેજ-09

ટી-20 વિશ્વકપ 2026 ટીમ જાહેર જોશ ટંગની એન્ટ્રીથી ખળભળાટ




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 15.00 |
| વડોદરા | 27.00 | 15.00 |
| સુરત | 27.00 | 19.00 |


પેજ 5




કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલે ભારતની પ્રથમ ક્રોસ-બોર્ડર...

નેતાન્યાહુ માફી વિવાદ ટ્રમ્પના દાવાને ઈઝરાયેલના રાષ્ટ્રપતિએ ફગાવ્યો




પેજ 10


**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 84675.08 ▼ | 020.46 |
| નિફ્ટી | 25938.85 ▼ | 003.25 |
| સોનું | 136471.00 ▲ | 1529.00 |
| ચાંદી | 248190.00 ▲ | 23761.00 |

## GDP $4.18 ટ્રિલિયન સુધી પહોંચી ગયું છે, અને સરકારને આશા છે કે ભારત ટૂંક સમયમાં જર્મનીને પાછળ છોડી દેશે

# જાપાનને પાછળ પાડી ભારત $ 4.18 ટ્રિલિયનની ચોથી સૌથી મોટી ઈકોનોમી

(એજન્સી) નવી દિલ્હી | તા.30

ભારત માટે આર્થિક ક્ષેત્રે ગૌરવપૂર્ણ સિદ્ધિ સામે આવી છે. સરકારી આંકડાઓ મુજબ, ભારતે જાપાનને પાછળ છોડીને વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે પોતાનું સ્થાન મજબૂત કર્યું છે. 4.18 ટ્રિલિયન ડોલરની કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) સાથે ભારત હવે વૈશ્વિક આર્થિક શક્તિ તરીકે વધુ મજબૂત બની રહ્યું છે. આ મહત્વપૂર્ણ સિદ્ધિ બાદ હવે ભારતનું લક્ષ્ય જર્મનીને પાછળ છોડીને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનું છે. આ હેતુ 2030 સુધી પ્રાપ્ત થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હાલ વિશ્વમાં અમેરિકા પ્રથમ અને ચીન બીજા ક્રમે છે, જ્યારે ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે.



### નવા વર્ષ પહેલા ભારતનો 'મહા-ધમાકો'!

**મજબૂત GDP વૃદ્ધિએ વધાર્યો આત્મવિશ્વાસ**

વિત્ત વર્ષ 2025-26ની બીજી ત્રિમાસિક દરમિયાન ભારતની રિયલ GDP વૃદ્ધિ 8.2 ટકા નોંધાઈ છે. આ વૃદ્ધિ અગાઉની ત્રિમાસિકોની તુલનામાં વધુ મજબૂત છે. પ્રથમ ત્રિમાસિકમાં 7.8 ટકા અને ગયા વિત્ત વર્ષની ચોથી ત્રિમાસિકમાં 7.4 ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. આ આંકડાઓ દર્શાવે છે કે વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે પણ ભારતીય અર્થવ્યવસ્થા સતત મજબૂત બની રહી છે.

**ઘરેલું માંગ અને ખાનગી વપરાશે આપી ગતિ**

ભારતની આ આર્થિક પ્રગતિ પાછળ મજબૂત ઘરેલું માંગ અને ખાનગી વપરાશનું મહત્વપૂર્ણ યોગદાન છે. સરકાર અનુસાર, દેશમાં બેરોજગારીમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે અને મોંઘવારી પણ નિયંત્રિત સ્તરે છે, જે અર્થવ્યવસ્થાને સ્થિર આધાર આપે છે.

**વૈશ્વિક સંસ્થાઓનો પણ વિશ્વાસ**

ભારતીય અર્થવ્યવસ્થાની વૃદ્ધિને લઈ વર્લ્ડ બેંક, આંતરરાષ્ટ્રીય નાણાંકોશ (IMF) અને મૂડીઝ જેવી પ્રતિષ્ઠિત વૈશ્વિક સંસ્થાઓએ પણ સકારાત્મક અભિપ્રાય વ્યક્ત કર્યો છે. સાથે જ એશિયન ડેવલપમેન્ટ બેંકે 2025 માટે ભારતની આર્થિક વૃદ્ધિનો અંદાજ વધારીને 7.2 ટકા કર્યો છે, જે ભારતના તેજસ્વી આર્થિક ભવિષ્ય તરફ ઈશારો કરે છે. ભારતીય રિઝર્વ બેંક (RBI) એ પણ આ નાણાકીય વર્ષ માટે વૃદ્ધિનો અંદાજ વધારીને 7.3% કર્યો છે.

## નવા વર્ષે રેલવેએ આપી ભેટ હવે ટ્રેનના મુસાફરોને સસ્તામાં પડશે ટિકિટ



(એજન્સી) નવી દિલ્હી | તા.30

ભારતીય રેલવેએ નવા વર્ષ નિમિત્તે સામાન્ય વર્ગના મુસાફરો માટે એક મોટી જાહેરાત કરી છે. રેલ મંત્રાલયના નવા નિર્ણય મુજબ, હવે જનરલ કોચમાં મુસાફરી કરતા મુસાફરો જો ઓનલાઈન ટિકિટ બુક કરાવશે, તો તેમને ટિકિટના ભાડામાં સીધુ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. આગામી 14 જાન્યુઆરી-2026થી 'RailOne' એપ દ્વારા જનરલ ટિકિટ બુક કરાવવા પર મુસાફરોને ત્રણ ટકાની વિશેષ છૂટ મળશે.

રેલ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, આ ડિસ્કાઉન્ટ ઓફર પ્રાયોગિક ધોરણે છ મહિના માટે લાગુ કરવામાં આવી છે. આ ઓફરની શરૂઆત 14 જાન્યુઆરી-2026થી થશે અને તેની અંતિમ તારીખ 14 જુલાઈ-2026 નક્કી કરવામાં આવી છે.

**કોઈપણ ડિજિટલ પેમેન્ટ પર મળશે સીધુ ડિસ્કાઉન્ટ**

રેલવેમાં માત્ર 'આર-વોલેટ' દ્વારા પેમેન્ટ કરવા પર જ ત્રણ ટકા કેશબેક મળતું હતું. જોકે, નવા નિયમ મુજબ હવે મુસાફરો કોઈપણ ડિજિટલ માધ્યમ જેવા કે UPI, ડેબિટ/ક્રેડિટ કાર્ડ અથવા નેટ બેંકિંગ દ્વારા પેમેન્ટ કરશે તો સીધુ ત્રણ ટકા ડિસ્કાઉન્ટ ટિકિટના ભાવમાં મળી જશે.

**ડિજિટલ બુકિંગને પ્રોત્સાહન આપવાનો મુખ્ય હેતુ**

રેલવેના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ યોજના પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ટિકિટ બારીઓ પર થતી ભીડને ઓછી કરવાનો અને વધુમાં વધુ લોકોને ડિજિટલ ટ્રાન્ઝેક્શન તરફ વાળવાનો છે. આ વિશેષ છૂટ માત્ર 'RailOne' એપ પર જ ઉપલબ્ધ રહેશે, અન્ય કોઈ પ્લેટફોર્મ પર નહીં.

# બજેટ 2026 પર ચર્ચા... PM મોદીએ નીતિ આયોગના અર્થશાસ્ત્રીઓ સાથે બેઠક કરી



(એજન્સી) નવી દિલ્હી | તા.30

મંગળવારે નીતિ આયોગમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અર્થશાસ્ત્રીઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ભારતના આગામી કેન્દ્રીય બજેટ માટેની તૈયારીઓ અને મુખ્ય આર્થિક પ્રાથમિકતાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. માલસામાનની નિકાસને વેગ આપવા અને સેવાઓની નિકાસમાં વૈવિધ્ય લાવવા માટેની વ્યૂહરચનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, અને ભારતની વૈશ્વિક વેપાર હાજરીને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. અર્થશાસ્ત્રીઓએ સરકારને વૃદ્ધિ અને રોકાણને ટેકો આપવા માટે આગામી કેન્દ્રીય બજેટમાં મૂડી ખર્ચ વધારવાની નીતિ ચાલુ રાખવા વિનંતી કરી હતી. તેમણે માળખાકીય સુધારાઓના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે રોકાણને વેગ આપવા અને ઉત્પાદકતા વધારવા માટે જમીન સુધારા સહિત અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. બેઠકમાં વધતા ઘરેલું દેવા અને ઘરેલું બચત વધારવાની જરૂરિયાત સંબંધિત ઉભરતી ચિંતાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

**પીએમ મોદીએ અર્થતંત્ર વિશે શું કહ્યું?**

આ ચર્ચા સરકારના વ્યાપક 2025 સુધારા એજન્ડા સાથે સુસંગત છે, જે અર્થતંત્રને આધુનિક બનાવવા, કર માળખાને સરળ બનાવવા અને બજારની પહોંચ વધારવા પર ભાર મૂકે છે. પીએમએ આ પગલાંઓને આધુનિક, રોકાણકાર-મૈત્રીપૂર્ણ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક અર્થતંત્ર બનાવવાના ભારતના મિશનના ભાગ રૂપે વર્ણવ્યા હતા. અગાઉ, પીએમના સોશિયલ મીડિયા હેન્ડલ પર એક પોસ્ટ પ્રકાશિત થઈ હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે ભારત સુધારાના માર્ગ પર છે. 2025 માં વિવિધ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ સુધારા જોવા મળ્યા છે, જે આપણી વિકાસ યાત્રાને વેગ આપે છે. આ સુધારાઓ વિકસિત ભારત બનાવવાના આપણા પ્રયાસોને પણ મજબૂત બનાવશે.

**બજેટમાં વિઝન 2047 પર ભાર મૂકવામાં આવ્યો છે :** વડાપ્રધાનએ વૈશ્વિક ક્ષમતાઓનું નિર્માણ કરવા અને વૈશ્વિક એકીકરણ પ્રાપ્ત કરવા માટે મિશન-આધારિત સુધારાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો. લાંબા ગાળાના વિકાસને ટકાવી રાખવા માટે, પ્રધાનમંત્રીએ વિવિધ ક્ષેત્રોમાં મિશન-આધારિત સુધારાઓ માટે હાકલ કરી. તેમણે ભાર મૂક્યો કે ભારતની નીતિનિર્માણ અને બજેટ વિઝન 2047 દ્વારા સંચાલિત થવું જોઈએ. તેમણે એ પણ સુનિશ્ચિત કરવાની જરૂરિયાત વિશે વાત કરી કે દેશ વૈશ્વિક કાર્યબળ અને આંતરરાષ્ટ્રીય બજારો માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર રહે.

**ચર્ચાનો મુખ્ય વિષય શું હતો? :** ચર્ચા દરમિયાન, અર્થશાસ્ત્રીઓએ ઉત્પાદન અને સેવા ક્ષેત્રોમાં ઉત્પાદકતા અને સ્પર્ધાત્મકતા વધારવા પર વ્યૂહાત્મક આંતરદૃષ્ટિ શેર કરી. ચર્ચાનો મુખ્ય વિષય સ્થાનિક બચતમાં વધારો, મજબૂત માળખાકીય વિકાસ અને અદ્યતન ટેકનોલોજી અપનાવીને માળખાકીય પરિવર્તનને વેગ આપવાનો હતો. જૂથે આંતર-ક્ષેત્રીય ઉત્પાદકતાના ચાલક તરીકે કૃત્રિમ બુદ્ધિ (AI) ની ભૂમિકાની શોધ કરી અને ભારતના ડિજિટલ જાહેર માળખાકીય માળખા (DPI) ના સતત વિસ્તરણ અંગે ચર્ચા કરી. બેઠકમાં નિષ્ણાતોએ જણાવ્યું હતું કે 2025 માં હાથ ધરવામાં આવેલા અભૂતપૂર્વ આંતર-ક્ષેત્રીય સુધારાઓ અને આગામી વર્ષમાં તેમના વધુ મજબૂતીકરણથી ખાતરી થશે કે ભારત તેના પાયાને મજબૂત કરીને અને નવી તકો ખોલીને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક તરીકે તેનો માર્ગ ચાલુ રાખશે.



## ખાલિદા ઝિયાના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા જયશંકર ઢાકા જશે

(એજન્સી) નવી દિલ્હી | તા.30

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન અને BNPના વડા બેગમ ખાલિદા ઝિયાનું 80 વર્ષની વયે નિધન થયું છે. પડોશી દેશમાં ચાલી રહેલા રાજકીય તણાવ વચ્ચે ભારત સરકાર તરફથી એક મોટો સંદેશ આપવામાં આવ્યો છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર ખાલિદા ઝિયાના અંતિમ સંસ્કારમાં સામેલ થશે. ખાલિદા ઝિયા છેલ્લા લાંબા સમયથી લિવરની બીમારી, ડાયાબિટીસ અને હૃદય રોગ જેવી ગંભીર સમસ્યાઓથી પીડાતા હતા અને હૉસ્પિટલમાં સારવાર હેઠળ હતા. BNPએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર માહિતી આપી હતી કે આજે ફજરની નમાઝ બાદ સવારે 6 વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના અવસાનથી બાંગ્લાદેશમાં એક રાજકીય યુગનો અંત આવ્યો છે. નોંધનીય છે કે ખાલિદા ઝિયાને લીવર, ડાયાબિટીસ તથા હૃદય રોગની બીમારી હતી.

## દિલ્હી માટે ડિસે.-2025 'ગૂંગળામણ' વાળો રહ્યો

(એજન્સી) નવી દિલ્હી | રાષ્ટ્રીય રાજધાની દિલ્હી હાલમાં વાયુ પ્રદૂષણના ખતરનાક સ્તરનો સામનો કરી રહી છે. દરમિયાન, દિલ્હી સરકારે પ્રદૂષણનો સામનો કરવા માટે ટેકનોલોજી આધારિત, વર્ષભર ચાલતી વ્યૂહરચના પર કામ શરૂ કર્યું છે. AI અને ડેટા-સંચાલિત પ્રણાલીઓનો ઉપયોગ કરવા માટે IIT કાનપુર સાથે સહયોગની શોધ કરવામાં આવી રહી છે. પર્યાવરણ મંત્રી મનજિન્દર સિંહ સિરસાના જણાવ્યા અનુસાર, આ પહેલનો હેતુ સૂક્ષ્મ સ્તરે પ્રદૂષણના સ્ત્રોતોને ઓળખવાનો છે, જેનાથી સચોટ અને અસરકારક કાર્યવાહી શક્ય બનશે. આ યોજના શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રદૂષણના કારણો ઓળખવા માટે હાઈપર-લોકલ સ્ત્રોત ફાળવણી, રીઅલ-ટાઈમ સેન્સર મોનિટરિંગ અને સેટેલાઈટ ડેટાનો ઉપયોગ કરશે.

# ભારત-પાકિસ્તાન વચ્ચે 2026માં 'સશસ્ત્ર સંઘર્ષ'ની આશંકા

(એજન્સી) નવી દિલ્હી | તા.30

દુનિયાભરમાં શાંતિના પ્રયાસો વચ્ચે દક્ષિણ એશિયા માટે એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અમેરિકાની પ્રતિષ્ઠિત થિંક ટેન્ક 'કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સ' (CFR) એ તેના વાર્ષિક રિપોર્ટ 'કોન્ફ્લિક્ટ ટુ વૉચ ઈન 2026'માં ભવિષ્યવાણી કરી છે કે આગામી વર્ષે ભારત અને પાકિસ્તાન વચ્ચે ફરી એકવાર યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. ભારત જ નહીં, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે પણ સરહદી સંઘર્ષ વધવાની પ્રબળ શક્યતા જોવામાં આવી રહી છે. આ રિપોર્ટ અનુસાર, ભારત અને પાકિસ્તાન વચ્ચે 'સશસ્ત્ર સંઘર્ષ'ની શક્યતા 'મધ્યમ' શ્રેણીમાં રખાઈ છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે કાશ્મીરમાં વધતી આતંકવાદી ગતિવિધિ અને સરહદ પારથી થતા હુમલા- બંને પરમાણુ સંપન્ન પાડોશી દેશોને લશ્કરી સંઘર્ષ તરફ ધકેલી શકે છે.

### અમેરિકન થિંક ટેન્કના રિપોર્ટમાં દાવો

**આ રિપોર્ટમાં મે મહિનાના 'મિની યુદ્ધ'નો પણ ઉલ્લેખ**

મે 2025માં ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસ સુધી યુદ્ધ ખેલાયું હતું. આ દરમિયાન બંને દેશે એકબીજા પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા. આ રિપોર્ટમાં તેને 'મિની યુદ્ધ' ગણાવાયું છે. પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા હુમલા બાદ ભારતે પાકિસ્તાનના PoK માં આતંકવાદી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નષ્ટ કરવા માટે 'ઓપરેશન સિંદૂર' હાથ ધર્યું હતું.



**રિપોર્ટનો નિષ્કર્ષ: રોકાણકારો અને વ્યૂહનીતિકારો માટે ચેતવણી**

રિપોર્ટ અમેરિકન વિદેશ નીતિના નિષ્ણાતોના સર્વેના આધારે તૈયાર કરાયો છે. રિપોર્ટમાં ચેતવણી અપાઈ છે કે, જો બંને દેશ દ્વારા સમયસર પગલાં લેવામાં નહીં આવે, તો દ. એશિયામાં રાજકીય અસ્થિરતા વધી શકે છે, જેની અસર વૈશ્વિક અર્થતંત્ર અને સુરક્ષા પર પણ પડશે. ભારતે આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવાનું નક્કી કર્યું છે.

### ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધની કેટલી શક્યતા?

**પાકિસ્તાન માટે બેવડો ખતરો સર્જાશે તેવા પણ સંકેત**

જો સરહદ પારનો આતંકવાદ નહીં અટકે, તો આ થિંક ટેન્કની આશંકા હકીકતમાં બદલાતા વાર નહીં લાગે. પાડોશી દેશોની કથળેલી આર્થિક સ્થિતિ અને આંતરિક ખેંચતાણ આ સંઘર્ષમાં 'ઘી હોમવાનું' કામ કરી શકે છે. એટલું જ નહીં, આ રિપોર્ટમાં પાકિસ્તાન માટે બેવડો ખતરો સર્જાશે તેવા પણ સંકેત અપાયા છે. પાકિસ્તાન એક તરફ ભારત સાથે તણાવ સર્જી રહ્યું છે.

## UPનું SIRનું ડ્રાફ્ટ લિસ્ટ 6 જાન્યુઆરીએ આવશે

(એજન્સી) નવી દિલ્હી | ભારતીય ચૂંટણી પંચે ઉત્તરપ્રદેશમાં 'SIR' કાર્યક્રમની સમયમર્યાદામાં મહત્વપૂર્ણ સુધારો કર્યો છે. જે મુજબ હવે 1 જાન્યુઆરી 2026ના આધાર પર તૈયાર કરવામાં આવી રહેલી મતદારોની યાદી માટે હવે નવી તારીખની જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણી પંચે જણાવ્યું કે તારીખમાં આ ફેરફાર કરવાનો ઉદ્દેશ્ય મતદારોની યાદીને વધુ સટીક, પારદર્શી અને ત્રૂટીહીન બનાવવાનો છે. ચૂંટણી પંચ મુજબ હવે ડ્રાફ્ટ વોટર લિસ્ટ 6 જાન્યુઆરી 2026એ જાહેર કરવામાં આવશે. ડ્રાફ્ટ લિસ્ટ જાહેર થયા બાદ મતદાર પોતાના નામ, સરનામું અને અન્ય વિગતોની તપાસ કરી શકશે. આ સાથે જ સુધારેલા કાર્યક્રમ હેઠળ દાવા અને વાંધા દાખલ કરવાનો સમય 6 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી 2026 સુધી નક્કી કરવામાં આવ્યો છે.

# ભારતે ગ્રીન એનર્જી ઉત્પાદનમાં રેકોર્ડ બનાવ્યો, રાજસ્થાન અને ગુજરાતનો સૌથી વધુ ફાળો

(એજન્સી) નવી દિલ્હી | તા.30

૨૦૨૫ ભારતીય નવીનીકરણીય ઉર્જા ક્ષેત્ર માટે એક સીમાચિહ્નરૂપ વર્ષ સાબિત થયું છે. આ વર્ષે ગ્રીડમાં ઉમેરવામાં આવેલી નવી વીજ ક્ષમતા સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી છે. જોકે અંતિમ આંકડા જાન્યુઆરી ૨૦૨૬ ની શરૂઆતમાં ઉપલબ્ધ થશે, ૨૦૨૫ ના પ્રથમ ૧૧ મહિનામાં દેશનું ગ્રીન એનર્જી ઉત્પાદન ૪૪.૫ ગીગાવોટ (GW) સુધી પહોંચી ગયું છે, જેમાં મોટા હાઈડ્રો પ્રોજેક્ટ્સનો પણ સમાવેશ થાય છે. આ વધારામાં સૌર ઉર્જાનો સૌથી મોટો ફાળો છે. ૨૦૨૪ માં, આ આંકડો આશરે ૨૮.૭ ગીગાવોટ હતો, જેમાં મોટા હાઈડ્રો પાવર ઉત્પાદનનો પણ સમાવેશ થાય છે.



**આ ટોચના રાજ્યો છે**

૨૦૨૫ માં ઉમેરાયેલા ૩૫ ગીગાવોટ સૌર ઊર્જામાંથી, આશરે ૨૭ ગીગાવોટ ગ્રાઉન્ડ-માઉન્ટેડ સોલારમાંથી, ૭ ગીગાવોટ રૂફટોપ સોલારમાંથી અને આશરે ૧ ગીગાવોટ હાઈબ્રિડ પ્રોજેક્ટ્સમાંથી આવ્યું હતું, જ્યારે બાકીની ક્ષમતા ઓફ-ગ્રીડ સોલારમાંથી હતી. રાજસ્થાન (૩૭ ગીગાવોટ), ગુજરાત (૨૫ ગીગાવોટ), મહારાષ્ટ્ર (૧૭ ગીગાવોટ) અને તમિલનાડુ (૧૨ ગીગાવોટ) સૌર ઊર્જા ક્ષમતાની દ્રષ્ટિએ ટોચના રાજ્યો છે.

**સસ્તું અને નફાકારક ટેકનોલોજી**

IEEFA મુજબ, આશરે 135 GW વધારાની નવીનીકરણીય ક્ષમતા હાલમાં બાંધકામ હેઠળ છે અથવા ટેન્ડર પ્રક્રિયામાં છે. વીજળીના દરો ખૂબ જ સ્પર્ધાત્મક રહે છે. યુટિલિટી-સ્કેલ સોલાર માટે રેકોર્ડ ઓછી બિડ 2.44 થી 2.55 પ્રતિ યુનિટ ($2931 પ્રતિ MWh) સુધીની છે, જે દર્શાવે છે કે સ્વચ્છ ઉર્જા ટેકનોલોજી સસ્તું અને નફાકારક રહે છે.



**પવન ઊર્જા ક્ષેત્રમાં વૃદ્ધિ :** જાન્યુઆરી અને નવેમ્બર ૨૦૨૫ ની વચ્ચે, પવન ઊર્જા ક્ષેત્રે લગભગ ૬ ગીગાવોટ નવી ક્ષમતા ઉમેરી, જે તાજેતરના વર્ષોમાં સૌથી વધુ છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે મંદી પછી આ ક્ષેત્ર મજબૂત પુનરાગમન કરી રહ્યું છે. નવેમ્બર ૨૦૨૫ સુધીમાં, ભારતની કુલ સ્થાપિત નવીનીકરણીય ઊર્જા ક્ષમતા ૨૫૪ ગીગાવોટ સુધી પહોંચી ગઈ. આમાં સૌર ઊર્જા ૧૩૩ ગીગાવોટ, પવન ૫૪ ગીગાવોટ, બાયોએનર્જી ૧૧ ગીગાવોટ, નાના હાઈડ્રો ૫ ગીગાવોટ અને મોટા હાઈડ્રો ૫૦ ગીગાવોટ (પમ્પ્ડ સ્ટોરેજ સહિત)નો સમાવેશ થાય છે. આ માહિતી કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયના ડેટા પર આધારિત છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારૂ સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમારી જીભ પર કાબૂ રાખો.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારૂ શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્ત્રોત બનશે.

**મિથુન : ક. છ. ઘ.**

ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે.

**કર્ક : ડ. હ.**

ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે.

**સિંહ : મ. ટ.**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારૂ મગજ સારી બાબતોને સ્વીકારશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો તમારી પત્નીની સિદ્ધિને બિરદાવો અને તેની સફળતા અને સારા ભાગ્યનો આનંદ માણો.

**તુલા : ર. ત.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે.

**વૃશ્ચિક : ન. ય.**

કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે .

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**મકર : ખ. જ.**

બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.

નડિયાદ એસિડ એટેક સજા

# પડોશી પર એસિડ ફેંકનાર મહિલાને 5 વર્ષની સખત કેદ



નડિયાદ: ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ઢુણાદરા તાબે નાખુટી ગામે બે વર્ષ પહેલાં થયેલા ચકચારી એસિડ હુમલાના કેસમાં નડિયાદની અદાલતે મહત્વનો ચુકાદો આપ્યો છે. બાળકોના રમવા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારમાં પડોશી પર એસિડ ફેંકનાર મહિલા આરોપી સપનાબેન ઝાલાને કોર્ટે કસૂરવાર ઠેરવી 5 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. 'નડિયાદ એસિડ એટેક સજા'ના આ ચુકાદાથી કાયદાનું શાસન વધુ મજબૂત બન્યું છે.

04 ડિસેમ્બર 2023ના રોજ રાત્રિના સમયે ગુણવંતસિંહ મહેન્દ્રસિંહ ઝાલા અને પડોશી વિક્રમસિંહ સામંતસિંહ ઝાલા વચ્ચે બાળકોના રમવા બાબતે બોલાચાલી થઈ હતી. "તમારા છોકરા કેમ અમારા ઘર બાજુ રમવા આવે છે?" તેમ કહીને ગુણવંતસિંહે ઝઘડો શરૂ કર્યો હતો. આ તકરાર ઉગ્ર બનતા ગુણવંતસિંહના પત્ની સપનાબેન ઝાલાએ પ્લાસ્ટિકના ડબલામાં રાખેલું એસિડ લાવીને વિક્રમસિંહ અને અન્ય લોકો પર ફેંક્યું હતું.

આ ક્રૂર હુમલામાં વિક્રમસિંહને કપાળના ભાગે, કરણભાઈને ગાલ પર અને હિતેશભાઈને બરડા તથા માથાના ભાગે એસિડથી ગંભીર દાઝ્યા હોવાથી ઈજાઓ પહોંચી હતી. 'ઢુણાદરા એસિડ હુમલો કેસ'માં ડાકોર પોલીસે ગુનો નોંધી આરોપી મહિલાની ધરપકડ કરી હતી અને પુરાવાઓ સાથે નડિયાદ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.નડિયાદના છઠ્ઠા એડિશનલ સેશન્સ જજની કોર્ટમાં આ કેસ ચાલવા પર આવતા સરકારી વકીલની ધારદાર દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખવામાં આવ્યા હતા. અદાલતે આરોપી સપનાબેન ઝાલાને આઈ.પી.સી. કલમ 326(બી) હેઠળ કસૂરવાર ઠેરવીને નીચે મુજબની સજા ફટકારી છે: 'નડિયાદ સેશન્સ કોર્ટ ચુકાદો' આપતા ન્યાયાધીશે નોંધ્યું હતું કે એસિડ હુમલો એ અત્યંત ઘાતક કૃત્ય છે. આ ચુકાદાને પગલે પંથકમાં ચર્ચા જાગી છે કે પાડોશી સાથેના નાના ઝઘડામાં આવેશમાં આવીને કરવામાં આવતા આવા ગુનાઓનું પરિણામ કેટલું ગંભીર હોઈ શકે છે.

નડિયાદ પશુ ક્રૂરતા ગુનો | પોલીસ અને એનિમલ વોલિયેન્ટરનું સંયુક્ત ઓપરેશન

# વણઝારા ગ્રાઉન્ડમાં 32 ભૂંડો ભરેલા 5 વાહનો ઝડપાયા, પોલીસ ત્રાટકતા જ આરોપીઓ રફુચક્કર

નડિયાદ: ખેડા જિલ્લાના નડિયાદ શહેરમાં પશુઓ પ્રત્યેની ઘોર ક્રૂરતાનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના સરદાર ભવન પાસે આવેલા વણઝારા ગ્રાઉન્ડમાંથી રવિવારની રાત્રે પાંચ વાહનોમાં ખીચોખીચ ભરેલા 32 જેટલા ભૂંડો મળી આવ્યા હતા. પોલીસના પહોંચતા પહેલા જ વાહન ચાલકો સ્થળ પર વાહનો છોડીને નાસી છૂટ્યા હતા. 'નડિયાદ પશુ ક્રૂરતા ગુનો' નોંધીને પોલીસે તમામ વાહનો જપ્ત કર્યા છે.અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા અને એનિમલ વેલ્ફેર એનજીઓના વોલિયેન્ટર સમીરભાઈ ગજ્જર રવિવારે રાત્રે વડોદરાથી અમદાવાદ જઈ રહ્યા હતા. આ દરમિયાન તેમને બાતમી મળી હતી કે વણઝારા ગ્રાઉન્ડમાં



પશુઓ ભરેલા વાહનો ઉભા છે. તેમણે તુરંત જ '112 જનરક્ષક વાન' ને જાણ કરી હતી, જેના આધારે નડિયાદ ટાઉન પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. તપાસ દરમિયાન ગ્રાઉન્ડમાં ચાર પિકઅપ ડાલા અને એક અતુલ શક્તિ ટેમ્પો મળી આવ્યા હતા. આ વાહનોમાં કુલ 32 ભૂંડોને નેટ (જાળી) થી હલનચલન ન કરી શકે તે રીતે અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધીને રાખવામાં આવ્યા હતા. 'ભૂંડ ભરેલા વાહનો ઝડપાયા' ત્યારે તેમાં પશુઓ માટે ઘાસચારા કે પાણીની કોઈ જ વ્યવસ્થા ન હતી. વધુમાં, વાડામાંથી પણ બે ભૂંડ બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા. નડિયાદ ટાઉન પોલીસે સમીરભાઈ ગજ્જરની ફરિયાદના આધારે પાંચેય વાહન ચાલકો સામે પશુ સાચવણી તેમજ પશુઓ પ્રત્યે ક્રૂરતા અધિનિયમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસે તમામ વાહનો અને પશુઓને કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે. આ પશુઓને ક્યાંથી લાવવામાં આવ્યા હતા અને ક્યાં લઈ જવાના હતા તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.

# ભાવનગર અને બોટાદમાંથી દારૂની 88 બોટલ ઝડપાઈ

ભાવનગર : ભાવનગર શહેરમાં બોરતળાવ પોલીસે દરોડો પાડી વિદેશી દારૂની ૩૦ બોટલ રૂ.૮૬૪૦ નો મુદ્દા માલ કબજે લીધો હતો, જ્યારે ઈસમ ફરાર થઈ ગયો હતો. તેમજ ઘોઘા રોડ પોલીસે અલગ-અલગ ત્રણ સ્થળોએ દરોડા કરી વિદેશી દારૂની નવ બોટલ રૂ.૯૬૦નો મુદ્દા માલ કબજે લીધો હતો, જ્યારે દરોડા દરમિયાન એક શખ્સ પકડાયો હતો અને બે ઈસમો ફરાર થઈ ગયા હતા. જ્યારે જિલ્લાના તળાજા તાલુકાના વેળાવદર ગામના બસ સ્ટેશન પાસેથી તળાજા પોલીસે બાતમીના આધારે દિલિપસિંહ દોલતસિંહ વાજાને દારૂની ૩૦ બોટલ સાથે ઝડપી લઈ પુછપરછ કરતા તેને દારૂનો આ જથ્થો અમીત અરવિંદભાઈ ડોડીયા આપી ગયો હોવાની કબૂલાત આપતા બન્ને સામે ગુનો નોંધ્યો હતો. જ્યારે સોનગઢ સરકારી દવાખાના પાસે ભુતીયા મકાન તરીકે ઓળખાતા મકાન પાસેથી ચેતન પંકજભાઈ મકવાણાને દારૂની ૧૧ બોટલ સાથે સોનગઢ પોલીસે ઝડપી લઈ ગુનો નોંધ્યો છે.

પેન્શન સામે વિરોધ: સન્માનજનક જીવન જીવવા માટે સરકાર પાસે મોટી અપેક્ષા

# EPS-95 પેન્શન વધારો આંદોલન: ભાવનગરમાં પેન્શનરોએ કેન્દ્રીય મંત્રીના કાર્યાલયે કર્યા ધરણા, ₹7500 પેન્શનની માંગ

ભાવનગર: દેશભરમાં EPS-95 (એમ્પ્લોઈઝ પેન્શન સ્કીમ) હેઠળ આવતા નિવૃત્ત કર્મચારીઓની હાલત કફોડી બની રહી છે. ભાવનગરમાં આજે સોમવારે પેન્શનરોએ પોતાની પડતર માંગણીઓ સાથે 'EPS-95 પેન્શન વધારો આંદોલન' તેજ કર્યું છે. પેન્શનરોએ એકઠા થઈને ભાવનગરના મહિલા સાંસદ અને કેન્દ્રીય મંત્રીના કાર્યાલય ખાતે ધરણા યોજી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.'ભાવનગર પેન્શનરો ધરણા પ્રદર્શન' દરમિયાન નિવૃત્ત કર્મચારીઓએ જણાવ્યું હતું કે, હાલમાં તેમને માસિક માત્ર 500 થી 2300 જેટલું જ પેન્શન મળી રહ્યું છે. આજના મોંઘવારીના યુગમાં આ રકમથી ઘરનું ગુજરાન ચલાવવું કે દવાઓનો ખર્ચ કાઢવો અશક્ય છે. દેશના કુલ 78 લાખ પેન્શનરોને અન્યાય થઈ રહ્યો હોવાની લાગણી સાથે તેમણે સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

## મુખ્ય માંગણીઓ પર એક નજર

પેન્શનરોએ આવેદનપત્ર આપીને નીચે મુજબની માંગણીઓ રજૂ કરી છે:લઘુત્તમ માસિક પેન્શન વધારીને 7,500 કરવામાં આવે.પેન્શનની રકમ સાથે મોંઘવારી ભથ્થું (DA) જોડવામાં આવે.તમામ નિવૃત્ત કર્મચારીઓ અને તેમના જીવનસાથીને મફત મેડિકલ સુવિધા પૂરી પાડવામાં આવે.પેન્શનરોએ દુઃખ સાથે જણાવ્યું હતું કે, નોકરી દરમિયાન તેમણે પોતાની સેલરીમાંથી દર મહિને 417 થી લઈને 1200 સુધીની રકમ પેન્શન ફંડમાં જમા કરાવી હતી. નિવૃત્તિ પછીનું જીવન સુખરૂપ પસાર થાય તે આશાએ આ રોકાણ કર્યું હતું, પરંતુ અત્યારે મળતું પેન્શન મજાક સમાન છે. ભાવનગરના પેન્શનરોએ ચીમકી આપી છે કે જો સરકાર સત્વરે યોગ્ય નિર્ણય નહીં લે તો આગામી સમયમાં આ લડાઈ વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

# ટીવીએસ મોટર કંપનીએ કમર્શિયલ મોબિલિટી ગ્રાહકો માટે ધિરાણ ઉકેલોને મજબૂત કરવા મનબા ફાઈનાન્સ લિમિટેડ સાથે ભાગીદારી કરી

અમદાવાદ : વૈશ્વિક સ્તરે અગ્રણી ટુ અને થ્રી-વ્હીલર નિર્માતા ટીવીએસ મોટર કંપનીએ તેના કમર્શિયલ મોબિલિટી પોર્ટફોલિયો માટે રિટેઇલ ધિરાણ ઉકેલો પ્રદાન કરવા માટે મનબા ફાઈનાન્સ લિમિટેડ સાથે સમજૂતી કરાર (એમઓયુ) ઉપર હસ્તાક્ષર કર્યાં છે. આ વ્યૂહાત્મક ભાગીદારીનો ઉદ્દેશ્ય સમગ્ર ભારતમાં ગ્રાહકોને વાહન પરવડે તથા સ્ટ્રક્ચર્ડ ફાઈનાન્સિંગની ઉપલબ્ધતામાં સુધારો કરવાનો છે.આ કરાર હેઠળ મનબા ફાઈનાન્સ લિમિટેડ ટીવીએસ કમર્શિયલ મોબિલિટી વ્હીકલ્સની સમગ્ર શ્રેણી ઉપર માસિક ઈએમઆઈ-આધારિત ધિરાણ ઉકેલો પ્રદાન કરશે, જેમાં ઈન્ટર્નલ કમ્બશન એન્જિન (આઈસીઈ) અને ઈલેક્ટ્રીક વ્હીકલ (ઈવી) મોડલ સહિત પેસેન્જર અને કાર્ગો થ્રી-વ્હીલર્સને આવરી લેવાશે.આ સહયોગ સ્પર્ધાત્મક ફંડિંગ સ્કીમ ઓફર કરીને, લોન પ્રોસેસિંગ માટે ટર્નઅરાઉન્ડ ટાઈમ (ટીએટી) ઘટાડીને તથા ગ્રામીણ અને અર્ધ-શહેરી માર્કેટમાં વધુ પહોંચ દ્વારા ટીવીએસ કમર્શિયલ મોબિલિટીની ઈકોસિસ્ટમને મજબૂત કરવા ડિઝાઈન કરાયો છે. ધિરાણની ઉપલબ્ધતા સરળ બનાવતાં આ ભાગીદારીનો ઉદ્દેશ્ય લાસ્ટ-માઈલ આંત્રપ્રિન્યોરને સપોર્ટ કરવાનો તથા ફ્લીટ ઓપરેટર્સને તેમના બિઝનેસમાં વધારો કરવામાં મદદરૂપ બનવાનો છે.

120 ભાડુઆતને 3 દિવસમાં મકાન ખાલી કરવા નોટિસ આપી હતી, 74 આવાસ માલિકે ભાડે નહીં આપવાની બાહેધરી આપી

# સુભાષનગરની આવાસ યોજનામાં 46 મકાનને મહાપાલિકાએ સીલ માર્યા

(એજન્સી) ભાવનગર | તા.30

ભાવનગર શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આવાસ ભાડે આપવાનો ધંધો શરૂ થયો છે, જેના કારણે મહાપાલિકાએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે અને આવાસ ભાડે હોય અથવા મૂળ લાભાર્થીના બદલે અન્ય કોઈ રહેતુ હોય તો નોટિસ ફટકારવામાં આવી હતી. આજે સોમવારે મહાપાલિકાની ટીમે ૪૬ મકાનને સીલ મારતા ફફડાટ ફેલાયો છે. ભાવનગર મહાનગરપાલિકાની ટીમ દ્વારા ગત તા. ૨૨ નવેમ્બર-૨૦૨૫ ના રોજ સુભાષનગર, અમીરજી પાર્કમાં ફાઈનલ પ્લોટ નં.૨૯માં આવેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાની બિલ્ડીંગમાં ભાડુઆતોની તપાસ માટે પહોંચી ત્યારે ભાડુઆતોની ભરમાર ભરી હોય તેમ ૩૨૦ આવાસમાંથી ૧૨૦માં ભાડુઆતો રહેતા હોવાનું તેમજ ૧૦૫ મકાનમાં મૂળ લાભાર્થી અને ૯૫ મકાનને તાળા લટકેલા જોવા મળ્યા હતા, જેના પગલે મહાપાલિકાની ટીમે ત્રણ દિવસમાં મકાન ખાલી કરવા નોટિસ ફટકારી હતી. ત્યારબાદ મહાપાલિકાએ



કોઈ કાર્યવાહી કરી ન હતી અને આજે સોમવારે અચાનક મહાપાલિકાની ટીમે કામગીરી હાથ ધરી ૧૨૦ પૈકી ૪૬ મકાનને સીલ મારી દીધા હતા, જેમાં ભાડુઆત તેમજ નોટિસનો જવાબ ન આપ્યો હોય તેવા મકાનનો સમાવેશ થાય છે, જ્યારે ૭૪ આવાસ માલિકે આવાસ ભાડે નહીં આપવાની લેખિત બાહેધરી આપી હતી તેથી તેઓને સીલ મારવામાં આવ્યા ન હોવાનુ જાણવા મળેલ છે. ઉલ્લેખનીય છે કે, ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સરકારની આર્થીક રીતે નબળા વર્ગના ઘરવિહોણા કુટુંબોને પોતાના ઘરનું ઘર મળી રહે તે હેતુ સરની પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અલગ-અલગ સ્થળો પર આવાસોના બાંધકામ કરવામાં આવેલ છે.

JSW MG મોટર ઈન્ડિયાએ તેના EV માટે

# ઉદ્યોગમાં પ્રથમ એવા 'એશ્યોર્ડ બાય બેક પ્રોગ્રામ' ની જાહેરાત કરી

અમદાવાદ : JSW MG મોટર ઈન્ડિયાએ આજે તેના ગ્રાહકો માટે EV ની માલિકી સરળ અને સંપૂર્ણ બનાવવાના હેતુથી આ ઉદ્યોગમાં પ્રથમ એવી પહેલ શરૂ કરવાની જાહેરાત કરી છે. JSW MG મોટર દેશની એવી પ્રથમ કાર-બ્રાન્ડ બની ગઈ છે જે હાલના 3 વર્ષથી 5 વર્ષ સુધી EV માટે ખાતરીપૂર્વક બાય બેક ઓફર કરે છે. આ કાર્યક્રમ ચોક્કસ સમયગાળાના અંતે નિશ્ચિત પુનર્વેચાણ મૂલ્યની ગેરંટી આપીને EV વપરાશકર્તાઓના વિશ્વાસમાં વધારો કરે છે.*આ નવા, અનોખા કાર્યક્રમ સાથે, MG EV માલિકો 3, 4, અથવા 5 વર્ષ પછી ગેરંટીકૃત પુનર્વેચાણ મૂલ્ય મેળવી શકે છે, જે તેઓએ પસંદ કરેલા પ્લાન પર આધાર રાખે છે.* આ કાર્યક્રમ MG મોટરની હાલની ઓફર પર આધારિત છે, જે 3 વર્ષની માલિકી પછી 60% બાય-બેક મૂલ્યની ગેરંટી આપે છે. તે કોઈપણ લોન અથવા ફાઈનાન્સ યોજનાથી સ્વતંત્ર અને અલગ છે. દેશમાં પ્રથમ વખત વાણિજ્યિક MG ZS EV માલિકો 3 વર્ષ સુધીના અથવા વાર્ષિક INR 60,000 સુધીના માઈલેજવાળા વાહનો માટે પુનર્વેચાણ મૂલ્ય લાભો માટે પણ પાત્ર બની શકે છે.

ટ્રેનને મળતા ટ્રાફિક અને મુસાફરોની માંગને ધ્યાને રાખી

# ભાવનગર-બાંદ્રા સાપ્તાહિક સ્પે. ટ્રેન વધુ બે માસ દોડશે

(એજન્સી) ભાવનગર | તા.30

ભાવનગર-બાંદ્રા-ભાવનગર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વધુ બે માસ માટે વિસ્તરાવવામાં આવ્યા છે. પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગણી અને ટ્રેનને મળી રહેલા ટ્રાફિકને ધ્યાનમાં રાખી ભાવનગર-બાંદ્રા સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને વધુ બે માસ સુધી ચલાવવાનો નિર્ણય કરાયો છે. બાંદ્રા ટર્મિનસથી ઉપડતી ટ્રેન હવે ૨૭મી ફેબ્રુઆરી સુધી દોડશે. આ ટ્રેન બાંદ્રાથી સવારે ૯-૩૦ કલાકે પ્રસ્થાન થઈ તે જ દિવસે રાત્રે ૧૧-૪૫ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. તેમજ ભાવનગરથી ઉપડતી ટ્રેન હવે ૨૬મી ફેબ્રુઆરી સુધી વિસ્તરાવવામાં આવી છે. આ ટ્રેન દર ગુરૂવારે બપોરે ૨-૫૦ કલાકે ઉપડી બીજા દિવસે સવારે ૬ વાગ્યે બાંદ્રા પહોંચશે. બન્ને ટ્રેનની ટિકિટ બુકિંગ આવતીકાલ તા.૩૦-૧૨ને મંગળવારથી તમામ પીઆરએસ કાઉન્ટરો, આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે.

# નડિયાદમાં વરસાદી પાણીના નિકાલ માટે 68 કરોડના ખર્ચે નવી સ્લેબ ડ્રેનેજ મંજૂર

નડિયાદ : નડિયાદ શહેરના મધ્યમાં આવેલા અને વર્ષોથી જર્જરિત બનેલા સરદાર ભુવન કોમ્પ્લેક્સની ૪૬ દુકાનો તોડી પાડયા બાદ હવે શહેરના વરસાદી પાણીના નિકાલ માટેના મુખ્ય કાંસને ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સોમવારે કાટમાળ હટાવીને સરદાર પ્રતિમા પાસેનો માર્ગ વાહનવ્યવહાર માટે ખુલ્લો કરાયા બાદ મનપાના અધિકારીઓએ ટેકનિકલ ટીમ સાથે સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં ૧૪ ફૂટ પહોળો અને ૮ ફૂટ ઊંડો કાંસ કચરા અને માટીથી સંપૂર્ણ ભરાઈ ગયો હોવાનું સામે આવ્યું છે. નડિયાદ શહેરના ભૌગોલિક માળખા મુજબ, પૂર્વ ભાગના વરસાદી પાણીના નિકાલ માટે આ સૌથી મહત્વનો કાંસ છે.

# જામફળના પાન પીસીને લેપ મોઢાં પર લગાવવાથી ડાઘ ધબ્બા દૂર થાય છે...





શિયાળું ફળફળાદી
- રુપાલી દવે

આયુર્વેદ અનુસાર શિયાળા માં આવતા ફળ ખાવાથી વર્ષભર તંદુરસ્ત રહેવાય છે. ભારત ને બાદ કરતા દુનિયા ના બધા દેશો માં મોર્નિંગ બ્રેકફાસ્ટ માં ફ્રૂટ હોય છે. ફ્રુટ ને રાતે કે દિવસ દરમિયાન ખાવા કરતા સવાર સવાર માં બ્રેક ફાસ્ટ સાથે ખાવાથી શરીર ને અનેક ફાયદાઓ પ્રાપ્ત થાય છે.શિયાળા માં આવતા ફળો માં વિટામિન સી નું પ્રમાણ વધારે હોય છે.થેપલા શાક કે સાઉથ નું ફૂડ બ્રેક ફાસ્ટ માટે યોગ્ય છે પણ સાથે ઋતુઓ અનુસાર ફ્રૂટ લેવાતા હોય તો બીમારી શરીર ની અંદર પ્રવેશ કરતા ડરશે.ઠંડી ની ઋતુ માં વાળ ખરવા,એલર્જીક શ્વસન ના રોગ શરદી ,ખાંસી, સાઈનસ થવું થતા સ્કિન ને લગતા સ્કિન ડ્રાય થઈ જતા લાલ રેશિસ થવા વગેરે વગેરે સમસ્યા સામાન્ય રીતે જોવા મળતી હોય છે.જામફળ,લીચી,સફરજન, સ્ટ્રોબેરી વગેરે માં ઉપલબ્ધ વિટામિન સી,લાઈપોકિન અને એન્ટી ઓક્સિડન્ટ પ્રચુર માત્રા મા ઉપલબ્ધ હોવા ના લીધે એલર્જી લગતા રોગ થતા નથી.જ્યારે પણ ફ્રુટ ખાવ ત્યારે એને નમક કે ચાટ મસાલા વગર ખાવાનું રાખજો. ખાટા મીઠા ફ્રૂટ માં ઉપલબ્ધ પોષકતત્વની ખાસ વિશેષતા જ એની ખટાશ માં હોય છે. ગુજરાત કે ગુજરાત ના અન્ય સ્ટેટ બધેય તમને રેકડીઓ માં જામફળ ના દર્શન અચૂક થશે.ધાર્મિક સ્થળ ની બહાર પચાસ થી સો રૂપિયા માં વેંચાતી જામફળ ની પ્લેટ ખાધા બાદ પ્રવાસ નો થાક હળવો થઇ ને જશે એટલું નક્કી. ઉજ્જૈન ના કાલ ભૈરવ ની મંદિર ની બહાર ની બાજુ એ લાલ ચટક જામફળ જોતા ભૂલી ગઈ હતી કે ગુજરાત ની બહાર છું. ફેરિયા ને પૂછ્યું કે કેટલા રૂપિયા ની પ્લેટ છે? તો એણે જવાબ વાળતા કીધું હતું કે મેડમ, યે જામફળ હૈ,હમારા યહા કા જમરૂખ વર્લ્ડ બેસ્ટ હૈ ટેસ્ટ કીજીયે..કિતને કી દુ? આપણા મગજ માં "ભાવનગર" ઘૂમતું હતું એટલે ભૂલી ગયા કે એમ.પી ને ગુજરાતી ભાષા સમજાતી નથી. જમરૂખના ફળ ની માફક જ એના પાન પણ પોષકતત્વો થી ભરપુર હોય છે. આયુર્વેદ શાસ્ત્ર એ જમરૂખ ના પાન ને ખાસ જડીબુટ્ટી તરીકે ઉલ્લેખ કર્યો છે.જમરૂખના બીજ થી પથરી થતી હોવાથી બને તો



જમરૂખ બીજ વગર ના ખાવા જોઈએ.

### જામફળમાં ઉપલબ્ધ પોષક તત્વો :

પોષક તત્વો થી ભરપૂર જામફળ માં વિટામિન સી પેકટીન, કેલ્શિયમ,વિપુલ માત્રા મા ફોસ્ફરસ ઉપલબ્ધ હોય છે.

જામફળ ના બી માં તેલ ૫.૧૩% હોય છે એસેન્શિયલ એસિડ પણ પ્રચુર માત્રા મા ઉપલબ્ધ હોય છે.

કોપર,ઝીંક,પોટેશિયમ,ડાયટરી ફાઈબર અને કાર્બોહાઈડ્રેડ વગેરે તત્વો પણ ઉપલબ્ધ હોય છે.

### જામફળ ના પાન ના ઘર ગથ્થુ ઉપાયો :

જામફળ ના પાન તાજા પીસી ને કરેલ લેપ મોઢાં પર લગાવવવા થી ખીલ,ફુલસી,ડાઘ ધબ્બા દૂર થઈ જાય છે.

જામફળ ના પાંદડા ને પાણી માં ઉકાળી ને ઠંડુ પડતા એ પાણી થી માથું ધોવાથી માથા પરનો ખોડો દૂર થાય છે અને ખરતા વાળ માં ચમત્કારિક રાહત મળે છે.

જો તમે અવાર નવાર બીમાર પડ્યા કરો છો તો જામફળ ના તાજા ચાર પાંચ પાન ધોઈને સારી રીતે ચાવી જવાથી સમસ્યા દૂર થશે.

રોજ સવારે નયણા કોઠે જામફળ ના ચાર પાંચ તાજા પાન ચાવી જવાથી એસિડિટી અને કબજિયાત જેવા રોગ માં રાહત થાય છે.

ડેન્ગ્યુ ના દર્દીઓ ને પ્લેટલેટ્સ માં વધારો થતો ન હોય તો જામફળ ના પાન વાટી ને એનો રસ પીવડાવા થી પ્લેટલેટ્સ ઝડપ થી વધવા લાગશે.

મોઢા માં છાલા કે ચાંદા પડ્યા હોય ને બળતરા થતી હોય તો જમરૂખ ના પાન ના રસ નું સેવન બે વખત કરવું.

જમરૂખ ના પાન માં ક્યુસર્ટીન નામનું પૌષ્ટિક તત્વ હોવાથી મસલ્સ નો દુખાવો ઘટાડી ને એને મજબૂતી આપે છે.

જમરૂખ ની માફક જ શિયાળા માં બજાર માં આવતા લાલ પીળા પપૈયા એ હેલ્થ માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે.ભૂખ્યા પેટે પપૈયું ખાવાથી શરીર ના રોગો થી લઈને વજન પર પણ કાબુ મેળવી શકાય છે. પપૈયા માં વિટામિન સી,વિટામિન એ, પેપાઈન,નિયાસિન ,મેગ્નેશિયમ, ફોલેટ, કેલ્શિયમ,કોપર અને ફાઈબર નામના પોષકતત્વો ભરપૂર માત્રામાં ઉપલબ્ધ હોય છે.

### ફાયદાઓ :

૧ પપૈયા ની અંદર ઉપલબ્ધ પપૈન નામનું એન્ઝાઈમ એ પાચન તંત્ર માં જમા થયેલ પ્રોટીન ને તોડી ને ખોરાક ને પચાવે છે. આના કારણે કબજિયાત,ગેસ,એસિડિટી વગેરે જેવી પાચન તંત્ર ની સમસ્યા માં ઝડપી રાહત મળે છે.

૨ કુદરતી રીતે પપૈયા માં ડિટોક્સિફાઈંગ એજન્ટ હોય છે ફાયબર અને વિટામિન સી શરીર ની અંદર ન ઝેરી તત્વો ને દૂર કરે છે.આ કારણોસર સવારે ખાલી પેટે પપૈયું ખાવાથી ફાયદો થાય છે.

૩ ફાઈબર થી ભરપુર પાકા પપૈયા માં કેલરી નું પ્રમાણ નહિવત હોવાથી ખાલી પેટે ખાવાથી પેટ ભરેલું લાગે છે એટલે દિવસ દરમિયાન ભૂખ પણ ઓછી લાગતા વજન માં ઝડપભેર ઘટાડો થાય છે.

૪ ખાલી પેટે પાકું પપૈયું ખાવાથી ચહેરા પર કરચલીઓ થી લઈને ખીલ,ડાઘ, ધબ્બા થતા નથી.પપૈયા માં ઉપલબ્ધ વિટામિન એ ત્વચાને વૃદ્ધ થવા દેતું નથી સદા યુવાન રાખવા માં મદદરૂપ થાય છે.

૫ પાકુ પપૈયું ખાવાથી ઘણી બીમારીઓના વાયરસ શરીર માં પ્રવેશતા પ્રથમ જ નાશ પામતા હોય છે. એન્ટિઓડિડન્ટ,વિટામિન એ,કેલ્શિયમ અને વિટામિન ઈ શરીર ની ઈમ્યૂન પ્રોસેસ વધારે છે.

૬ કેરીટિનોઈડ લ્યુટી નામક તત્વ એ ડીઝીટલ ઉપકરણો માંથી નીકળતી બ્લુ લાઈટ સામે આંખ ને રક્ષણ આપે છે. આ તત્વ પપૈયા માં ભરપૂર માત્રા મા ઉપલબ્ધ છે.

૭ લાઈકોપીન,કેરોટિનોઈડ્ઝ, એન્ટી ઓક્સિડન્ટ, ક્રિપ્ટોસેપથીન અને બીટા કેરોટિન નામના પપૈયા માં રહેલ તત્વો એ શરીર નું કેન્સર નામની ભયાનક બીમારી સામે રક્ષણ કરે છે.

"Eat a apple keeps doctor away" આ કહેવત આમ જ નથી પડી શિયાળા ની ઋતુ માં ધરતી પર ની સંજીવની ગણાતા સફરજન એ પૌષ્ટિક તત્વો ની ખાણ માનવામાં આવે છે.સફરજન એ વિટામિન સી,ફાઈબર અને એન્ટીઓક્સીડેન્ટ થી ભરપુર હોય છે. ખાસ કરીને ત્વચા અને મગજ માટે ખુબજ લાભદાયી સાબિત થાય છે. ઠંડી ની ઋતુ માં ખાસ કરીને બાળકો અને યુવાનો ને આળસ ને લીધે સવારે ઊઠવા માં સમસ્યા થતી હોય છે. રાત્રે નિંદ્રા દરમિયાન મગજ ના સ્નાયુઓ સુસ્ત થઈ જતા હોય છે એટલે નિંદ્રા માંથી જાગવા માં સમસ્યા થતી હોય છે.રાત્રે વીસ મિનિટ પહેલાં એક સફરજન ખાઈને સૂવાથી શરીર આળસ રહિત અને ફ્રેશ થઈ જતું હોય છે. વર્તમાન સમયમાં બાળકો ની ચિત્રવિચિત્ર ચોકલેટ્સ વગેરે ખાવાની આદતના લીધે દાંત નાની ઉંમરે સડી જતા હોય છે.સફરજન નો રસ દાંત ની અંદર ના બેક્ટેરિયા ને મારી ને દાંત ની અંદર નો સડો અટકાવે છે. જો તમે વજન ઘટાડવા માંગતા હોવ તો રૂટિન ડાયટ માં સફરજન ને સામિલ કરો.જે કેલિસ્ટ્રોલ ને કાબુ માં રાખી ને ચરબી ના સ્તર ને પીગળવા માટે અકસીર છે.

મિત્રો,સફરજન વિશે વધુ જાણકારીઓ, રેસીપીઓ, વગેરે મેળવવા માંગતા હોવ તો બીજા બુધવાર નું પેપર અવશ્ય વાંચજો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### 1 જાન્યુઆરીના રોજ સવારે 9 વાગ્યે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ મહોત્સવનું ઉદ્ઘાટન થશે, જે 25 જાન્યુઆરી સુધી ચાલશે

# અમદાવાદમાં ફૂલોનો મનમોહક દરિયો! 1 જાન્યુઆરીથી ફ્લાવર શોનો પ્રારંભ

(એજન્સી) અમદાવાદ | તા.30

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ વર્ષે પણ સાબરમતી રિવરફ્રન્ટ પર ભવ્ય ઈન્ટરનેશનલ ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે. 1 જાન્યુઆરીના રોજ સવારે 9 વાગ્યે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ મહોત્સવનું ઉદ્ઘાટન થશે, જે 25 જાન્યુઆરી સુધી ચાલશે. આ વખતે ફ્લાવર શો સાબરમતી રિવરફ્રન્ટના પશ્ચિમ કાંઠે સરદાર બ્રિજથી સ્વામી વિવેકાનંદ બ્રિજની વચ્ચે આવેલા ઈવેન્ટ સેન્ટર અને ફ્લાવર ગાર્ડનમાં કુલ 73,000 ચોરસ મીટરના વિશાળ વિસ્તારમાં પથરાયેલો છે.

### 10 લાખથી વધુ ફૂલ-છોડનો ઉપયોગ

આ વર્ષની વિશેષતા એ છે કે સમગ્ર આયોજન 'ભારત એક ગાથા' થીમ પર આધારિત છે, જેમાં ભારતની સંસ્કૃતિ, પરંપરા અને આધુનિક સિદ્ધિઓની ઝલક જોવા મળશે. પ્રદર્શનમાં 167થી વધુ અદભૂત સ્કલ્પચર્સ અને 48 થી વધુ પ્રજાતિના અંદાજે 10 લાખથી વધુ ફૂલ-છોડનો ઉપયોગ કરાયો છે.




**VIP સ્લોટની રૂપિયા 500 ફી નક્કી કરાઈ :** રિક્રિએશન કમિટીના ચેરમેન જયેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, જાન્યુઆરી મહિનાના પ્રથમ અઠવાડિયામાં ફ્લાવર શોનું આયોજન મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે. જેના માટે ટિકિટના દરો નક્કી કરવામાં આવ્યા છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા 12 વર્ષથી ઉપરના નાગરિકો માટે સોમવારથી શુક્રવાર માટે 120 aઘટાડો કરી રૂ. 80 અને શનિવાર-રવિવાર તેમજ જાહેર રજાના દિવસે 150 રૂપિયા હતી જેમાં ઘટાડીને 100 રૂપિયા કરવામાં આવી છે. અટલ બ્રિજ માટે અલગથી ફી લેવાની રહેશે. સવારે 8:00 થી 9:00 અને રાત્રે 10થી 11 VIP સ્લોટ રહેશે જેના માટે 500 રૂપિયા ફી નક્કી કરાઈ છે.

### ફ્લાવર શોનું મુખ્ય આકર્ષણ, (ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માટે)

■ બિગેસ્ટ ફ્લાવર પોર્ટ્રેટ: ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતી નિમિતે ■ મંડાલા આર્ટ: એકાગ એકાગ્રતા માટે લોકો મંડાલા આર્ટનો સહારો લેતા હોય છે ત્યારે ફૂલોથી બીગેસ્ટ વર્લ્ડનું મોટામાં મોટું મંડાલા આર્ટ ફૂલોથી સજાવાશે

**કેટલો ખર્ચ થવાનો અંદાજ?** આ આખા આયોજન પાછળ અંદાજે 14થી 15 કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. તો સ્પોન્સરશિપ અને સ્ટોલ્સના માધ્યમથી કોર્પોરેશનને મોટી આવક પણ થશે. આ ફ્લાવર શો દ્વારા હજારો લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી મળવાની સાથે અમદાવાદના પ્રવાસન અને અર્થતંત્રને પણ વેગ મળશે.

### ઓનલાઈન ટિકિટ બુકિંગ કરાવ્યા બાદ કેન્સલ કરી શકાશે નહીં

પેમેન્ટ કર્યા બાદ તેની ટિકિટ ઓનલાઈન તેના મોબાઈલ નંબર પર મળી જશે. જે ટિકિટ બતાવીને ફ્લાવર શોમાં એન્ટ્રી મળશે. ફ્લાવર શોની ટિકિટ નોન રિફંડેબલ રહેશે. એક વખત ટિકિટ બુકિંગ કરાવ્યા બાદ તેને કેન્સલ કરી શકાશે નહીં. ઓનલાઈન ટિકિટ બુકિંગના પૈસા કપાયા બાદ જો કોઈપણ વ્યક્તિને ટિકિટ ન મળે તો તેના માટે ડાઉનલોડ ટિકિટ મેનુમાં જવાનું રહેશે. ત્યાં પોતાનો મોબાઈલ નંબર નાખીને ટિકિટને ડાઉનલોડ કરી લેવાની રહેશે.

## ન્યૂઝ ફ્લેશ

### વાપીની બાળકી સાથે દુષ્કર્મ કેસમાં આરોપીને 20 વર્ષની કેદ

વાપી | વાપી વિસ્તારમાં રહેતા એક પરિવારની ત્રણ વર્ષીય માસૂમ બાળકી સાથે દુષ્કર્મ કરવાના ગુનામાં નરાધમ પાડોશી આરોપીને વાપી એડિશનલ સેશન્સ કોર્ટે 20 વર્ષની કેદની સજા ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે. વર્ષ 2023માં હવસખોર આરોપીને બાળકને તેની રૂમમાં લઈ ગયા બાદ ગંભીર કૃત્ય કર્યું હતું. કેસની વિગત એવી છે કે, વાપી નજીકના એક ગામમાં પરિવાર રહે છે. ગત તા.20-8-23ના રોજ પરિવારની સાડા ત્રણ વર્ષની માસૂમ બાળકી પાડોશમાં રહેતા પાડોશી હરીઓમ પ્રભુનારાયણ શર્માના ઘરે રમતા રમતા પહોંચી હતી. બાદમાં હરિઓમ કામવાસનામાં ચકચુર બની રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. હવસખોર હરિઓમે માસૂમ બાળકીના ગુપ્તાંગના ભાગે અડપલા કર્યા હતા. બાળકી ઘરેથી ગાયબ થતાં માતા શોધવા નીકળી તે વેળા હરિઓમનો દરવાજો ખોલાવી પુત્રી અંગે પૂછતા તેણે રૂમમાં નહીં હોવાનું જણાવ્યું હતું. બાદમાં બાળકી ઘરે પહોંચ્યા બાદ આખો મામલો બહાર આવ્યો હતો. પોલીસે દુષ્કર્મનો ગુનો નોંધી હવસખોર આરોપી હરિઓમ શર્માની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી સામે ચાર્જશીટ રજૂ કર્યા બાદ વાપી એડિશનલ સેશન્સ કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન ડીજીપી અનિલ ત્રિપાઠીએ પિડીતા, પરિવારજનો સહિત લોકોની જુબાની મેડિકલ રિપોર્ટ સહિતના પુરાવા સાથે અનેક મુદ્દાઓ પર દલીલ કરી હતી.

### પંચમહાલ : એસ.ટી. બસનું ટાયર ફરી વળતા વૃદ્ધાનું મોત

ગોધરા | પંચમહાલના બસ સ્ટેશનમાં મંગળવારે (30મી ડિસેમ્બર) અકસ્માત સર્જાયો હતો. એસ.ટી. બસના ટાયર નીચે આવી જવાથી એક 70 વર્ષીય વૃદ્ધાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ અકસ્માતને પગલે બસ સ્ટેશનમાં અફરાતફરી મચી ગઈ હતી અને મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. મળતી માહિતી મુજબ, ગોધરા વિભાગની વડોદરા-સંતરામપુર ડેપોની એસ.ટી. બસ શહેરા બસ સ્ટેશન ખાતે આવી હતી. બસમાંથી મુસાફરો ઉતરી ગયા બાદ જ્યારે ડ્રાઈવરે બસ આગળ ચલાવી, ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. પંચમહાલના એસ.ટી. વિભાગના જણાવ્યાનુસાર, બસ ઉપડી રહી હતી ત્યારે આશરે 70 વર્ષના વૃદ્ધા અચાનક બસની આગળ દોડીને આવી ગયા હતા, જેના કારણે ચાલક બસ થોભે તે પૂર્વે જ તેઓ ટાયર નીચે આવી ગયા હતા. બસનું ટાયર વૃદ્ધા પર ફરી વળતા તેમનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ શહેરા પોલીસ અને એસ.ટી. વિભાગના અધિકારીઓનો કાફલો તાત્કાલિક બસ સ્ટેશન દોડી આવ્યો હતો. પોલીસે વૃદ્ધાના મૃતદેહને પંચનામું કરી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી છે. અકસ્માત સર્જનાર એસ.ટી. બસના ચાલકને હાલ શહેરા પોલીસ મથકે હાજર કરવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે શહેરા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાણંદના કલાણા ગામે જૂથઅથડામણમાં પથ્થરમારો

## પોલીસ કાર્યવાહીના ડરથી મોટા ભાગનાં ઘરોને ખંભાતી તાળાં, ખેતરોમાં છુપાયેલાને ડ્રોનથી પકડ્યા; 42 શંકાસ્પદ રાઉન્ડ અપ

(એજન્સી) અમદાવાદ | તા.30

સાણંદ તાલુકાના કલાણા ગામમાં જૂની અદાવતને પગલે બે જૂથો વચ્ચે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. સોમવાર રાત્રિના પથ્થરમારાની ઘટના બાદ મામલો શાંત પડ્યો હતો, પરંતુ મંગળવારે સવારે ફરી બંને જૂથો આમનેસામને આવી જતાં પથ્થરમારો શરૂ થતાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પથ્થરમારામાં અનેક ગાડીઓના કાચ તૂટી ગયા હતા અને રસ્તાઓ પર ઈંટોના ટુકડાઓનો ખડકલો જોવા મળ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતાં SP અને DySP સહિતનો મોટો પોલીસકાફલો ગામમાં ઉતારી દેવામાં આવ્યો હતો. પોલીસે ઘટનામાં 42 લોકોને રાઉન્ડ અપ કર્યા છે.

### પોલીસના ડરથી આખું ગામ ખાલી, ઘરોમાં 'ખંભાતી તાળાં'

પથ્થરમારાની ઘટના બાદ પોલીસની કડક કાર્યવાહીના ડરથી કલાણા ગામના મોટા ભાગના લોકોનાં ઘર ખાલી જોવા મળ્યાં હતાં. ગામનાં ઘરોમાં 'ખંભાતી તાળાં' લટકતાં અને આખું ગામ ખાલીખમ જોવા મળ્યું હતું. પોલીસે ગામમાં સર્ચ-ઓપરેશન હાથ ધર્યું ત્યારે ડ્રોન કેમેરાની મદદ લેવામાં આવી હતી. ડ્રોનમાં જે લોકો પોલીસથી બચવા માટે ગામની સીમમાં અને ખેતરોમાં છુપાઈને સૂતા હતા તેમને પકડી પાડ્યા હતા.

### 42 લોકોની અટકાયત, DVR કબજે કરી તપાસ તેજ

અમદાવાદ ગ્રામ્ય પોલીસે આ હિંસક ઘટનામાં સંડોવાયેલા 42 જેટલા શંકાસ્પદ લોકોને રાઉન્ડ અપ કર્યા છે. જે ઘરો અને ધાબા પરથી પથ્થરમારો કરવામાં આવ્યો હતો ત્યાં પોલીસ દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. પોલીસે ગામમાં લાગેલા સીસીટીવી કેમેરાના DVR પણ કબજે કર્યા છે. હાલ ગામમાં 80થી વધુ પોલીસ જવાનો ચુસ્ત બંદોબસ્ત સાથે ખડેપગે છે જેથી સ્થિતિ વધુ ન બગડે. ગામના પ્રવેશદ્વાર પર બેરિકેડિંગ લગાવવામાં આવ્યાં છે, જ્યાંથી અંદર આવનારા લોકોનું ચેકિંગ કરવામાં આવશે.



### 'કેમ જોવે છે?' કહીને વાત વણસી

આ ઘટના અંગે પોલીસે કડક વલણ અપનાવતા બંને પક્ષો સામે સામસામે ગુના નોંધી કાર્યવાહી હાથ ધરી છે. અત્યાર સુધીમાં 30 જેટલા શંકાસ્પદ શખ્સોની અટકાયત કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, બંને પક્ષે 30 થી 35 લોકોના ટોળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોના આધારે પથ્થરમારો કરનારા અને કાવતરામાં સામેલ તમામ લોકોની ઓળખ કરવામાં આવી રહી છે. એસ.પી. સહિતના ઉચ્ચ અધિકારીઓએ ગામની મુલાકાત લીધી છે અને સ્પષ્ટ જણાવ્યું છે કે શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનાર કોઈ પણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં.



# 'ડાયરેક્ટ DCPનો ઓર્ડર કરાવી આપીશ 2.36 કરોડ આપો'

## પોલીસમાં નોકરી અપાવવાનું સપનુ દેખાડી લોકોને લૂંટતો નકલી IPS ગુજરાતી પ્રોડ્યુસર નીકળ્યો, ક્રાઈમ બ્રાન્ચે દબોચ્યો

(એજન્સી) અમદાવાદ | તા.30

રાજકોટ-અમદાવાદ હાઈવે પર નવાગામના રહેવાસી જીલુભાઈ ગમારાના પુત્રને પોલીસમાં PSI તેમજ DCPની નોકરી અપાવવાની લાલચ આપી 2.36 કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાના મામલે ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાતી ફિલ્મ પ્રોડ્યુસર તરીકે જાણીતા વિવેક ઉર્ફે વીકી પ્રવિણભાઈ દવેને પોલીસે ઝડપી પાડ્યો છે, જ્યારે તેના સાથી હરિ ગમારા હાલ ફરાર છે. ફરિયાદીએ કુલ 2.36 કરોડ રૂપિયા પડાવ્યા હોવાનો આક્ષેપ કર્યો છે, જેમાંથી 88 લાખ રૂપિયા પરત મળ્યા હતા, પરંતુ બાકીના 1.48 કરોડ રૂપિયા પરત ન મળતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે પાલીતાણાના બે ગઠિયાઓ સામે તાત્કાલિક ગુનો નોંધી ગુજરાતી ફિલ્મ પ્રોડ્યુસરને ઝડપી પાડ્યો છે. તપાસ અર્થે કોર્ટમાંથી પાંચ દિવસનો રિમાન્ડ મેળવ્યા બાદ પોલીસે ફરાર સાગરીતની શોધખોળ હાથ ધરી છે.

### ફરિયાદી ગમારા પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે

રાજકોટ નજીક નવાગામમાં રહેતા જીલુભાઈ ભગાભાઈ ગમારાએ તેના પરિચિત પાલીતાણાના ઘેડી ગામે રહેતા હરિભાઈ રાજાભાઈ ગમારા અને પાલીતાણા ગામનો વિવેક ઉર્ફે વીકી પ્રવિણભાઈ દવે સામે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, 10 વર્ષ પહેલા દ્વારકા દર્શન કરવા ગયા ત્યારે તેની જ્ઞાતિના હરી ગમારા સાથે પરિચય થયો હતો. બાદમાં અવારનવાર ફોનમાં વાતચીત થતી હતી અને પારિવારિક સંબંધ થયા હતા.



### PSIની નોકરી અપાવવાના બહાને પહેલા 15 લાખ પડાવ્યા

જીલુભાઈએ વાત કરવાની હા પાડી હતી બાદમાં હરિએ તેના મિત્ર વિવેક સાથે ફોનમાં વાત કરાવી હતી, જેમાં તેણે રૂ.50 લાખ થશે અને આ કામ માટે એડવાન્સ રૂ.15 લાખ તાકિદે આપવા પડશે અને બાકીના પૈસા ઓર્ડર આવ્યા બાદ તમારે ચુકવવાના રહેશે તેમ વાત કરી હતી. બાદમાં હરિ મારફતે રૂ.15 લાખ રોકડા વિવેકને મોકલ્યા હતા અને ભરતીનું મેરીટ લિસ્ટ આવતા તેના પુત્રનું નામ ન હોય જેથી હરિનો સંપર્ક કરતા શખસે કહ્યું કે તમારૂ બીજી સરકારી નોકરીમાં સેટીંગ કરાવી આપીશ કહી રૂ.14 લાખ પરત આપ્યા હતા.

### અમદાવાદમાં દિવ્યાંગ બાળકો માટે વ્હીલચેર ડોનેશન ડ્રાઈવ યોજાઈ



(એજન્સી) અમદાવાદ | તા. 29

29 ડિસેમ્બર 2025ના રોજ અમદાવાદના અપંગ માનવ મંડળ ખાતે યોજાયો હતો. આ અભિયાન અંતર્ગત અમદાવાદના જરૂરિયાતમંદ દિવ્યાંગ બાળકોને 100 વ્હીલચેરનું વિતરણ કરવામાં આવ્યું, અમેરિકાના પૂર્વ કાંઠાના 8 રાજ્યોમાં વસતા ભારતીય સમુદાયનું પ્રતિનિધિત્વ કરતી અગ્રણી સામાજિક સંસ્થા Federation of Indian Associations દ્વારા અમદાવાદમાં દિવ્યાંગ બાળકો માટે 'Joy of Giving' વ્હીલચેર ડોનેશન ડ્રાઈવનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ સોમવાર, 29 ડિસેમ્બર 2025ના રોજ અમદાવાદના અપંગ માનવ મંડળ ખાતે યોજાયો હતો. આ અભિયાન અંતર્ગત અમદાવાદના જરૂરિયાતમંદ દિવ્યાંગ બાળકોને 100 વ્હીલચેરનું વિતરણ કરવામાં આવ્યું.

### ગાંધીનગર : IP ક્રિએશન, કેપેસિટી બિલ્ડિંગ અને પોલિસી આધારિત સંશોધન પર ખાસ ભાર

# ગિફ્ટ સિટીમાં PPP મોડલ આધારિત AI રિસર્ચ સંસ્થા શરૂ થશે

(એજન્સી) સુરત | તા. 29

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે વધુ એક ઐતિહાસિક પગલું ભર્યું છે. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને ઉદ્યોગોની ભાગીદારીથી પી.પી.પી. મોડલ પર ગિફ્ટ સિટીમાં ઈન્ડિયન એ.આઈ. રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (IAIRO)ની સ્થાપનાને મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. 1 જાન્યુઆરી 2026થી IAIRO કાર્યરત થશે અને આ રીતે પી.પી.પી. મોડલ પર AI રિસર્ચ સંસ્થા સ્થાપનારો ગુજરાત દેશનો પ્રથમ રાજ્ય બનશે. IAIROની રચના કંપની અધિનિયમ-2013ની કલમ 8 હેઠળ નોન-પ્રોફિટ સંસ્થા તરીકે કરવામાં આવશે. આગામી પાંચ વર્ષ માટે અંદાજે 300 કરોડ રૂપિયાનું બજેટ નક્કી કરાયું છે, જેમાં રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને ખાનગી ભાગીદારનું સમાન 33.33 ટકા યોગદાન રહેશે. ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સ (IPA) ખાનગી ભાગીદાર તરીકે જોડાયું છે, જે 2025-



26માં 25 કરોડ રૂપિયાનું યોગદાન આપશે. IPAમાં સિપ્લા, ટોરેન્ટ ફાર્મા, સન ફાર્મા સહિત 23 અગ્રણી ફાર્મા કંપનીઓનો સમાવેશ થાય છે. આ પહેલ ભારત સરકારના IndiaAI Mission અને ગુજરાત સરકારના AI એક્શન પ્લાન સાથે સુસંગત છે. IAIROને AI માટે મલ્ટી-ડિસિપ્લિનરી હબ તરીકે વિકસાવવામાં આવશે, જ્યાં અદ્યતન AI રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, AI આધારિત પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સ, સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકાર વચ્ચે સહયોગને પ્રોત્સાહન મળશે. સાથે જ IP ક્રિએશન, કેપેસિટી બિલ્ડિંગ અને પોલિસી આધારિત સંશોધન પર ખાસ ભાર રહેશે.

### આ પહેલ ગુજરાતને ઈમર્જિંગ ટેકનોલોજી ઈનોવેશનનું કેન્દ્ર બનાવશે

હાઈબ્રિડ કમ્પ્યુટ મોડેલ હેઠળ IAIRO કાર્ય કરશે, જેમાં ઓન-પ્રેમિસ GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે IndiaAI ક્લાઉડ જેવા નેશનલ પ્લેટફોર્મ્સનું સંકલન કરાશે. AIના ઉપયોગથી આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને અર્થતંત્રમાં પરિવર્તનકારી સુધારાઓ લાવી લોકોના જીવનને સરળ બનાવવા રાજ્ય સરકારે અગાઉ AI ટાસ્કફોર્સની પણ રચના કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં શરૂ થતી આ પહેલ ગુજરાતને ઈમર્જિંગ ટેકનોલોજી ઈનોવેશનનું કેન્દ્ર બનાવશે, સાથે જ AI ક્ષેત્રે કુશળ માનવ સંસાધન તૈયાર કરી ભારતને વૈશ્વિક સ્પર્ધામાં અગ્રેસર બનાવવા મહત્વની ભૂમિકા ભજવશે.

### ફાર્મ હાઉસમાં પિતા મળવા ગયા તો દરવાજો ના ખોલ્યો, બારોબાર જતી રહી ; પોલીસમાં નિવેદન પણ ના નોંધાવ્યું

# પાટીદાર સિંગર આરતી સુરતમાં આવી પણ પિતાને ન મળી

(એજન્સી) સુરત | તા 29

સુરતમાં પાટીદાર સિંગર આરતી સાંગાણીના પ્રેમ લગ્નનો વિવાદ હાલ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. પિતા અને પરિવાર સાથેના મનદુઃખ અને પોલીસ નિવેદન આપવા મામલે સર્જાયેલી ખેંચતાણને પગલે આ ઘટનાએ જોર પકડ્યું છે. સુરત જિલ્લાના ફાર્મ હાઉસમાં પિતા દિકરીને મળવા ગયા તો દરવાજો ના ખોલ્યો અને બારોબાર જતી રહી હતી.

નિ:શંકપણે, દેશનો સૌથી જૂનો રાજકીય પક્ષ, કોંગ્રેસ, હાલમાં ખૂબ જ મુશ્કેલ સમયનો સામનો કરી રહ્યો છે. ચૂંટણી પછી ચૂંટણીમાં તેની પહોંચ સતત સંકોચાઈ રહી છે. બીજી તરફ, ગયા વર્ષે કોંગ્રેસ પક્ષ માટે ચૂંટણી મોરચે નિરાશાજનક રહ્યું છે. દિલ્હી અને બિહાર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. જોકે પાર્ટીએ 'મત ચોરી' અભિયાનને મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવવા માટે ખૂબ પ્રયાસ કર્યા હતા, પરંતુ તેના પરંપરાગત મતદારો પાછા ફરવામાં નિષ્ફળ ગયા. ઓલ ઈન્ડિયા એલાયન્સમાં રહેલા રાજકીય પક્ષોને પણ આ મુદ્દા પર સકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી. આવનારું વર્ષ પાર્ટી માટે નવા પડકારો લઈને આવ્યું છે. આસામ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. આ પરિસ્થિતિને જોતાં, કોંગ્રેસ પક્ષના 140મા સ્થાપના દિવસ પર ટોચના નેતૃત્વ માટે આત્મવિશ્વાસપૂર્ણ વલણ દર્શાવવું સ્વાભાવિક રહેશે. આ કાર્યક્રમ દરમિયાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા, રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે 'કોંગ્રેસ માત્ર એક રાજકીય પક્ષ નથી, પરંતુ ભારતના આત્માનો અવાજ છે, જે હંમેશા નબળા, વંચિત અને મજૂર વર્ગના હિતોનું રક્ષણ કરે છે.' દરમિયાન, કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જાહેર કર્યું કે 'કોંગ્રેસ એક વિચારધારાનું નામ છે, અને વિચારધારાઓ ક્યારેય મરતી નથી.' જોકે, કઠોર વાસ્તવિકતા એ છે કે પાર્ટીનું અસ્તિત્વનું સંકટ દિવસેને દિવસે ઊંડું થઈ રહ્યું છે. પાર્ટી સંગઠનમાં અસંતોષના અવાજો સ્પષ્ટપણે સાંભળી શકાય છે. તાજેતરના વિકાસ આ અસંતોષની હદની પુષ્ટિ કરે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે શનિવારે RSS અને ભારતીય જનતા પાર્ટીની કાર્યક્ષમ સંગઠનાત્મક વ્યૂહરચનાની પ્રશંસા કરીને અને ટ્વિટર પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો જૂનો ફોટો શેર કરીને હંગામો મચાવ્યો હતો. આનો સામાન્ય કાર્યકરો પર ચોક્કસપણે સકારાત્મક પ્રભાવ પડ્યો ન હતો. ખરેખર, કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ પાયાના સ્તરે કોંગ્રેસ સંગઠનને મજબૂત બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. હકીકતમાં, સંગઠનના ઉચ્ચ સ્તરે ઊંડાણપૂર્વક સંકળાયેલા વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓ દ્વારા આપવામાં આવેલા નિવેદનો ક્યારેક ક્યારેક પાર્ટી લાઇનથી ભટકાઈ જાય છે, જેનાથી પાર્ટી માટે અસ્વસ્થતાભરી પરિસ્થિતિ ઊભી થાય છે. જ્યારે કોંગ્રેસના દિગ્ગજ નેતા દિગ્વિજય સિંહનું ભાજપ અને આરએસએસની સંગઠનાત્મક શક્તિ અંગેનું ચોંકાવનારું નિવેદન જાહેર ચર્ચામાં આવ્યું, ત્યારે શશિ થરૂરે તેમના મંતવ્યોને સંયમિત ટેકો આપ્યો, જે દર્શાવે છે કે કોંગ્રેસ પક્ષ વર્તમાન પડકારો વચ્ચે તેની સંગઠનાત્મક શક્તિના પુનર્નિર્માણના મુદ્દા પર સમાધાન કરી શકતો નથી. કોંગ્રેસે ઘણીવાર દાવો કર્યો છે કે ઇતિહાસ, મૂલ્યો અને વિચારધારા તેની મુખ્ય સંપત્તિ છે. આ મૂડીને ચૂંટણી લાભમાં રૂપાંતરિત કરી શકાય છે કે નહીં તે રેટરિક પર ઓછું અને પક્ષની સુધારણા, તેના સંગઠનનું પુનર્ગઠન અને જનતા સાથે અસરકારક રીતે ફરીથી જોડાવાની ક્ષમતા પર વધુ આધાર રાખે છે. એવા સમયે જ્યારે ભાજપ રાજકીય પરિદ્રશ્યમાં પોતાનું સંપૂર્ણ પ્રભુત્વ જાળવી રાખે છે, અને, દલીલપૂર્વક, તમામ ક્ષેત્રોમાં પ્રભુત્વ ધરાવે છે, ત્યારે ભાજપ કોંગ્રેસને 'ચાપચીઓની સેના' કહેવા સુધી પહોંચી ગયું છે. ભારતીય લોકશાહીમાં તેને 'સૌથી નબળી કડી' પણ કહેવામાં આવે છે. નિ:શંકપણે, આ ટીકા, જે મોટે ભાગે સાચી છે, કોંગ્રેસ પક્ષને આત્મનિરીક્ષણ કરવા અને વર્તમાન પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટે પ્રેરણા આપશે. તેમાં કોઈ શંકા નથી કે કોંગ્રેસ પક્ષ તેના 140 વર્ષના ઈતિહાસમાં એક પડકારજનક તબક્કે છે. આવી સ્થિતિમાં, તેનું પુનરુત્થાન ભારતીય જનતા પાર્ટીનો સામનો કરવા માટે વિપક્ષ માટે ચાવીરૂપ સાબિત થઈ શકે છે.

---

**અંધારા બાદ ઉજાસ | પુસ્તકાલયના ઉંબરેથી ગંદકી હટાવવા યુદ્ધના ધોરણે કામ**

# રાજપીપળામાં અમદાવાદ એક્સપ્રેસના અહેવાલની અસરથી તંત્ર જાગ્યું: પુસ્તકાલયની કાયાપલટ શરૂ

### હવે મચ્છરો નહીં જ્ઞાન પીરસાશે, નર્મદાના યુવાનો માટે ખુશખબર

### વાંચકોના હિતમાં ઉઠ્યો અવાજ, લાયબ્રેરીનું પ્રવેશદ્વાર ચમકશે



ભરત શાહ | નર્મદા તા.30

નર્મદાના હૃદય સમાન રાજપીપળાના દરબાર રોડ પર જ્યારે જ્ઞાનનું મંદિર ગંદકીના ગરકાવમાં હોય, ત્યારે એક જાગૃત અખબાર મૌન રહી શકતું નથી. 'પુસ્તકાલયની દુર્દશા' મથાળા હેઠળ અમે જ્યારે બે દિવસ પહેલા સચ્ચાઈ રજૂ કરી, ત્યારે સત્તાના નશામાં ચૂર તંત્રને આંચકો લાગ્યો હતો. આજે પરિણામ સૌની સામે છે. જે પ્રવેશદ્વાર પર પગ મૂકતા વાંચકો ખચકાતા હતા, ત્યાં આજે જેસીબીના ગુંજારવ સાથે નવી આશાનું પુરાણ થઈ રહ્યું છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, નગરપાલિકા હસ્તક ચાલતા આ પુસ્તકાલયમાં છેલ્લા છ મહિનાથી સ્થિતિ નરકાગાર જેવી હતી. પાણીના બોર માટે ખોદકામ તો કરાયું, પણ વહીવટદારો જાણે ભૂલી જ ગયા કે અહીં જીવંત ભવિષ્ય ઘડાય છે. માટી અને કાદવના કારણે વાંચકો માટે અંદર જવું એક સજા સમાન બની ગયું હતું. પોલીસ ભરતી અને તલાટી જેવી પરીક્ષાઓની રાત-દિવસ તૈયારી કરતા ગરીબ અને મધ્યમ વર્ગના યુવાનો આ ગંદકી વચ્ચે બેસીને ભણવા મજબૂર હતા. અમારા અહેવાલ બાદ મીડિયા રિપોર્ટ્સમાં આક્રોશ ફેલાતા આખરે તંત્રને પરસેવો છૂટ્યો છે.

પુસ્તકાલયના ઉંબરે ભરાયેલા પાણી અને ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ એટલો વધ્યો હતો કે રોગચાળો ફાટી નીકળવાની દહેશત હતી. વાંચકો જ્યારે અંદર પ્રવેશતા ત્યારે તેમના જૂતા સાથે આ ગંદકી પુસ્તકો સુધી પહોંચતી હતી. જાણકારો કહે છે કે, જો આ અવાજ ન ઉઠાવ્યો હોત તો કદાચ હજુ બીજા છ મહિના આ ફાઈલો કચેરીના ધૂળ ખાતા ખાનામાં પડી રહી હોત. પરંતુ કારોબારી ચેરમેને આ અહેવાલની ગંભીરતા સમજી તુરંત કડક આદેશો આપ્યા અને આજે સવારથી જ મજૂરો અને સાધનો કામે લાગી ગયા છે.

રાજપીપળાની જનતા હવે આશા રાખી રહી છે કે આ કામગીરી માત્ર દેખાડો ન બની રહે. પુસ્તકાલય એ માત્ર મકાન નથી, પણ યુવાનોના સપનાનું સરનામું છે. સ્થાનિક રહીશો અને વાંચકોએ અમારા અખબારનો આભાર માનતા જણાવ્યું કે, 'જો લોકશાહીનો ચોથો સ્તંભ જાગૃત હોય તો તંત્રને દોડતું થવું જ પડે છે.' હવે પ્રવેશદ્વાર વ્યવસ્થિત થવાથી વાંચકો શાંતિથી જ્ઞાન સાધના કરી શકશે.

---

**સેવાને સીમાડા ન નડે | વડીલે જલાવી સેવાની ધૂણી**

# રાજપીપળાની ધરતી પર માનવતાની મહેક, વડોદરાના વડિલનું સેવા યજ્ઞ

ભરત શાહ | નર્મદા તા.30



સાચું કહેવાયું છે કે જ્યારે હૃદયમાં કરુણા અને હાથમાં સેવા કરવાનું જોમ હોય, ત્યારે અંતર ક્યારેય આડું આવતું નથી. વડોદરાના એક વયોવૃદ્ધ સજ્જન મહેન્દ્રભાઈ વાડીલાલ કડિયાએ આ વાતને સાર્થક કરી બતાવી છે. રાજપીપળાની પવિત્ર ધરતી પર જ્યારે કોઈ ગરીબનું પેટ ભરાય છે, ત્યારે તેનો સીધો આશીર્વાદ વડોદરામાં બેઠેલા આ વડીલને મળે છે. શ્રી અન્નપૂર્ણા સેવા ફાઉન્ડેશનના માધ્યમથી તેમણે જે સેવારૂપી બીજ રોપ્યું હતું, તે આજે એક ઘટાદાર વટવૃક્ષ બની ગયું છે. છેલ્લા ૩ વર્ષથી મહેન્દ્રભાઈ રાજપીપળાના અન્નક્ષેત્ર માટે માર્ગદર્શક અને પથદર્શક બની રહ્યા છે. વડોદરામાં હોવા છતાં, તેમનું મન સતત રાજપીપળાના અન્નક્ષેત્રમાં પરોવાયેલું રહે છે. નાની એવી મીઠું કે તેલની અછત હોય કે પછી આયોજનની કોઈ મોટી મૂંઝવણ, મહેન્દ્રભાઈ હરહંમેશ ઉકેલ લાવવા માટે તત્પર રહે છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, તેમની નિરંતર મહેનતને કારણે જ આજે બે અન્નક્ષેત્રો સફળતાપૂર્વક ચાલી રહ્યા છે અને સેંકડો જરૂરિયાતમંદોને પૌષ્ટિક આહાર મળી રહ્યો છે. સેવાના આ માર્ગમાં મહેન્દ્રભાઈએ ક્યારેય થાક અનુભવ્યો નથી.

ત્રણ વર્ષના સફળ સફર બાદ, હવે તેઓ રાજપીપળામાં ત્રીજું અન્નક્ષેત્ર શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છે. આ કોઈ સામાન્ય સિદ્ધિ નથી; આ એક વડીલના દૃઢ સંકલ્પની તાકાત છે. રાજપીપળાના બજારોમાં અને ગલીઓમાં આજે આ વડોદરાના સજ્જનની ચર્ચા છે. લોકો કહે છે કે દિવાળી હોય કે હોળી, આ વડીલે હંમેશા બીજાના ઘરે દીવો પ્રગટે તેની ચિંતા કરી છે.

---

**ધનુર્માસ નિમિત્તે દાદાને 51 ડઝન કેળાનો અન્નકૂટ**

# સાળંગપુર ધામના શ્રીકષ્ટભંજન દાદાને વૃંદાવની વાઘા ધરાવાયા

ભરત શાહ | નર્મદા તા.30

પવિત્ર ધનુર્માસની આકરી ઠંડીમાં જ્યારે ભક્તિની ઉષ્મા ભળે, ત્યારે માહોલ આધ્યાત્મિક બની જાય છે. શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર ખાતે આજે મંગળવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના દ્વારે શ્રદ્ધાનું ઘોડાપૂર ઉમટ્યું હતું. પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજીની પવિત્ર પ્રેરણાથી દાદાને આજે જે શણગાર ધરાવવામાં આવ્યો, તે જોઈને ભક્તોની આંખો ધન્ય થઈ ગઈ હતી. વૃંદાવનથી ખાસ તૈયાર થઈને આવેલા એમ્બ્રોઈડરી વર્કના ફૂલની ડિઝાઈનવાળા વાઘામાં દાદા સાક્ષાત્ દેવલોક ઉતરી આવ્યું હોય તેવા તેજોમય લાગતા હતા. વહેલી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતીથી જ મંદિર પરિસર 'જય કષ્ટભંજન'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. ત્યારબાદ સવારે ૭:૦૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી, જેમાં દાદાના સિંહાસનને અત્યંત કલાત્મક રીતે સુશોભિત કરવામાં આવ્યું હતું.



મીડિયા રિપોર્ટ્સ મુજબ, આજના ખાસ અવસરે દાદાને ૫૧ ડઝન કેળાનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ભક્તો માટે આ દ્રશ્ય કોઈ ઉત્સવથી ઓછું નહોતું. સાંજ પડતા જ રાજોપચાર પૂજનની તૈયારીઓ કરવામાં આવી છે.

---

**પરિવારમાં આક્રંદ | નાંદોદના વાગેથા ગામની સીમમાં જુવાનીનો કરુણ અંત**

# વાગેથામાં માતમ: 22 વર્ષના આશિષે આંબલીના ઝાડે ખાધો ગળેફાંસો

ભરત શાહ | નર્મદા તા.30

કુદરતની ગોદમાં વસેલા નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના વાગેથા ગામે આજે એક એવી ઘટના સાંભળી કે સમગ્ર પંથક સ્તબ્ધ થઈ ગયો છે. જે ઉંમરે હૈયે ઉમંગ અને આંખોમાં સપના હોય, એ ૨૨ વર્ષની વયે એક યુવાને મોતને વહાલું કરી લીધું. સવારના પહોરમાં જ્યારે ગામ લોકો ખેતરે કામ અર્થે નીકળ્યા, ત્યારે સીમમાં આંબલીના ઝાડ પર લટકતી લાશ જોઈને સૌના કાળજા કંપી ઉઠ્યા હતા. આ આશિષ હતો, જેણે કયા કારણોસર ગળેફાંસો ખાધો તે રહસ્ય હજુ અકબંધ છે.



સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, વાગેથા ગામના ગભાણ ફળિયામાં રહેતા ૨૨ વર્ષીય આશિષ કુમાર હસમુખભાઈ વસાવાએ તારીખ ૨૯/૧૨/૨૦૨૫ ના રોજ વહેલી સવારે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. સવારે ૬:૦૦ થી ૯:૦૦ વાગ્યાના અરસામાં, જ્યારે દુનિયા જાગી રહી હતી, ત્યારે આ યુવાને સીમમાં જઈ આંબલીના ઝાડ પર ફાંસો ખાઈ લીધો હતો. મીડિયા રિપોર્ટ્સ મુજબ, હરીલાલ ચુનીલાલભાઈ વસાવાએ આ અંગે આમલેથા પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચતા જ આખું ગામ સીમમાં ઉમટી પડ્યું હતું અને વાતાવરણ ગમગીન બની ગયું હતું.

જાણકારોનું કહેવું છે કે આશિષ હજુ તો પોતાની જિંદગીની શરૂઆત કરી રહ્યો હતો. ગભાણ ફળિયાના આ યુવાનના આપઘાત પાછળ કોઈ પારિવારિક પ્રશ્ન છે કે માનસિક તણાવ, તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી મળી નથી. પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ, આ આત્મહત્યા છે, પરંતુ તપાસ બાદ જ સત્ય બહાર આવશે. રસ્તા પરથી પસાર થતી રીક્ષા હોય કે બજારની કોઈ દુકાન, આજે દરેક જગ્યાએ આશિષના અકાળે અવસાનની જ ચર્ચા છે. એક હસતો-રમતો યુવાન આમ અચાનક વિદાય લેશે એવું કોઈએ સપનામાં પણ વિચાર્યું નહોતું.

---

# દાહોદ જિલ્લાના વિવિધ ગામોમાં પ્રાકૃતિક ખેતીની યોજાઈ તાલીમ

દિપક રાવલ | દાહોદ તા.30

રાજ્ય સરકારના સહયોગથી એક ઝુંબેશ સ્વરૂપે વધુને વધુ ખેડૂતા ખેડુતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે દાહોદ જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત દ્વારા રવિ ઋતુની ખેતીમાં ગાય આધારીત પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો સહિત તાલીમ આપવામાં આવી રહી છે. દાહોદ જિલ્લાના વિવિધ ગામડાઓમાં આત્મા પ્રોજેક્ટના કર્મચારીઓ, કલસ્ટર, દ્વારા દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અંગે તાલીમ આપવામાં આવી હતી. જેમાં પાકમાં ઉપયોગી જેવા કે , જીવામૃત ઘન જીવામૃત, બીજામૃત બ્રહ્માસ્ત્ર, અગ્નિસ્ત્ર સહિતના પાંચ આયામો અંગેની સમજણ આપવામાં આવી હતી. સાથે પ્રાકૃતિક ખેતી કરવાથી થતા ફાયદાઓ વિશે સમજાવવામાં આવે છે.

---

**વન વિભાગ દ્વારા મૃતદેહનો કબજો | શિકાર કે અકસ્માત અંગે તપાસનો ધમધમાટ**

# દ્વારકાના દરિયાકાંઠે 200 કિલો અને 2 મીટર લાંબો મહાકાય કાચબો તણાઈ આવ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.30

સૌરાષ્ટ્રના દરિયાકિનારે કુદરતની એક અણમોલ વિરાસતનું કરુણ મરણ થયું છે. કોડીનાર તાલુકાના મૂળ દ્વારકાના દરિયાકાંઠે જ્યારે એક વિશાળકાય, અંદાજે ૨૦૦ કિલોથી વધુ વજન ધરાવતો 'ગ્રીન સી ટર્ટલ' મૃત હાલતમાં તણાઈ આવ્યો, ત્યારે સ્થાનિકોના હૃદય દ્રવી ઉઠ્યા હતા. આ કોઈ સામાન્ય માછલી કે જળચર નથી, પણ સમુદ્રની સફાઈ કરનાર અને જૈવ-વિવિધતાની કડી સમાન અત્યંત દુર્લભ કાચબો છે. તેના મોઢા પર જોવા મળેલા ઘાના નિશાન ચીસો પાડીને કહી રહ્યા છે કે સમુદ્રના પેટાળમાં બધું જ બરાબર નથી. સ્થાનિક રહીશ રોહિતભાઈ બારડને કિનારે આ મહાકાય જીવ નજરે પડતા તેમણે તુરંત 'પ્રકૃતિ નેચર ક્લબ'ના જીગ્નેશ ગોહિલને જાણ કરી હતી.



મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ કાચબાની લંબાઈ ૧.૫ થી ૨ મીટર જેટલી છે. તેના મોઢા પરની ગંભીર ઈજાઓ શંકા ઉપજાવે છે કે, કદાચ કોઈ માછીમારી બોટના પંખા સાથે તે અથડાયો હશે અથવા મજબૂત જાળમાં ફસાઈ જવાથી તેણે દમ તોડ્યો હશે. વન વિભાગની ટીમ અત્યારે પોસ્ટમોર્ટમની પ્રક્રિયા હાથ ધરી રહી છે, જેથી આ મૌન જીવના મોતનું સાચું કારણ બહાર આવી શકે. જાણકારો કહે છે કે વિશ્વમાં દરિયાઈ કાચબાની કુલ સાત પ્રજાતિઓ છે, જેમાંથી ગુજરાતના દરિયાકાંઠે ત્રણ વસે છે. ભાવનગરથી કચ્છ સુધીનો પટ્ટો આ ગ્રીન સી ટર્ટલ માટે મનગમતું ઈંડા મૂકવાનું સ્થળ છે. નિષ્ણાતોના મતે, દરિયાઈ કાચબાનું અસ્તિત્વ અત્યંત જોખમમાં છે; ૧૦૦૦ ઈંડામાંથી માંડ એક કાચબો યુવાની સુધી પહોંચી શકે છે. આવી સ્થિતિમાં ૨૦૦ કિલોનો પુખ્ત કાચબો ગુમાવવો એ પર્યાવરણ માટે ન ભરી શકાય તેવી ખોટ છે. શિલ-માધુપુર જેવા વિસ્તારો મુખ્ય કેન્દ્ર હોવા છતાં, દરિયાઈ ગતિવિધિઓ આ જીવો માટે કાળ બની રહી છે. આ ઘટના બાદ પર્યાવરણ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે વન વિભાગ દરિયાઈ પટ્ટી પર વધુ સક્રિય બને અને માછીમારીની પદ્ધતિઓ પર દેખરેખ રાખે. મૂળ દ્વારકાના બજારમાં અને દરિયાકાંઠે આજે માત્ર આ કાચબાની જ વાતો થઈ રહી છે.

---

**સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે**

# ડાકોરના લાલનો દબદબો : સંસ્કૃતમાં ભવન્સ કોલેજના 9 સિતારાઓ ચમક્યા

અશેષ વ્યાસ | ખેડા તા.30

રણછોડરાયની પવિત્ર નગરી ડાકોર આજે માત્ર ભક્તિ માટે જ નહીં, પણ જ્ઞાન અને શિક્ષણના ક્ષેત્રમાં પણ સમગ્ર ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બની છે. ભારતીય વિદ્યાભવન સંચાલિત ભવન્સ કોલેજના સંસ્કૃત વિભાગે ઈતિહાસ રચી દીધો છે. જ્યારે આધુનિક યુગમાં સંસ્કૃત જેવી પૌરાણિક ભાષા પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે, ત્યારે ડાકોરના આ નવ રત્નોએ સરદાર પટેલ યુનિવર્સિટીની ઓક્ટોબર ૨૦૨૫-૨૬ ની સેમેસ્ટર-૫ ની પરીક્ષામાં ટોપર્સની યાદીમાં પોતાનું નામ કોતરાવીને સૌને ચોંકાવી દીધા છે. આ પરિણામ જાહેર થતા જ કોલેજ કેમ્પસમાં જાણે દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. મીડિયા રિપોર્ટ્સ મુજબ, હેત રાણા અને કિન્તલબેન પરમારે ૮.૭૩ સીજીપીએ સાથે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. આ સફળતા માત્ર આ બે વિદ્યાર્થીઓ પૂરતી સીમિત નથી, પરંતુ પંકજ પરમાર અને નીલમ પરમારે ૮.૬૪ પોઈન્ટ સાથે દ્વિતીય સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત ક્રિષ્ના રાજપૂત, રંજનબેન પરમાર, હિરલ રોહિત, ટ્વિંકલ ખાંટ અને જયદીપ પરમાર જેવા વિદ્યાર્થીઓએ પણ ટોપ-૧૦ માં સ્થાન મેળવીને ડાકોરની શૈક્ષણિક ગરિમા વધારી છે. ડાકોર જેવા નાના નગરમાંથી એકસાથે આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ યુનિવર્સિટી લેવલે ટોપ કરે તે ખૂબ મોટી વાત છે.

---

**બાલારામના નયનરમ્ય માર્ગો પર ગુંજશે 'રન ફોર અ ફિટ નેશન'નો નાદ**

# પાલનપુરમાં ચિત્રાસણી ખાતે ફિટ નેશન માટે રવિવારે મેરેથોનનો મહાકુંભ

મહેશ સોલંકી | પાલનપુર તા.30

બનાસકાંઠાની આ ધરા પર જ્યારે પરોઢના છ વાગશે, ત્યારે બાલારામ પેલેસના નયનરમ્ય માર્ગો માત્ર પક્ષીઓના કલરવથી નહીં, પણ હજારો દોડવીરોના પગલાંના ગુંજારવથી ગાજી ઉઠશે. અરાવલ્લી ડિસ્ટન્સ રનર્સ ફાઉન્ડેશન (ADR) દ્વારા આગામી ૪ જાન્યુઆરી ૨૦૨૬, રવિવારના રોજ 'RUN FOR A FIT NATION' ના સૂત્ર સાથે ભવ્ય હાફ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. આ દોડ માત્ર જીતવા માટે નથી, પણ જંકફૂડ અને સોશિયલ મીડિયાના વળગણમાંથી મુક્ત થઈ તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા માટેની એક જનજાગૃતિની લહેર છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મેરેથોન પ્રત્યે લોકોમાં એટલો ક્રેઝ છે કે ધાર્યા કરતા પણ વધુ



રજિસ્ટ્રેશન થયા છે. સંસ્થાને ૧૮૦૦ રજિસ્ટ્રેશનની અપેક્ષા હતી, પરંતુ અત્યાર સુધીમાં ૧૯૦૦થી વધુ લોકોએ આ દોડમાં જોડાવા માટે મહોર લગાવી દીધી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ મેરેથોનમાં આર્મી અને પોલીસના જવાનોની સાથે ૧૦૦ જેટલા દિવ્યાંગ બાળકો પણ ભાગ લઈને સમાજને એકતાનો સંદેશ આપશે. રેસ ડાયરેક્ટર સુરપ્રીતસિંહ ખાલસાએ જણાવ્યું કે, આ રૂટ વર્લ્ડ એથ્લેટિક્સ દ્વારા એઈમ્સ સર્ટિફાઈડ છે, જે તેની આંતરરાષ્ટ્રીય ગુણવત્તા દર્શાવે છે.

જાણકારો કહે છે કે એડીઆર ફાઉન્ડેશનના પ્રમુખ કિશોર ખત્રીએ યુવાનોના સ્વાસ્થ્યની ચિંતા કરી આ બીડું ઝડપ્યું છે. ૫ કિ.મી., ૧૦ કિ.મી. અને ૨૧.૦૯ કિ.મી.ની ત્રણ કેટેગરીમાં યોજાનારી આ દોડમાં વિજેતાઓ માટે ૩.૪૦ લાખ રૂપિયાની માતબર રોકડ રકમના ઈનામો રાખવામાં આવ્યા છે. પાલનપુરના બજારોમાં અત્યારે સ્પોર્ટ્સ શૂઝ અને ટ્રેકશૂટની માંગ વધી છે, જે દર્શાવે છે કે શહેર રમતગમતના રંગે રંગાઈ ગયું છે. ૨ અને ૩ જાન્યુઆરીએ કીટ વિતરણની વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જેથી દોડવીરોને કોઈ તકલીફ ન પડે.

આ કાર્યક્રમને સફળ બનાવવા જવેલેક્સ ફાઉન્ડેશન અને બોમ્બે જવેલરી જેવા સ્પોન્સર્સ પણ ખભેખભા મિલાવીને ઉભા છે.

---

# મુખ્યમંત્રીના દ્વારે ભૂદેવો: ભાગેડુ લગ્નમાં મા-બાપની સંમતિ ફરજિયાત કરો

જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.30

ગુજરાતના રાજકીય અને સામાજિક ફલક પર બ્રહ્મ સમાજ હંમેશા પથદર્શક રહ્યો છે. આજે રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના પ્રતિનિધિ મંડળે CM ભુપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની મુલાકાત લેતા રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. અંબાજી ખાતે ગત ૧૪મી ડિસેમ્બરે યોજાયેલી કારોબારી બેઠકના ઐતિહાસિક ઠરાવોને લઈને સમાજના અગ્રણીઓ સરકારના દ્વારે પહોંચ્યા હતા. આ મુલાકાત માત્ર શુભેચ્છા નહોતી, પણ સમાજના હિતો માટેની એક મક્કમ રજૂઆત હતી. પ્રતિનિધિ મંડળે મુખ્યત્વે ત્રણ ગંભીર મુદ્દાઓ પર સરકારનું ધ્યાન દોર્યું છે. પ્રથમ, EWSના લાભો માત્ર શિક્ષણ કે નોકરી પૂરતા સીમિત ન રાખીને, રાજકીય ક્ષેત્રમાં પણ ૧૦ ટકા અનામત આપવામાં આવે. બીજી સૌથી મહત્વની માંગણી 'ભાગેડુ લગ્નો' અંગેની છે. સમાજે સ્પષ્ટ માંગ કરી છે કે, મા-બાપની સંમતિ વિના થતા લગ્નોના કિસ્સામાં રજીસ્ટ્રેશન પહેલા વાલીઓની મંજૂરી ફરજિયાત બનાવતો કાયદો લાવવામાં આવે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, સામાજિક મૂલ્યોના જતન માટે આ ફેરફાર અનિવાર્ય હોવાનું જણાવાયું છે. બ્રહ્મ સમાજની શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓના વેગ માટે ગાંધીનગર ખાતે જમીન ફાળવણીની માંગ પણ વર્ષો જૂની છે, જેને આ બેઠકમાં ફરી દોહરાવવામાં આવી છે.

---

**કોમર્સ અને BBAના વિદ્યાર્થીઓને 40,000ની ગ્રાન્ટ મંજૂર થઈ**

# જૂનાગઢ જિલ્લાના યુવાનો બનશે બિઝનેસ ટાયકૂન: 4 વિદ્યાર્થીઓને મળી મોટી ગ્રાન્ટ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.30

ગિરનારની ગોદમાં વસેલું જૂનાગઢ હવે માત્ર પ્રવાસન નહીં, પણ ભાવિ ઉદ્યોગપતિઓના હબ તરીકે ઉભરી રહ્યું છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન અને જે.જે.સી.ઇ. ટ્રસ્ટ સંચાલિત કોમર્સ કોલેજના ચાર તેજસ્વી તારલાઓએ સિદ્ધ કરી બતાવ્યું છે કે જો વિચારમાં દમ હોય, તો સરકાર પણ સાથ આપે છે. કોલેજના રોશની ચાવડા, જિગર સિંધવ, દર્શિલ ગોંડલિયા અને અભય સોલંકીના બિઝનેસ પ્રપોઝલ્સની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થતા, દરેક વિદ્યાર્થીને રૂ. ૪૦,૦૦૦/-ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ સિદ્ધિએ સાબિત કર્યું છે કે જૂનાગઢનો યુવાન હવે નોકરી પાછળ દોડવાને બદલે નોકરી આપનાર બનવા સજ્જ છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા



મુજબ, ભારતીય ઉદ્યોગસાહસિક વિકાસ સંસ્થા હેઠળ કાર્યરત આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ સેલ દ્વારા વિદ્યાર્થીઓને વ્યવસાય આયોજન અને પ્રોજેક્ટ રજૂઆત અંગે સચોટ તાલીમ આપવામાં આવી હતી. પ્રો. એ.એલ. મોકરિયા અને ડો. બંસી આર. શાહના અવિરત માર્ગદર્શનથી આ અશક્ય કામ શક્ય બન્યું છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે આ તકે જણાવ્યું હતું કે, જે રીતે વ્યક્તિ માટે બુદ્ધિ જરૂરી છે, તેમ ઉદ્યોગ માટે સાહસ અનિવાર્ય છે. વૈજ્ઞાનિકો પદ્ધતિ વિકસાવે અને બેંકો નાણાં આપે, પણ જો સાહસિકો ન હોય તો દેશનો ઔદ્યોગિક વિકાસ અટકી જાય છે. ટ્રસ્ટી સુરેશભાઇ વેકરીયાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા બજારની જટીલતા અને ઉદ્યોગ સાહસિકની જવાબદારી પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, એક સાહસિકે કાચો માલ ક્યાંથી મેળવવો ત્યાંથી લઈને વેચાણ વ્યૂહરચના સુધીની તમામ કડીઓ જોડવી પડે છે.

---

# જૂનાગઢમાં સાવજોનું રાજ: જંગલ છોડી હવે શહેરમાં કેસરી ગર્જના

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.30

ગરવા ગિરનારની ગુફાઓમાં ગુંજતી સિંહોની ડણક હવે જૂનાગઢના રસ્તાઓ પર સાંભળવા મળી રહી છે. ગિરનાર અભયારણ્યમાં તો ૫૪ સિંહોનું સ્થાયી રહેઠાણ છે જ, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે જંગલની સરહદો ઓળંગીને સાવજોએ હવે શહેરી વિસ્તારમાં પોતાનું 'રાજ' સ્થાપિત કર્યું છે. ૨૦૨૨માં જે સિંહોની સંખ્યા જંગલ બહાર માત્ર ૪ હતી, તે આજે વધીને ૧૮ પર પહોંચી ગઈ છે. જૂનાગઢવાસીઓ માટે આ માત્ર સમાચાર નથી, પણ એક જીવંત અનુભવ છે કે જ્યાં રાત્રિના સન્નાટામાં કેસરીયા ઠાઠ સાથે સાવજો લટાર મારતા જોવા મળે છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, સિંહોના બે મુખ્ય જૂથો–CBF (કેટલ બ્રીડિંગ ફાર્મ) અને સિટી ગ્રુપ–હવે એક થઈ ગયા છે. વર્ષ ૨૦૨૨માં એક સિંહણ અને ત્રણ સિંહબાળ સાથે શરૂ થયેલું CBF ગ્રુપ આજે વિરાટ બન્યું છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ સિંહોએ પ્લાસવાની ખાણ, બિલખા રોડ અને પાવર સ્ટેશન જેવા વિસ્તારોને પોતાની નવી ટેરેટરી બનાવી લીધી છે. ફોરેસ્ટ ઓફિસરના જણાવ્યા મુજબ, સંવનન બાદ નવા સિંહબાળનો જન્મ થતા આ સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયો છે, જે જૂનાગઢ માટે ગર્વની વાત છે. જાણકારો કહે છે કે સિટી ગ્રુપના ત્રણ નર સિંહો, જેઓ 'અમર, અકબર અને એન્થોની' તરીકે પ્રચલિત થયા છે, તેઓ હવે આખા પંથકની શાન છે.

---

**શ્રીજી હોસ્પિટલ અને જેસીઆઈનો માનવતાવાદી અભિગમ**

# જૂનાગઢમાં સેવાનો સેતુ: 1200 દર્દીઓએ લીધો ફ્રી કેમ્પનો લાભ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.30

જ્યારે માનવતાનો સાદ પડે ત્યારે સેવાભાવી સંસ્થાઓ હંમેશા આગળ આવતી હોય છે. ગરવા ગિરનારની ગોદમાં વસેલા જૂનાગઢ શહેરમાં તાજેતરમાં સેવાનો એક અનોખો સંગમ જોવા મળ્યો. જેસીઆઈ જૂનાગઢ અને શ્રીજી મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા ભવ્ય ફ્રી નિદાન કેમ્પમાં સેંકડો જરૂરિયાતમંદ પરિવારોના ચહેરા પર સ્મિત જોવા મળ્યું હતું. આ કેમ્પ માત્ર તબીબી તપાસ પૂરતો મર્યાદિત ન રહ્યો, પણ તે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે આશાનું કિરણ બનીને આવ્યો હતો. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કેમ્પ તા.19-20 અને 26-27 ડિસેમ્બરના રોજ ખાસ જૂનાગઢ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ માટે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં 1200 થી વધુ દર્દીઓએ



પોતાની તપાસ કરાવી હતી. આંકડા સાક્ષી પૂરે છે કે શહેરના ખૂણેખૂણેથી લોકો પોતાની વ્યાધિના નિવારણ માટે ઉમટી પડ્યા હતા. કેમ્પમાં આવનાર દરેક દર્દીને ખૂબ જ આત્મીયતા સાથે સાંભળવામાં આવ્યા હતા, જે આ આયોજનની સૌથી મોટી સફળતા રહી છે. શ્રીજી હોસ્પિટલના નામાંકિત તબીબોની હાજરી આ કેમ્પનું મુખ્ય આકર્ષણ હતું. ઓર્થોપેડિક સર્જન ડો. દેવમ દવે, લેપ્રોસ્કોપી સર્જન ડો. કુલદીપ વાણવી, એમડી મેડિસિન ડો. દ્વારકેશ ટીલાણા અને આઈસીયુ ઈન્ચાર્જ ડો.સિધ્ધરાજ દેવરાણીયા જેવા નિષ્ણાતોએ વ્યસ્ત શિડ્યુલમાંથી સમય કાઢીને નિ:શુલ્ક સેવા આપી હતી.

હવે ચમકશે વાવ | રાહ-થરા-કિયાલ-ડેંડુવા માર્ગને ૧૧ કરોડના ખર્ચે પહોળો કરાશે

# વાવ-થરાદમાં શંકર ચૌધરીએ વિકાસ કાર્યોનું કર્યું ખાતમુર્હુત અને લોકાર્પણ

મહેશ સોલંકી | પાલનપુર તા.30

બનાસકાંઠાની તપતી રેતી અને સરહદી પવનોમાં આજે એક અનોખો ઉત્સાહ જોવા મળ્યો. જ્યારે ધરતીપુત્રોના હિતની વાત હોય અને શિક્ષણનો દીવો પ્રગટાવવાની નેમ હોય, ત્યારે નેતૃત્વ કેવું હોવું જોઈએ તે આજે વાવ અને થરાદની જનતાએ નિહાળ્યું. ગુજરાત વિધાનસભાના લોકપ્રિય અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આજે પોતાના મતક્ષેત્રમાં વિકાસનો એવો પાયો નાખ્યો છે, જે આવનારી પેઢીઓનું ભાગ્ય બદલી નાખશે. માત્ર પથ્થરો જડ્યા નથી, પણ લોકોની આશા અને અપેક્ષાઓને મજબૂત કરી છે. શંકરભાઈએ ભોરડુ ગામે રૂ. 32.92 લાખના ખર્ચે નવીન પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુર્હુત કરીને ગરીબ પરિવારોને ઘર આંગણે સારવાર મળે તેવું આયોજન કર્યું છે. ગામડાંઓમાં જ્યારે પંચાયત ભવન નવું બને છે, ત્યારે આખું ગામ ગર્વ અનુભવે છે. મનરેગા હેઠળ રૂ. 17 લાખના ખર્ચે બનેલા પંચાયત



ભવનનું લોકાર્પણ અને દરબારવાસમાં કોમ્યુનિટી હોલનું ખાતમુર્હુત એ વાતની સાક્ષી પૂરે છે કે છેવાડાનો માનવી સરકારની પ્રાથમિકતામાં છે. જાણકારો કહે છે કે, શિક્ષણ વગરનો સમાજ પાંગળો છે. આ વાતને સાર્થક કરતા શંકરભાઈએ રાહ મુકામે ઠાકોર સમાજના વિદ્યા સંકુલ માટે રૂ. 26 લાખની ગ્રાન્ટ ફાળવીને સમાજના તેજસ્વી તારલાઓને નવી તક આપી છે. કોચલા ઠાકોર સમાજ દ્વારા થયેલું સન્માન એ માત્ર વ્યક્તિનું નહીં, પણ તેમની જનસેવા પ્રત્યેની નિષ્ઠાનું સન્માન હતું. ડેંડુવા પ્રાથમિક શાળામાં જ્યારે બાળકો પ્રાર્થના શેડ નીચે બેસશે, ત્યારે તેમના ચહેરાની સ્મિત શંકરભાઈના પ્રયાસોનું સૌથી મોટું ઈનામ હશે. ખેડૂતો અને વેપારીઓ માટે સૌથી મોટા સમાચાર એ છે કે રૂ. 12 કરોડના ખર્ચે જેટકો હસ્તકના 66 કેવી સબ-સ્ટેશનનું કામ શરૂ થયું છે. હવે ખેતરોમાં વીજળીનો ઝળહળાટ હશે અને રાત્રે પણ કામ કરવામાં સરળતા રહેશે. આટલું જ નહીં, રાહ-થરા-કિયાલ-ડેંડુવા માર્ગને રૂ. 11 કરોડના ખર્ચે પહોળો કરવાની કામગીરી શરૂ થતા જ વાહનવ્યવહાર ઝડપી બનશે. બજારમાં હવે ચાય-સમોસાની લિજ્જત માણતા લોકો એક જ વાત કરી રહ્યા છે કે, 'સાહેબે તો ખરેખર કાયાપલટ કરી દીધી!' કાર્યક્રમના અંતે શંકરભાઈએ ભાવુક થતા જણાવ્યું હતું કે, 'અમારો લક્ષ્ય છે કે ગામડાનો કોઈ પણ વ્યક્તિ સુવિધાથી વંચિત ન રહે. પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં અમે ગુજરાતના ખૂણે ખૂણે વિકાસ પહોંચાડવા કટિબદ્ધ છીએ.'

જનતામાં ફફડાટ | માતાઓની નજર સામે સંતાનોને ફાડી ખાતી સિંહણ, તંત્રની કામગીરી સામે રોષ

# સૌરાષ્ટ્રમાં વન્યજીવોનો આતંક: બે મહિનામાં 8 માસૂમોનો લેવાયો ભોગ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.30

સૌરાષ્ટ્રની ધરતી પર ગુંજતી સિંહોની ડણક હવે ગૌરવ નહીં પણ ગભરાટનું કારણ બની છે. છેલ્લા બે મહિનામાં ગીર ગઢડા, બગસરા અને ધારી પંથકમાં જે કરુણ ઘટનાઓ બની છે, તેણે સમગ્ર માનવતાને હચમચાવી દીધી છે. કાળજું કંપી જાય તેવી વાસ્તવિકતા એ છે કે, ત્રણ માસૂમ બાળકોને તેમની જનેતાની નજર સામે જ વન્યજીવોએ ફાડી ખાધા છે. હામાપુર હોય કે ત્રંબકપુર, દરેક ગામમાં આજે માતમ છવાયેલો છે. વન્યજીવો અને માનવી વચ્ચેનો આ સંઘર્ષ હવે લોહિયાળ વળાંક લઈ રહ્યો છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, મે ૨૦૨૫ની ગણતરી મુજબ ગુજરાતમાં ૮૯૧ સિંહો છે, જેમાંથી ૪૪ ટકા એટલે કે ૩૯૪





સિંહો જંગલની બહાર રેવન્યુ વિસ્તારોમાં વસે છે. જંગલ નાનું પડતા વનરાજો હવે ખેતરો અને વાડીઓમાં ડેરો નાખી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, અમરેલીના ધારીમાં તાજેતરમાં જ એક ૫ વર્ષના બાળકનું દીપડાના હુમલામાં મોત નિપજ્યું છે. ગીર ગઢડાના સનવાવ અને ખાંભાના ગીદરડીમાં પણ ખેડૂતો અને માલધારીઓ પર સિંહણે જીવલેણ હુમલા કર્યા છે. કોડીનારના સિંધાજ અને વલાદર ગામમાં તો દીપડા અને સિંહો ધોળે દિવસે રસ્તા પર દેખાઈ રહ્યા છે, જેનાથી લોકોના જીવ તાળવે ચોંટ્યા છે.

જાણકારો કહે છે કે ગીરનું જંગલ હવે સિંહો માટે સીમિત થઈ ગયું છે. ખાસ કરીને શેત્રુંજી નદીના પટમાં ખોરાક અને પાણીની શોધમાં વન્યજીવો માનવ વસાહત તરફ વળ્યા છે. જાફરાબાદના ભાકોદર ગામની સ્થિતિ તો કાળજું કંપાવનારી છે; અહીં એક પિતાએ દીપડાના ડરથી પોતાની પાંચ દીકરીઓને રાત્રે સુવડાવવા માટે લોખંડનું પાંજરું બનાવવું પડ્યું છે! આ દ્રશ્ય આધુનિક યુગના 'વિકાસ' પર મોટો પ્રશ્નાર્થ છે. જ્યારે રક્ષણ આપવાની જવાબદારી વન વિભાગની છે, ત્યારે શ્રમિકોએ પોતાના સંતાનોને પાંજરે પૂરવા પડે તે વહીવટી તંત્રની નિષ્ફળતા છે.

જૂનાગઢના વંથલીથી લઈને કોડીનારના મૂળદ્વારકા સુધી આજે ભયનો માહોલ છે. નિષ્ણાતોનું માનવું છે કે જો વન્યજીવો માટે રક્ષિત વિસ્તારોમાં ખોરાકની વ્યવસ્થા નહીં કરાય, તો આ હુમલાઓ વધશે. બજારમાં અને રીક્ષા સ્ટેન્ડ પર લોકો પૂછી રહ્યા છે કે, 'શું સિંહ-દીપડાની વસ્તી વધવી એ જ પ્રગતિ છે? માણસના જીવની કોઈ કિંમત નથી?' વન વિભાગે પાંજરા મૂકીને ખૂંખાર દીપડાઓને પકડવાની કવાયત તો શરૂ કરી છે, પણ કાયમી ઉકેલ હજુ જોજનો દૂર છે. હવે સમય આવી ગયો છે કે સરકાર વન્યજીવોના વધતા વ્યાપ અને માનવ સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવા નક્કર નીતિ ઘડે.

ST બસો અને સુરક્ષામાં વધારો | 7000 પ્રવાસીઓ જોઈ શકશે વ્યૂ ગેલેરી

# એકતાનગર પ્રવાસીઓથી ઉભરાયું નવા વર્ષની ઉજવણીને લઈ ચેકિંગ

ભરત શાહ | નર્મદા તા.30

વર્ષ 2025ને વિદાય આપવા અને નવા વર્ષને આવકારવા માટે અત્યારે આખા ભારતની નજર નર્મદા જિલ્લાના કેવડિયા પર ટકેલી છે. એકતાનગર અત્યારે જાણે નાનું ભારત બની ગયું હોય તેવું લાગે છે. ગુલાબી ઠંડીના વાતાવરણમાં પ્રવાસીઓનો એવો તો ધસારો જોવા મળી રહ્યો છે કે 4 જાન્યુઆરી સુધી સ્ટેચ્યુ ઓફ યુનિટીની તમામ ટિકિટો અત્યારથી જ ફૂલ થઈ ગઈ છે. હોટલો, ટેન્ટ સિટી અને રસ્તાઓ પર પગ મૂકવાની પણ જગ્યા નથી.



મીડિયા રિપોર્ટ્સ અનુસાર, છેલ્લા છ દિવસમાં જ 5 લાખથી વધુ પ્રવાસીઓ અહીં નોંધાયા છે. રવિવારે તો હદ થઈ ગઈ જ્યારે એક જ દિવસમાં 70 હજારથી વધુ લોકો ઉમટી પડ્યા હતા. પ્રવાસીઓની ભારે ભીડને જોતા એસ.ઓ.યુ. સત્તામંડળના સીઈઓ અમિત અરોરાએ તાબડતોબ એસટી બસોની સંખ્યામાં વધારો કર્યો છે. જાણકારોનું કહેવું છે કે અત્યાર સુધીમાં અહીં 2.85 કરોડથી વધુ પ્રવાસીઓ મુલાકાત લઈચૂક્યા છે, જે પોતાનામાં જ એક રેકોર્ડ છે.

આજે રાત્રે કેવડિયામાં દિવાળી જેવો માહોલ હશે. તમામ હોટલો અને ક્રૂઝમાં ગાલા ડિનર અને ડીજે ડાન્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસીઓ નર્મદાના શાંત કિનારે સંગીતના તાલે ઝૂમવા માટે તૈયાર છે. બીજી તરફ, પ્રવાસીઓની સુરક્ષા માટે પોલીસ અધીક્ષક વિશાખા ડાબરાલે સીઆઈએસએફ અને એસઆરપી સાથે મળીને અભેદ્ય કિલ્લો તૈયાર કર્યો છે. બોર્ડરથી લઈને સીસીટીવી મોનિટરિંગ સુધીની તમામ વ્યવસ્થા સજ્જ છે જેથી કોઈ પણ અપ્રિય ઘટના ન બને.

સરહદે સઘન સર્ચ ઓપરેશન

# થર્ટી ફર્સ્ટને લઈ ડાંગ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ

સુશિલ પવાર | ડાંગ તા.30

થર્ટી ફર્સ્ટ એટલે કે ૩૧મી ડિસેમ્બરની ઉજવણી માટે ગુજરાતનું એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા સહેલાણીઓથી ઉભરાઈ રહ્યું છે.વર્ષના અંતિમ દિવસોમાં પ્રવાસીઓની ભારે ભીડને જોતા અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ડાંગ પોલીસ અત્યારે ફૂલ એક્શન મોડમાં જોવા મળી રહી છે. ડાંગ જિલ્લા પોલીસ વડા (SP) પૂજા યાદવના સીધા માર્ગદર્શન હેઠળ મહારાષ્ટ્ર સરહદને જોડતા તમામ રસ્તાઓ પર લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.સાપુતારા પોલીસ મથકના પી.આઈ. પી.ડી. ગોંડલિયા,વઘઈ પોલીસ મથકનાં પી.આઈ. વી.કે ગઢવી,આહવા પોલીસ મથકનાં પી.આઈ.આર. એસ.પટેલ,સુબિર પોલીસ મથકનાં પી.આઈ.ડી.કે.



ચૌધરી અને તેમની ટીમ દ્વારા ગત રાતથી જ વિવિધ ચેકપોસ્ટ પર સર્ચ ઓપરેશન તેજ કરવામાં આવ્યું છે. ખાસ કરીને મહારાષ્ટ્રથી ગુજરાતમાં પ્રવેશતા વાહનોનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. પોલીસ દ્વારા મુખ્યત્વે સાપુતારા ચેકપોસ્ટ,માંળુગા ચેકપોસ્ટ,બરડા ચેકપોસ્ટ, બરમ્યાવડ ચેકપોસ્ટ,ચીંચલી ચેકપોસ્ટ, સિંગાણા ચેકપોસ્ટ,ઝાકરાઈબારી ચેકપોસ્ટ પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

સરકારી કાર્યક્રમોના ખર્ચાનો હિસાબ માંગતા ભાજપ બૌખલાયું: ચૈતર વસાવા

# નર્મદાના સાવલીમાં 'ગુજરાત જોડો' જનસભામાં ધારસભ્ય ચૈતર વસાવાએ આપી હાજરી

(એજન્સી) અમદાવાદ/નર્મદા/ભરૂચ તા.30

નર્મદા જિલ્લાના સાવલી ખાતે આજે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ "ગુજરાત જોડો" જનસભામાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને આમ આદમી પાર્ટીને સમર્થન આપ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય ચૈતર વસાવાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, આપણા પૂર્વજોએ અંગ્રેજો સામે પણ યુદ્ધ લડ્યા અને પોતાની શહીદી આપી અને બાદમાં આપણે તમામને આઝાદી મળી. તો આઝાદી બાદ આપણને એવી આશા હતી કે ભારત દેશનું બંધારણ ઘડાયું છે તો હવે આદિવાસી લોકોને ન્યાય મળશે. બંધારણ બન્યું, અલગ અલગ રાજ્યો બન્યા, અલગ અલગ પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિ



બન્યા પરંતુ હજુ પણ આઝાદીના 78 વર્ષ બાદ પણ બંધારણમાં આદિવાસીઓ માટે કરેલી જોગવાઈ એટલે કે અનુસૂચિ પાંચ અને પેસા એક્ટને લાગુ કરવામાં આવ્યો નથી. આદિવાસી વિસ્તારોમાં કોઈપણ પ્રકારનું કામ કરવું હોય, કોરીડોર બનાવવો, પ્રોજેક્ટ શરૂ કરવો હોય કે પછી હાઈટેન્શન ટાવર નાખવા હોય પછી કોઈ નહેર બનાવવી હોય, તો આવી કોઈ પણ પ્રકારની કામગીરી માટે ગ્રામસભાને સત્તા આપી છે.

બંધારણમાં જ કહેવામાં આવ્યું છે કે "ન લોકસભા ન વિધાનસભા, સબસે ઊંચી ગ્રામસભા" પરંતુ દુઃખની બાબત એ છે કે આપણા ગ્રામસભાના જે પાવર છે, તેને લાગુ કરવામાં આવ્યો નથી. ગ્રામસભાના એજન્ડા એસી ચેમ્બરમાં બેઠેલા અધિકારીઓ બનાવે છે, ગાંધીનગરથી મોકલેલા એજન્ડા પર ચર્ચા કરવામાં આવે છે.

# ડાંગના શિવારીમાળમાં ભજન-કીર્તન સાથે નવા વર્ષની વધામણી

સુશિલ પવાર | ડાંગ તા.30

જ્યારે દુનિયા 31મી ડિસેમ્બરની રાત્રે ઘોંઘાટ અને પાર્ટીઓમાં મશગૂલ હશે, ત્યારે ગુજરાતના છેવાડાના ડાંગ જિલ્લામાં ભક્તિ અને સંસ્કારનો એક અનોખો કુંભ ભરાશે. ડાંગની ધરતી પર શિક્ષણ અને સંસ્કારની જ્યોત પ્રગટાવનાર પૂજ્ય સાધ્વી યશોદા દીદીએ પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ સામે એક નવો અને પવિત્ર રાહ ચીંધ્યો છે. શિવારીમાળ ખાતે યોજાનારી આ ઉજવણી માત્ર એક કાર્યક્રમ નથી, પણ આપણી ભારતીય પરંપરાને જીવંત રાખવાનો એક ભગીરથ પ્રયાસ છે.શિવારીમાળ ખાતે છેલ્લા બે વર્ષથી આ પરંપરા ચાલી રહી છે. આ વર્ષે પણ 31 ડિસેમ્બર 2025ના રોજ સાંજે 7 વાગ્યાથી આખી રાત્રિ દરમિયાન ભજન-કીર્તનની ખુલ્લી સ્પર્ધા યોજાશે.

# બનાસકાંઠામાં મંત્રી પ્રવીણ માળીએ ફૂંક્યો વિકાસનો શંખનાદ

મહેશ સોલંકી | પાલનપુર તા.30

બનાસકાંઠાની ધરતી પર આજે જ્યારે વન અને પર્યાવરણ મંત્રી પ્રવીણભાઈ માળીએ ડગ માંડ્યા, ત્યારે અમીરગઢના પહાડી વિસ્તારોમાં વિકાસનો નવો સૂરજ ઉગ્યો હોય તેવો અહેસાસ થયો. મંત્રીશ્રીએ માત્ર ખાતમુર્હુત નથી કર્યા, પણ આદિજાતિ વિસ્તારના લોકોના હૃદયમાં આશાનું વાવેતર કર્યું છે.

મડાણાના એસ.આર.પી ગ્રાઉન્ડ પરથી ખેલદિલી સાથે શરૂ થયેલો તેમનો પ્રવાસ કપાસિયા પહોંચતા જ 42.84 કરોડના વિકાસ કાર્યોમાં પરિવર્તિત થઈ ગયો હતો. અમીરગઢ તાલુકાના



ડાભેલા, અંબાજી, સરોત્રા અને ઈકબાલગઢ જેવા વિસ્તારોને જોડતા કુલ 48 કિલોમીટરના રસ્તાઓનું હવે નવિનીકરણ થશે. જેમાં રૂ. 15 કરોડના ખર્ચે સરોત્રા-કપાસિયા રોડ અને રૂ. 14 કરોડના ખર્ચે ઈકબાલગઢ-ખારા રસ્તાનું કામ હાથ ધરાશે. આ રસ્તાઓ બનવાથી માત્ર વાહનો જ નહીં દોડે, પણ આદિવાસી સમાજના આર્થિક વિકાસના પૈડાં પણ ગતિ પકડશે. હવે ગામડાંનો ખેડૂત પોતાનો માલ શહેરના બજાર સુધી ઝડપથી પહોંચાડી શકશે. રાજ્ય સરકાર વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે કામ કરી રહી છે. મંત્રી પ્રવીણભાઈ માળીએ જનમેદનીને સંબોધતા ગર્વ સાથે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વનબંધુ કલ્યાણ યોજના માટે 30 હજાર કરોડનું ઐતિહાસિક બજેટ ફાળવવામાં આવ્યું છે.

# રાજુલાના આરોગ્ય મંદિરોનો દિલ્હીમાં ડંકો: 3 કેન્દ્રોને મળ્યું NQAS સન્માન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.30

અમરેલી જિલ્લાના રાજુલાના ત્રણ આયુષ્માન આરોગ્ય મંદિરોએ આ છબીને કાયમ માટે બદલી નાખી છે. દિલ્હીથી આવેલી સેન્ટ્રલ ક્વોલિટી કાઉન્સેલિંગ ઓફ ઈન્ડિયાની ટીમે જ્યારે અહીં તપાસ કરી, ત્યારે તેઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

પરિણામે, ભારત સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે આ કેન્દ્રોને રાષ્ટ્રીય કક્ષાનું NQAS પ્રમાણપત્ર એનાયત કર્યું છે. આ એસેસમેન્ટમાં વાવડી આરોગ્ય કેન્દ્ર 92.56 ટકા ગુણ મેળવીને અવ્વલ રહ્યું છે, જ્યારે કુંભારિયાને 89.59 અને વાવેરાને 82.44 ટકા ગુણ મળ્યા છે. આ માત્ર આંકડા નથી, પણ ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફના પરસેવાની કમાણી છે. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા અને આરોગ્ય અધિકારી ડૉ. રશ્મિકાંત જોષીના માર્ગદર્શન હેઠળ ટીમે દિવસ-રાત એક કરીને આ સિદ્ધિ મેળવી છે.

# રિફોર્મ એક્સપ્રેસ 2025: ભારતના આગામી વિકાસ તબક્કા માટે સુદૃઢ પાયો

જેમ જેમ 2025 પૂર્ણ થવાની આરે છે, તેમ તેમ મોટી હેડલાઇન્સ સરળતાથી જોવા મળે છે, પરંતુ જે બાબત ધ્યાન બહાર નથી આવતી તે છે શાસનનું શાંત કાર્ય, દર અઠવાડિયા સુધી અવિરત અવરોધો દૂર કરવા - આ સંચિત પ્રયાસને હું રિફોર્મ એક્સપ્રેસ 2025 કહું છું.

ભારતે નોમિનલ જીડીપીમાં લગભગ USD 4.1 ટ્રિલિયનનો આંકડો વટાવીને જાપાનને પાછળ છોડી દીધું અને વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું. સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સે 18 વર્ષ પછી ભારતનું સોવરેન રેટિંગ BBB કર્યું, જે દર્શાવે છે કે મેક્રો સ્ટોરીએ માત્ર વેગ જ નહીં પરંતુ મજબૂતી પણ મેળવી છે. એક અનિશ્ચિત વિશ્વમાં જ્યાં રાજકીય ઉથલપાથલ સામાન્ય બની ગઈ છે, ભારતનું સ્થિર નેતૃત્વ સુધારાઓને વિશ્વસનીય બનાવે છે, અને વિશ્વસનીય સુધારાઓ ખાનગી સાવધાનીનું ખાનગી રોકાણમાં રૂપાંતર કરે છે.

મેં વાટાઘાટોના ટેબલો પરથી જોયું છે કે GATT અને WTO સિસ્ટમોથી લઈને બહુપક્ષીય મંચો સુધી, નિયમો ફક્ત તેમના દ્વારા બનાવેલા પ્રોત્સાહનો જેટલા જ સારા છે. જ્યારે પ્રક્રિયાઓ અસ્પષ્ટ હોય છે, ત્યારે મનસ્વીતા વધે છે અને સારા હેતુવાળી નીતિઓ પણ એન્ટરપ્રાઇઝને નિરાશ કરી શકે છે. જ્યારે પ્રક્રિયાઓ સ્પષ્ટ અને સમયસર હોય છે, ત્યારે સ્પર્ધા વધે છે, રોકાણ યોજનાઓ અમલમાં આવે છે અને નોકરીઓનું સર્જન થાય છે.

ભારતની કુલ નિકાસ 2024-25 દરમિયાન USD 825.25 બિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે, જે વાર્ષિક 6%થી વધુ વૃદ્ધિ દર્શાવે છે. આ વેપાર વોલ્યુમને ટેકો આપવા માટે, સરકારે ટ્રેડ કનેક્ટ ઈ-પ્લેટફોર્મ, નિકાસકારો માટે એક ડિજિટલ વિન્ડો અને ટ્રેડ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિટિક્સ (TIA) પોર્ટલ જેવા ઘણા ડિજિટલ સાધનો રજૂ કર્યા છે, જે વાસ્તવિક સમયના બજાર ડેટા પ્રદાન કરે છે.

જુલાઈ 2025માં હસ્તાક્ષર કરાયેલ ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરારે ભારતીય નિકાસકારો માટે એક મજબૂત પ્લેટફોર્મ બનાવ્યું, જેમાં સેવાઓ અને કુશળ કર્મચારીઓની અવરજવર માટે વ્યાપક ડ્યુટી-મુક્ત ઍક્સેસ અને સ્પષ્ટ માર્ગોનો સમાવેશ થાય છે. ડિસેમ્બર 2025માં ભારતે ઓમાન સાથે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા, જેનાથી માલ, સેવાઓ અને રોકાણ માટે વ્યૂહાત્મક આર્થિક કોરિડોર મજબૂત બન્યો. ભારતે ન્યુઝીલેન્ડ સાથે મુક્ત વેપાર કરાર માટે વાટાઘાટો પણ પૂર્ણ કરી, ઉચ્ચ-મૂલ્યના બજારોમાં ભારતની પહોંચનો વિસ્તાર કર્યો અને શિસ્તબદ્ધ, વ્યાપારી રીતે અર્થપૂર્ણ કરારો માટે એક નમૂનો સેટ કર્યો.



હરદીપ એસ પુરી
પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી, ભારત સરકાર

ભારતનું સ્ટાર્ટઅપ ક્ષેત્ર 200,000થી વધુ સરકાર-માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ સુધી વિકસ્યું છે, જેનાથી 2.1 મિલિયનથી વધુ નોકરીઓનું સર્જન થયું છે. ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC)એ 326 મિલિયનથી વધુ ઓર્ડર્સ પર પ્રક્રિયા કરી, જેમાં દરરોજ સરેરાશ 5.9 લાખથી વધુ વ્યવહારો થયા. વધુમાં, સરકારી ઈ-માર્કેટપ્લેસ (GeM) પર કુલ વ્યવહાર મૂલ્ય 16.41 લાખ કરોડને વટાવી ગયું, જેમાં 1.1 મિલિયન નાના અને મધ્યમ ઉદ્યોગોને 7.35 લાખ કરોડથી વધુ મૂલ્યના ઓર્ડર મળ્યા.

ભારતે ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં પણ પોતાનું સ્થાન સુધાર્યું છે, જે 139 અર્થવ્યવસ્થાઓમાંથી 38મા સ્થાને પહોંચી ગયું છે. વ્યવસાયિક કામગીરીને સરળ બનાવવાના પ્રયાસોથી 47,000થી વધુ પાલનમાં ઘટાડો થયો છે અને 4,458 કાનૂની જોગવાઈઓને ગુનાહિત જાહેર કરવામાં આવી છે. નવેમ્બરના અંત સુધીમાં, રાષ્ટ્રીય સિંગલ વિન્ડો સિસ્ટમે 8.29 લાખથી વધુ મંજૂરીઓની પ્રક્રિયા કરી હતી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગમાં પણ ફેરફારો જોવા મળ્યા, જેમાં પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન ખાનગી ક્ષેત્ર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો અને પ્રોજેક્ટ મોનિટરિંગ ગ્રુપ પોર્ટલ પર 76 લાખ કરોડથી વધુ મૂલ્યના 3,000થી વધુ પ્રોજેક્ટ્સ ઓનબોર્ડ થયા છે.

વિશ્વાસ-આધારિત શાસનને અપનાવીને, સંસદે રદ્દીકરણ અને સુધારા બિલ 2025 પસાર કર્યું, જેણે 71 જૂના કાયદાઓ રદ કર્યા. જિલ્લા-સ્તરીય સુધારા માળખા દ્વારા વ્યવસાય કરવાની સરળતાને ઉદ્યોગસાહસિકોની નજીક લાવવામાં આવી છે, જેમાં જિલ્લા વ્યાપાર સુધારણા કાર્ય યોજના 2025નો સમાવેશ થાય છે, જેનો ઉદ્દેશ્ય સ્થાનિક વહીવટને વધુ જવાબદાર, વિશ્વસનીય અને જવાબદાર બનાવવાનો છે.

મોટા પાયે ઉત્પાદન અને સેવા અર્થતંત્ર માટે આધુનિક શ્રમ પ્રણાલી આવશ્યક છે જે નોકરીઓને ઔપચારિક બનાવવા અને સામાજિક સુરક્ષા કવરેજને વિસ્તૃત કરવા માંગે છે. 21 નવેમ્બર, 2025થી ચાર શ્રમ સંહિતા અમલમાં મૂકવા સાથે, 29 કેન્દ્રીય શ્રમ કાયદાઓને એક સરળ માળખામાં મર્જ કરવામાં આવ્યા છે, જેમાં વેતન, ઔદ્યોગિક સંબંધો, સામાજિક સુરક્ષા અને કાર્યસ્થળ સલામતીનો સમાવેશ થાય છે.

સિક્યોરિટીઝ માર્કેટ્સ કોડ બિલ સિક્યોરિટીઝ કાયદાને આધુનિક બનાવવા અને સેબીની તપાસ અને અમલીકરણ ક્ષમતાઓને મજબૂત બનાવવા માટે રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં વિશિષ્ટ બજાર અદાલતો માટેની દરખાસ્તો, નિયમનકારો સાથે માહિતીની વહેંચણીમાં સુધારો અને સમયસર ફરિયાદ નિવારણનો સમાવેશ થાય છે. એવા સમયે જ્યારે છૂટક ભાગીદારી વધી છે અને ભારત વિશ્વભરમાંથી વધુ પોર્ટફોલિયો રોકાણ આકર્ષી રહ્યું છે, ત્યારે નિયમનકારી સ્પષ્ટતા રાષ્ટ્રીય સ્પર્ધાત્મકતામાં એક પરિબળ બની જાય છે, જે બચતને ઉત્પાદક રોકાણોમાં ફેરવવામાં મદદ કરે છે.

લોજિસ્ટિક્સ એ એવી જગ્યા છે જ્યાં ખર્ચમાં સુધારો દેખાય છે અને 2025 વેપારના દરિયાઈ કરોડરજ્જુને આધુનિક બનાવવા પર ભાર મૂકે છે. ભારતના જથ્થાની દ્રષ્ટિએ લગભગ 95% અને મૂલ્યની દ્રષ્ટિએ લગભગ 70% વેપાર સમુદ્ર દ્વારા થાય છે, તેથી બંદર અને શિપિંગ કાર્યક્ષમતા એક સ્પર્ધાત્મકતાનો મુદ્દો છે. ભારતીય બંદરો અધિનિયમ 2025 એ વસાહતી યુગના માળખાને બદલ્યું અને આધુનિક શાસન સાધનો રજૂ કર્યા, જેમાં રાજ્ય-સ્તરીય વિવાદ નિરાકરણ, એક વૈધાનિક સંકલન પરિષદ અને સલામતી, આપત્તિ તૈયારી અને પર્યાવરણીય તૈયારી પરના નિયમોને મજબૂત બનાવ્યા. મર્ચન્ટ શિપિંગ અધિનિયમ 2025 અને કેરેજ ઓફ ગુડ્સ બાય સી એક્ટ 2025એ શિપિંગ કાયદાને વધુ આધુનિક બનાવ્યો, સમકાલીન વાણિજ્યને પ્રતિબિંબિત કરવા માટે નિયમો, જવાબદારીઓ અને વિવાદ માળખાને અપડેટ કર્યા.

મંત્રીમંડળે જહાજ નિર્માણને મજબૂત કરવા માટે 69,725 કરોડના પેકેજને મંજૂરી આપી, જેમાં 25,000 કરોડનું દરિયાઈ વિકાસ ભંડોળ અને નાણાકીય સહાય અને વિકાસ ઘટકોનો સમાવેશ થાય છે, જે એક મોટી મહત્વાકાંક્ષા તરફ નિર્દેશ કરે છે: ઔદ્યોગિક ઊંડાણ બનાવવા, નિર્ભરતા ઘટાડવા અને સમય જતાં ભારતમાં નૂરનું મૂલ્ય જાળવી રાખવા. આ ક્લાસિક અર્થમાં ઔદ્યોગિક નીતિ છે, જે એક એવી ઈકોસિસ્ટમ બનાવે છે જ્યાં ખાનગી મૂડી સ્પષ્ટ જોખમ માળખા સાથે પ્રવેશી શકે છે, અને જ્યાં ફક્ત બંદરોમાં જ નહીં પરંતુ શિપયાર્ડ્સ, ઘટકો, એન્જિનિયરિંગ અને સેવાઓમાં પણ નોકરીઓનું સર્જન થાય છે.

ઊર્જા સુધારાઓ પણ લાંબા ગાળાના રોકાણ માટે ડિઝાઇન કરવામાં આવ્યા હતા. ઓઈલફિલ્ડ્સ સુધારા અને નવા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ નિયમો 2025નો ઉદ્દેશ્ય લીઝ ટર્મ દરમિયાન સ્થિરતા પર ભાર મૂકીને, પ્રોજેક્ટના જીવનચક્રમાં એક જ પેટ્રોલિયમ લીઝ તરફ આગળ વધીને અને મંજૂરી માટે સ્પષ્ટ સમયરેખા સ્થાપિત કરીને રોકાણકારોના જોખમને ઘટાડવાનો હતો. ઓપન એકરેજ લાઈસન્સિંગ પોલિસી સંશોધન નકશાને વિસ્તૃત કરવાનું ચાલુ રાખ્યું, રાઉન્ડ X એ આશરે 0.2 મિલિયન ચોરસ કિલોમીટરને આવરી લેતા 25 બ્લોક્સ ઓફર કર્યા, જેમાં મોટાભાગે ઓફશોર, જેમાં ઊંડા પાણી અને અતિ-ઊંડા પાણીની તકોનો સમાવેશ થાય છે. વધુમાં, રાષ્ટ્રીય ઊંડા પાણી સંશોધન મિશનએ સ્થાનિક સંસાધનો, ટેકનોલોજી અને મુશ્કેલ શોધખોળ માટે ક્ષમતાઓ પર વ્યૂહાત્મક ધ્યાન કેન્દ્રિત કરવાનો સંકેત આપ્યો.

રિફોર્મ એક્સપ્રેસ 2025માં વ્યૂહાત્મક ઉર્જા અને ટેકનોલોજી પાસું પણ હતું. બજેટ 2025માં નાના મોડ્યુલર રિએક્ટર અને અન્ય અદ્યતન ડિઝાઈનના વિકાસને વેગ આપવા માટે 20,000 કરોડના ખર્ચ સાથે ન્યુક્લિયર એનર્જી મિશન શરૂ કરવામાં આવ્યું હતું. આ 2047 સુધીમાં 100 GW પરમાણુ ક્ષમતા સુધી પહોંચવાના રાષ્ટ્રીય લક્ષ્ય અને 2033 સુધીમાં પાંચ સ્વદેશી રીતે ડિઝાઇન કરાયેલા ઓપરેશનલ નાના મોડ્યુલર રિએક્ટર રાખવાના લક્ષ્ય સાથે સુસંગત છે. શાંતિ બિલ ભારતના નાગરિક પરમાણુ માળખાને આધુનિક બનાવવા અને કાળજીપૂર્વક નિયંત્રિત ખાનગી ભાગીદારી માટે માર્ગ ખોલવા તરફ એક મુખ્ય પગલું છે. પરમાણુ ઊર્જા ગ્રીડમાં સ્થિર, ઓછી કાર્બન વીજળી ઉમેરે છે અને અદ્યતન ઉત્પાદન, ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઊર્જા-સઘન ઉદ્યોગો બનાવવા માટે ભારતની ક્ષમતાને વધુ વિશ્વાસપૂર્વક મજબૂત બનાવે છે.

એકંદરે, આ સુધારાઓ એક પેટર્ન દર્શાવે છે: કાયદાકીય પુસ્તકની સફાઈ કરવી, નાની બાબતોને ગુનાહિત ન કરવી, શ્રમ પાલનનું આધુનિકીકરણ કરવું, બજાર શાસનને મજબૂત બનાવવું, વેપાર પ્રક્રિયાઓનું ડિજિટાઈઝેશન કરવું, લોજિસ્ટિક્સને સુવ્યવસ્થિત કરવું અને લાંબા ગાળાના ઉર્જા રોકાણોમાં જોખમો ઘટાડવા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સતત દલીલ કરી છે કે સરકારનું કામ ઉત્પાદકતા વધારવા માટે ઉદ્યોગસાહસિકો પરનો બોજ ઘટાડવાનું છે. આ રિફોર્મ એક્સપ્રેસ 2025નો વ્યૂહાત્મક ભાર છે. આ શાંત, સ્થિર કાર્યમાં બે-અંકી વૃદ્ધિના આગામી તબક્કાના બીજ વાવી રહ્યા છે અને ભારત તે સુસંગતતા સાથે કરી રહ્યું છે જે ઘણી અર્થવ્યવસ્થાઓએ ગુમાવી દીધી છે.

# ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મ 'એક્કીસ' માટે બોલિવૂડ એક સાથે આવ્યું




(એજન્સી) મુંબઇ | તા.30

અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદા મોટા પડદા પર પદાર્પણ કરવા માટે તૈયાર છે. તેમની નવી ફિલ્મ, 'એકીઝ', થોડા દિવસોમાં જ સિનેમાઘરોમાં આવવાની છે. અક્ષય કુમારની ભત્રીજી, સિમર ભાટિયા પણ આ ફિલ્મ સાથે અભિનયમાં પદાર્પણ કરી રહી છે. સોમવારે ફિલ્મનું એક ખાસ સ્ક્રીનિંગ યોજાયું હતું, જેમાં સમગ્ર બોલિવૂડ ઉદ્યોગે હાજરી આપી હતી.

'એકીઝ' ની આખી ટીમ સ્ક્રીનિંગમાં હાજર રહી હતી. દિગ્દર્શકો શ્રીરામ રાઘવન અને જયદીપ અહલાવત રેડ કાર્પેટ પર જોવા મળ્યા હતા. ફિલ્મની બાકીની સ્ટાર કાસ્ટ પણ તેમની સાથે જોવા મળી હતી, સિવાય કે દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્ર, જે હવે આપણી વચ્ચે નથી.

ધર્મેન્દ્રએ અગસ્ત્યની ફિલ્મ 'એકીઝ' માં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તે હવે આપણી વચ્ચે નથી, પરંતુ તેમના પરિવારે ખાતરી કરી હતી કે તેમની ગેરહાજરી અનુભવાય. તેમના બે પુત્રો, સની અને બોબી દેઓલ, તેમના પિતાની છેલ્લી ફિલ્મના સ્ક્રીનિંગમાં હાજર રહ્યા હતા. બોબી તેમની પત્ની, પુત્ર અને પિતરાઈ ભાઈ અભય સાથે દેખાયા હતા.

તેમનો મોટો પુત્ર, સની દેઓલ એકલો આવ્યો હતો. તેમનો બદલાયેલો દેખાવ ખૂબ જ આશ્ચર્યજનક હતો. ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મના સ્ક્રીનિંગમાં સની થોડી ભાવુક થતી જોવા મળી હતી. આ સ્ક્રીનિંગ ખાસ કરીને અભિનેતાના બંને પુત્રો દ્વારા પ્રાયોજિત કરવામાં આવ્યું હતું.

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન પણ ધર્મેન્દ્રને છેલ્લી વાર સ્ક્રીન પર જોવા માટે હાજર રહ્યા હતા. તેઓ પણ ત્યાં થોડા ભાવુક થતા જોવા મળ્યા હતા. સલમાનનો ધર્મેન્દ્ર પ્રત્યેનો પ્રેમ કોઈ રહસ્ય નથી. 'બિગ બોસ 19' ના અંતિમ તબક્કામાં, સુપરસ્ટાર ધર્મેન્દ્ર માટે રડતા જોવા મળ્યા હતા. તેઓ હંમેશા કહેતા હતા કે ધર્મેન્દ્ર તેમના માટે પિતા જેવા હતા.

અમિતાભ બચ્ચનની પુત્રી અને તેમની માતા શ્વેતા નંદા પણ અગસ્ત્યની ફિલ્મ '21' ના સ્ક્રીનિંગમાં હાજર રહી હતી.

# નવું વર્ષ, નવી ફિલ્મો... આ 8 ફિલ્મો જાન્યુઆરી 2026માં સિનેમાઘરોમાં રિલીઝ થશે

(એજન્સી) મુંબઇ | તા.30



ફિલ્મ પ્રેમીઓ દર મહિને નવી રિલીઝની રાહ જુએ છે. ફિલ્મ નિર્માતાઓ અને ફિલ્મ સ્ટાર્સ પણ દર મહિને દર્શકો માટે મનોરંજન પૂરું પાડે છે. ઘણીવાર એક નવી ફિલ્મ રિલીઝ થાય છે. નવું વર્ષ, 2026, શરૂ થવાનું છે. નવા વર્ષનો પહેલો મહિનો મનોરંજનની દ્રષ્ટિએ ખૂબ જ ખાસ બનવાનો છે, કારણ કે ફિલ્મ સ્ટાર્સે તેમના ચાહકોના મનોરંજન માટે વિસ્તૃત વ્યવસ્થા કરી છે. આજે, જાન્યુઆરી 2026 માં સિનેમાઘરોમાં રિલીઝ થનારી ફિલ્મો વિશે વાત કરીએ.

જોકે, આ ફિલ્મો સ્પષ્ટપણે દર્શાવે છે કે બોલિવૂડથી લઈને દક્ષિણ સુધીના સ્ટાર્સે દર્શકો માટે એક્શનથી લઈને કોમેડી અને હોરર સુધીની વિવિધ શ્રેણીની ફિલ્મો તૈયાર કરી છે. હવે જોવાનું એ છે કે આમાંથી કઈ ફિલ્મ દર્શકોના દિલ જીતી લેશે અને બોક્સ ઓફિસ પર રેકોર્ડ બનાવશે.

**એક્કીસ:** વર્ષની શરૂઆત શ્રીરામ રાઘવન દ્વારા દિગ્દર્શિત "21" થી થાય છે, જેમાં અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદા અને અક્ષય કુમારની ભત્રીજી સિમર ભાટિયા અભિનીત છે. પીઢ અભિનેતા ધર્મેન્દ્ર, જેમણે આપણને વિદાય આપી છે, તેઓ પણ આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ 1 જાન્યુઆરીએ રિલીઝ થવાની છે.

**ધ સ્પોન્જબોબ મૂવી - સર્ચ ફોર સ્ક્વેરપેન્ટ્સ:** જો તમને એનિમેટેડ ફિલ્મો જોવાનો શોખ હોય, તો "ધ સ્પોન્જબોબ મૂવી: સર્ચ ફોર સ્ક્વેરપેન્ટ્સ" નામની એક કૌટુંબિક-સાહસ એનિમેટેડ ફિલ્મ 2 જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે. આ અમેરિકન ફિલ્મનું નિર્દેશન ડેરેક ડ્રાયમન દ્વારા કરવામાં આવ્યું છે.

**ધ રાજા સાહ:** આ યાદીમાં આગળ પ્રભાસની હોરર-કોમેડી ફિલ્મ "ધ રાજા સાહ" છે. આ ફિલ્મ 9 જાન્યુઆરીએ રિલીઝ થવાની છે. મારુતિ દ્વારા દિગ્દર્શિત, ચાહકો લાંબા સમયથી આ ફિલ્મની રાહ જોઈ રહ્યા હતા, અને હવે તે સમાપ્ત થવાના આરે છે. ફિલ્મનું ટ્રેલર 29 ડિસેમ્બરે રિલીઝ થયું હતું, અને તેને સારો પ્રતિસાદ મળ્યો હતો.

**જન નાયગન:** સુપરસ્ટાર થલાપતિ વિજયની ફિલ્મ "જન નાયગન" 9 જાન્યુઆરીએ રિલીઝ થવાની છે. આ તમિલ ફિલ્મ તેલુગુ, મલયાલમ, કન્નડ અને હિન્દી ભાષાઓમાં રિલીઝ થશે. હિન્દીમાં, તે "જન નેતા" તરીકે રિલીઝ થશે. આ ફિલ્મનું નિર્દેશન એચ. વિનોથ દ્વારા કરવામાં આવ્યું છે. થલાપતિ વિજયની કારકિર્દીની આ છેલ્લી ફિલ્મ છે, કારણ કે તે હવે સંપૂર્ણપણે રાજકારણ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. 2024 માં, તેમણે તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) નામની એક રાજકીય પાર્ટી બનાવી.

**રાહુ કેતુ:** દિગ્દર્શક વિપુલ વિગે "રાહુ કેતુ" નામની એક કોમેડી ફિલ્મ બનાવી છે, જે 16 જાન્યુઆરીએ રિલીઝ થવાની છે. વરુણ શર્મા, પુલકિત સમ્રાટ અને શાલિની પાંડે મુખ્ય ભૂમિકામાં છે.

**હેપ્પી પટેલ - ડેન્જરસ ડિટેક્ટીવ:** આમિર ખાન દ્વારા નિર્મિત, "હેપ્પી પટેલ: ડેન્જરસ ડિટેક્ટીવ" પણ 16 જાન્યુઆરીએ રિલીઝ થવાની છે. આ એક્શન-કોમેડી ફિલ્મમાં વીર દાસ મુખ્ય ભૂમિકામાં છે. વીર દાસે કવિ શાસ્ત્રી સાથે ફિલ્મનું દિગ્દર્શન પણ કર્યું છે. આમિર આ ફિલ્મમાં નાનકડી ભૂમિકામાં પણ જોવા મળશે.

**માયાસભા:** ધ હોલ ઓફ ઇલ્યુઝન: "તુમ્બાડ" ના દિગ્દર્શક રાહી અનિલ બર્વે હવે "માયાસભા: ધ હોલ ઓફ ઇલ્યુઝન" નામની ફિલ્મ લઈને આવી રહ્યા છે. આ મનોવૈજ્ઞાનિક થ્રિલર ફિલ્મમાં જાવેદ જાફરી મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ 16 જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

**બોર્ડર 2:** યાદીમાં છેલ્લે "બોર્ડર 2" છે. આ યુદ્ધ નાટકમાં સની દેઓલ, દિલજીત દોસાંઝ, વરુણ ધવન અને અહાન શેટ્ટી જોવા મળશે. તે 1997 માં આવેલી ફિલ્મ "બોર્ડર" ની સિક્વલ છે, જેનું નિર્દેશન જેપી દત્તા દ્વારા કરવામાં આવ્યું હતું. આ વખતે અનુરાગ સિંહે દિગ્દર્શન સંભાળ્યું છે.

# 52 વર્ષ પહેલાં આમિરે જે ફિલ્મમાં અભિનય કર્યો હતો તેની સાથે સલમાનનો ગાઢ નાતો છે





(એજન્સી) મુંબઇ | બોલિવૂડમાં 'મિસ્ટર પરફેક્શનિસ્ટ' તરીકે જાણીતા આમિર ખાન 37 વર્ષથી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યા છે. તેમણે 1988 માં પોતાની કારકિર્દીની શરૂઆત કરીને અનેક બ્લોકબસ્ટર હિટ ફિલ્મો આપી છે અને અનેક રેકોર્ડ બનાવ્યા છે. તેમની પહેલી ફિલ્મ બ્લોકબસ્ટર સાબિત થઈ હતી, જેના કારણે તેઓ રાતોરાત સ્ટાર બની ગયા હતા. જોકે, એ નોંધનીય છે કે આમિર ખાને 37 વર્ષ પહેલાં નહીં, પરંતુ 52 વર્ષ પહેલાં બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. મુખ્ય અભિનેતા તરીકે કામ કરતા પહેલા, તેઓ બાળ કલાકાર તરીકે કામ કરી ચૂક્યા હતા.

બોલિવૂડમાં મુખ્ય અભિનેતા તરીકે આમિર ખાનની શરૂઆત ફિલ્મ 'કયામત સે કયામત તક' થી થઈ હતી, જે ખૂબ જ સફળ રહી હતી, જેમાં તેમણે પ્રખ્યાત અભિનેત્રી જુહી ચાવલા સાથે અભિનય કર્યો હતો. તેનું નિર્માણ આમિરના કાકા, નાસિર હુસૈન દ્વારા કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે આમિરે અગાઉ તેમના કાકાને તેમની કેટલીક ફિલ્મોમાં મદદ કરી હતી, જેનાથી તેમને ફિલ્મ નિર્માણની ઝીણવટ શીખવાની તક મળી હતી. વધુમાં, તેમના કાકા, નાસિરનો પણ તે ફિલ્મ સાથે સંબંધ હતો જેમાં આમિર ખાન બાળ કલાકાર હતા.

### આમિર ખાનની પહેલી ફિલ્મ

આમિર ખાનનો જન્મ ૧૪ માર્ચ, ૧૯૬૫ના રોજ મુંબઈમાં થયો હતો. આઠ વર્ષની ઉંમરે તેમણે 'યાદોં કી બારાત' ફિલ્મમાં કામ કર્યું હતું. ૧૯૭૩માં રિલીઝ થયેલી આ ફિલ્મ તેમની પહેલી ફિલ્મ હતી.

# 'મને છૂટાછેડાનો કોઈ પસ્તાવો નથી':મલાઈકા



## 'સમાજ તો શું, મારા પોતાના લોકોએ મારી ટીકા કરી, હું માત્ર ખુશી ઈચ્છતી હતી'

મલાઈકા અરોરા તેની ફિલ્મી કારકિર્દી કરતાં તેના અંગત જીવનને કારણે વધુ ચર્ચામાં રહે છે. બોલિવૂડની સૌથી ફીટ એક્ટ્રેસિસમાંની એક મલાઈકાએ છૂટાછેડાના 8 વર્ષ બાદ તેના પર ખૂલીને વાત કરી છે. તેણે જણાવ્યું કે, તેને છૂટાછેડાનો કોઈ પસ્તાવો નથી.

### 'હું નિર્ણયો પર અડગ રહી'

મીડિયા સાથેની વાતચીતમાં મલાઈકાએ પોતાના લગ્ન તૂટવા વિશે વાત કરતા કહ્યું, 'મને ફક્ત પબ્લિક તરફથી જ નહીં, પરંતુ મારા મિત્રો અને પરિવાર તરફથી પણ ઘણી ટીકા અને વિરોધનો સામનો કરવો પડ્યો. તે સમયે મને મારા બધાં નિર્ણયો વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમ છતાં, મને ખૂબ ખુશી છે કે હું મારા નિર્ણયો પર અડગ રહી. મને કોઈ પસ્તાવો નથી.'

### 'હું જીવનમાં માત્ર ખુશ રહેવા માંગતી હતી'

મલાઈકાએ આગળ કહ્યું, 'મને ખબર નોહતી કે મારા માટે આગળ શું થવાનું છે. મને ખબર ન હતી કે આગળ શું થશે. પરંતુ તે સમયે મને ખબર હતી કે મારે મારા જીવનમાં તે પગલું ભરવું જ પડશે. મને લાગતું હતું કે મારા માટે ખુશ રહેવું ખૂબ જ જરૂરી છે. કોઈ આ વાત સમજતું ન હતું. તેઓ કહેતા કે તમે તમારી ખુશીને પ્રાથમિકતા કેવી રીતે આપી શકો છો? પરંતુ મને એકલા રહેવું યોગ્ય લાગતું હતું.'

### 'હું હજુ પણ લગ્નમાં વિશ્વાસ કરું છું'

મલાઈકાએ ઈન્ટરવ્યુમાં કહ્યું કે, લગ્ન નિષ્ફળ ગયા પછી પણ તેનો લગ્ન જેવા કોન્સેપ્ટ પરથી વિશ્વાસ ઓછો થયો નથી. તે કહે છે, 'હું લગ્નમાં વિશ્વાસ કરું છું, પરંતુ તેનો અર્થ એ નથી કે તે મારા માટે જ બન્યું છે. જો એવું થાય, તો ખૂબ સારું. પરંતુ હું તેની શોધમાં નથી. હું ખૂબ સંતુષ્ટ છું. હું પરણેલી હતી પછી હું તેનાથી આગળ વધી ગઈ.

### 'પ્રેમ મારો દરવાજો ખખડાવશે, તો હું તેને ખુશી ખુશી સ્વીકારીશ'

મલાઈકાએ ઉમેર્યું, 'હું ઘણા સંબંધોમાં રહી છું. પરંતુ હું તેનાથી કંટાળી નથી. મને હજુ પણ મારી જિંદગી ગમે છે. મને પ્રેમનો વિચાર ખૂબ ગમે છે. મને પ્રેમ મેળવવો અને પ્રેમ વહેંચવો ગમે છે. મને એવી સ્થિતિમાં રહેવું ગમે છે, જ્યાં હું કોઈ સુંદર વસ્તુનું પાલનપોષણ કરી શકું. તેથી, હું તેના માટે સંપૂર્ણપણે તૈયાર છું. પરંતુ સાથે જ, હું તેની શોધમાં નથી. જો એવું થાય કે તે મારા દરવાજે દસ્તક દે તો હું સ્વીકારીશ.'

# ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં 9 વર્ષની સફર યાદ કરી રશ્મિકા ભાવુક થઇ



(એજન્સી) મુંબઇ | હિન્દી અને સાઉથ સિનેમામાં પોતાના અભિનય અને સુંદરતાથી દર્શકોને ઘેલું લગાડનાર રશ્મિકા મંદાનાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આજે નવ વર્ષ પૂરાં કર્યાં છે. સાઉથ સિનેમાથી કરિયરની શરૂઆત કરનારી રશ્મિકાએ બોલિવૂડ ફિલ્મોમાં પણ પોતાની અલગ ઓળખ બનાવી છે. અભિનય ઉપરાંત તે અવારનવાર સાઉથ સ્ટાર વિજય દેવરકોંડા સાથેના રિલેશનને લઈને ચર્ચામાં રહે છે. બંને 26 ફેબ્રુઆરી 2026માં રાજસ્થાનના ઉદયપુરમાં લગ્ન કરવાના છે. ત્યારે હાલમાં તેમના લગ્નની જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. તે વચ્ચે રશ્મિકા તેના મિત્રો સાથે યુરોપના રોમમાં ફરી રહી છે. રશ્મિકા મંદાનાએ 2016માં કન્નડ ફિલ્મ 'કિરીક પાર્ટી'થી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કર્યું હતું. આજે 9 વર્ષ બાદ તે સાઉથ અને હિન્દી સિનેમાની લોકપ્રિય એક્ટ્રેસિસમાંની એક બની ગઈ છે. ત્યારે રશ્મિકાએ તેની સફળતાનો શ્રેય તેના ચાહકોને આપ્યો છે. રશ્મિકાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી પોસ્ટ કરીને દર્શકોનો આભાર વ્યક્ત કર્યો છે.

# કન્નડ ટીવી અભિનેત્રીએ આત્મહત્યા કરી, લગ્નનું દબાણ સહન ન કરી શકી

(એજન્સી) બેંગ્લોર | દક્ષિણ ભારતીય સિનેમામાંથી આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. કન્નડ અને તમિલ ટીવી અભિનેત્રી નંદિની સી.એમ.એ આત્મહત્યા કરી છે. આ ઘટના બેંગલુરુમાં તેના ઘરે બની હતી. આ ઘટનાએ સમગ્ર ઉદ્યોગને ખૂબ જ આઘાત પહોંચાડ્યો છે. નંદિનીએ તેના મૃત્યુનું કારણ સમજાવતી એક સુસાઈડ નોટ પણ છોડી છે.

નંદિનીએ લખ્યું છે કે તેના માતાપિતા તેના પર લગ્ન માટે દબાણ કરી રહ્યા હતા. તે લગ્ન માટે માનસિક રીતે તૈયાર નહોતી. અભિનેત્રીએ એ પણ ખુલાસો કર્યો છે કે તે અન્ય ઘણા કારણોસર ડિપ્રેશનથી પીડાઈ રહી હતી. જોકે, નંદિનીની આત્મહત્યાનું સાચું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. પોલીસે હજુ સુધી સંપૂર્ણ વિગતો જાહેર કરી નથી અને જણાવ્યું છે કે તપાસ પૂર્ણ થયા પછી તેઓ વધુ માહિતી આપશે. અહેવાલો અનુસાર, નંદિનીએ તેની નોંધમાં લખ્યું છે કે તેના માતાપિતા તેની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરવા દબાણ કરી રહ્યા હતા. તે ભારે માનસિક તણાવ અને તકલીફમાં હતી. પોલીસ હાલમાં પત્રની સંપૂર્ણ તપાસ કરી રહી છે, કારણ કે તે કેસનો એક ભાગ છે.

નંદિની સી.એમ.ના અવસાનથી તેના ઘણા સહ-કલાકારો શોકમાં ડૂબી ગયા છે. તેઓ ચોક્કસપણે તેમના સહ-કલાકારને અંતિમ શ્રદ્ધાંજલિ આપવા માટે બેંગલુરુ જશે. નંદિની 'ગૌરી' સિરિયલમાં જોવા મળી હતી, જેના કારણે તેણી ખૂબ જ લોકપ્રિય બની હતી. તેમાં તેણીએ દુર્ગા અને કનકાની બેવડી ભૂમિકા ભજવી હતી. આ એક તમિલ સિરિયલ છે, જે હજુ પણ પ્રસારિત થાય છે. અભિનેત્રીની છેલ્લી પોસ્ટમાં આ સિરિયલનો એક નવો પ્રોમો પણ છે. નંદિનીએ ઘણી કન્નડ સિરિયલોમાં પણ કામ કર્યું હતું.

# 'દ્રશ્યમ 3'નું 8 જાન્યુઆરીથી ગોવામાં શૂટિંગ શરૂ થશે

(એજન્સી) મુંબઇ | અક્ષય ખન્નાના કારણે હાલમાં 'દ્રશ્યમ 3' ખૂબ ચર્ચામાં છે. 'ધુરંધર' એક્ટરે ફિલ્મ સાથે છેડો ફાડી લેતા હવે 'ફેમિલીમેન 3' ફેમ એક્ટર જયદીપ અહલાવતની એન્ટ્રી થઈ છે. ત્યારે ફિલ્મનું મુંબઈનું શેડ્યુલ શૂટિંગ પૂરું થઈ ગયું છે. હવે આગામી શૂટિંગ ગોવામાં કરવામાં આવશે.

ગોવામાં ફિલ્મનું શૂટિંગ 8 જાન્યુઆરીથી શરૂ થશે અને આ શેડ્યૂલ ફેબ્રુઆરીના અંત સુધી ચાલવાની અપેક્ષા છે. આ શેડ્યૂલમાં જયદીપ અહલાવત સહિત ફિલ્મની સંપૂર્ણ સ્ટાર કાસ્ટ સામેલ થશે. અજય દેવગણ, તબ્બુ, શ્રિયા સરન અને રજત કપૂર ફરી એકવાર આ સસ્પેન્સથી ભરપૂર ફેમિલી થ્રિલર ફિલ્મમાં જોવા મળશે.



સ્ટાર સ્ટુડિયો18 દ્વારા પ્રસ્તુત અને પેનોરમા સ્ટુડિયોઝના બેનર હેઠળ બનેલી આ ફિલ્મનું ડિરેક્શન અભિષેક પાઠક કરી રહ્યા છે. વાર્તા અભિષેક પાઠક, આમિલ કિયાન ખાન અને પરવેઝ શેખે લખી છે. ફિલ્મને આલોક જૈન, અજીત અંધારે, કુમાર મંગત પાઠક અને અભિષેક પાઠકે પ્રોડ્યુસ કરી છે. 'દ્રશ્યમ 3' 2 ઓક્ટોબર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

નોંધનીય છે કે, તાજેતરમાં એક્ટર અક્ષય ખન્નાના ફિલ્મ છોડવાના સમાચાર સામે આવ્યા હતા. આ અંગે ફિલ્મના નિર્માતાઓએ એક્ટરને લીગલ નોટિસ મોકલી છે. વાસ્તવમાં, અક્ષય 'દ્રશ્યમ 3' ફિલ્મનો ભાગ હતો, પરંતુ તેની બીજી ફિલ્મ 'ધુરંધર'ની સફળતા પછી તેણે અચાનક આ ફિલ્મ છોડી હોવાની વાત સામે આવી. આ મુદ્દે ફિલ્મના પ્રોડ્યુસર કુમાર મંગત પાઠકે 'હિન્દુસ્તાન ટાઈમ્સ' સાથેની વાતચીત દરમિયાન કહ્યું કે, 'ફીનો કોઈ મુદ્દો નહોતો.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

### વિકસિત ભારત યુવા સંવાદ હરમનપ્રીત અને પેસ આપશે માર્ગદર્શન

**મોદી અને યુવા શક્તિ વચ્ચે સીધો સંવાદ યોજાશે**



નવી દિલ્હી | ભારત સરકારના યુવા બાબતોના વિભાગ દ્વારા આગામી ૯ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન નવી દિલ્હીના પ્રતિષ્ઠિત ભારત મંડપમ ખાતે 'વિકસિત ભારત યુવા સંવાદ' (VBYLD) નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના વિઝનમાં દેશના યુવાનોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાના હેતુથી આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ સંવાદમાં ભારતીય મહિલા ક્રિકેટ કેપ્ટન હરમનપ્રીત કૌર, ટેનિસ સ્ટાર લિએન્ડર પેસ અને બેડમિન્ટન કોચ પુલેલા ગોપીચંદ જેવા દિગ્ગજો યુવા નેતાઓનું મનોબળ વધારશે. ૫૦ લાખ યુવાનોમાંથી શ્રેષ્ઠની પસંદગી આ દેશવ્યાપી કાર્યક્રમ માટે માય ભારત અને માયગોવ પ્લેટફોર્મ દ્વારા લેવામાં આવેલી ક્વિઝમાં દેશભરમાંથી ૫૦ લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નિબંધ લેખન અને રાજ્ય સ્તરની પ્રેઝન્ટેશન સ્પર્ધાઓ બાદ ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી અંદાજે ૨૦૦૦ પ્રતિભાશાળી યુવાનોની રાષ્ટ્રીય સ્તર માટે પસંદગી કરવામાં આવી છે. આ પસંદ થયેલા યુવાનોને જે-તે રાજ્યના રાજ્યપાલો અને મુખ્યમંત્રીઓ દ્વારા લીલી ઝંડી આપી દિલ્હી રવાના કરવામાં આવશે. સ્વામી વિવેકાનંદ જયંતી પર પીએમનો વિશેષ સંવાદ ૧૨ જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિવસના પાવન અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ પસંદગી પામેલા યુવા નેતાઓ સાથે સીધો સંવાદ કરશે. મીડિયા અહેવાલ મુજબ, યુવાનોને તેમના મૌલિક વિચારો અને નવીન ઉકેલો સીધા વડાપ્રધાન સમક્ષ રજૂ કરવાની અમૂલ્ય તક મળશે.

### ભારતીય રમતગમત સુધારા માટે અમદાવાદમાં રમાશે નવો દાવ



અમદાવાદ | ભારતીય રમત જગતમાં એક ક્રાંતિકારી ફેરફાર લાવવા માટે ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA) દ્વારા ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ અમદાવાદમાં પ્રથમ 'નેશનલ એથ્લેટ્સ ફોરમ'નું આયોજન કરવામાં આવશે. આ ઐતિહાસિક પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય રમતગમતના વહીવટમાં ખેલાડીઓના અવાજને કેન્દ્રસ્થાને લાવવાનો અને નીતિ ઘડતરમાં તેમની સીધી ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે. આ ફોરમમાં દેશના વર્તમાન અને ભૂતપૂર્વ સ્ટાર ખેલાડીઓ એકમંચ પર આવશે. ખેલાડીઓનું કલ્યાણ અને પારદર્શિતા આઈઓએ પ્રમુખ પીટી ઉષાએ આ મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે ભારતના રમતગમત ઈતિહાસમાં આ પ્રથમ વખત છે જ્યારે ખેલાડીઓ સીધા વહીવટને પ્રભાવિત કરશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે એથ્લેટ્સનું સન્માન અને સુરક્ષા નીતિઓનો મુખ્ય હિસ્સો હોવો જોઈએ. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ફોરમમાં ખેલાડીઓના અધિકારો, માનસિક સ્વાસ્થ્ય, એન્ટી ડોપિંગ શિક્ષણ અને નિવૃત્તિ પછીની કારકિર્દી જેવા ગંભીર મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરવામાં આવશે. નિષ્ણાતો અને દિગ્ગજોનું માર્ગદર્શન એથ્લેટ્સ કમિશનના અધ્યક્ષ અને બોક્સિંગ દિગ્ગજ એમસી મેરીકોમે જણાવ્યું છે કે આ પ્લેટફોર્મ ખેલાડીઓને તેમની પડકારો વિશે ખૂલીને બોલવાની તક આપશે. મીડિયા અહેવાલ મુજબ, ટેબલ ટેનિસ સ્ટાર શરથ કમલે પણ આ પહેલને આવકારી છે, કારણ કે આનાથી નિર્ણય લેવાની પ્રક્રિયા વધુ જવાબદાર બનશે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, અમદાવાદની પસંદગી એ સંકેત આપે છે કે રમતગમત ક્ષેત્રે મોટા ફેરફારોની શરૂઆત હવે ગુજરાતની ધરતી પરથી થશે, જે છેવાડાના ખેલાડીઓ સુધી પહોંચશે.

**શેફાલી વર્માની છલાંગથી ભારતીય ખેમામાં ખુશી, શ્રીલંકા સામે શ્રેણીમાં પ્રભુત્વ દાખવી મેળવ્યું સ્થાન**

# આઈસીસી મહિલા ટી૨૦ રેન્કિંગમાં શેફાલી વર્માનો દબદબો વધ્યો હવે છઠ્ઠા ક્રમે



(એજન્સી) નવી દિલ્હી । તા. 30

ભારતીય મહિલા ક્રિકેટની વિસ્ફોટક ઓપનર શેફાલી વર્મા માટે વર્ષનો અંત અત્યંત શાનદાર રહ્યો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આઈસીસી મહિલા ટી૨૦ રેન્કિંગમાં શેફાલી વર્માએ ચાર સ્થાનની લાંબી છલાંગ લગાવીને બેટિંગ ચાર્ટમાં છઠ્ઠું સ્થાન હાંસલ કર્યું છે. ૨૧ વર્ષીય આ યુવા બેટર અત્યારે શ્રીલંકા સામે રમાઈ રહેલી ટી૨૦ શ્રેણીમાં રનનો પહાડ ખડકી રહી છે, જેનો સીધો ફાયદો તેને રેન્કિંગમાં મળ્યો છે. માત્ર બેટિંગ જ નહીં, પરંતુ બોલિંગ અને ઓલરાઉન્ડર શ્રેણીમાં પણ ભારતીય ખેલાડીઓએ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે.

### શ્રીલંકા સામે રનનો વરસાદ અને રેકોર્ડબ્રેક પ્રદર્શન

વર્તમાન પાંચ મેચોની ટી૨૦ શ્રેણીમાં શેફાલી વર્માએ અત્યાર સુધીની ચાર મેચોમાં ૨૩૬ રન બનાવીને ટૂર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તેણે ૧૧૮ની આશ્ચર્યજનક એવરેજથી બેટિંગ કરતા ત્રણ અડધી સદી ફટકારી છે. આ શ્રેણીમાં ૨૦૦ રનનો આંકડો પાર કરનાર તે એકમાત્ર બેટર છે. તેની આક્રમક બેટિંગને કારણે જ તેને આઈસીસી મહિલા ટી૨૦ રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને પહોંચવામાં મદદ મળી છે. શેફાલીની સાથે વિકેટકીપર બેટર રિચા ઘોષે પણ સાત સ્થાનની પ્રગતિ કરી છે અને તે હવે સંયુક્ત રીતે ૨૦માં ક્રમે પહોંચી ગઈ છે.

### સ્મૃતિ મંધાના અને દીપ્તિ શર્માનું શાનદાર સાતત્ય

ભારતની સ્ટાર ઓપનર સ્મૃતિ મંધાનાએ પણ પોતાની કારકિર્દીમાં એક નવો સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે. શ્રીલંકા સામેની ચોથી ટી૨૦ મેચ દરમિયાન સ્મૃતિએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦,૦૦૦ રન પૂરા કર્યા છે. તે હાલમાં ૭૬૭ રેટિંગ પોઈન્ટ્સ સાથે બેટિંગ રેન્કિંગમાં ત્રીજા સ્થાને અડિખમ છે. બીજી તરફ, ઓલરાઉન્ડર રેન્કિંગમાં દીપ્તિ શર્માએ ત્રીજું સ્થાન જાળવી રાખ્યું છે. નોંધનીય છે કે, દીપ્તિ શર્મા હવે મહિલા ટી૨૦ ક્રિકેટમાં ઈતિહાસ રચવાની તૈયારીમાં છે. તેને વિશ્વમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બનવા માટે માત્ર એક વધુ વિકેટની જરૂર છે. હાલમાં તે ૧૫૧ વિકેટ સાથે ઓસ્ટ્રેલિયાની મેગન શટની બરાબરી પર છે.

### બોલિંગમાં રેણુકા સિંહ અને શ્રી ચરણીનો તરખાટ

આઈસીસી મહિલા ટી૨૦ રેન્કિંગના બોલિંગ વિભાગમાં પણ ભારતીયોનો દબદબો જોવા મળ્યો છે. ભારતની તેજ ગતિની બોલર રેણુકા સિંહે શ્રીલંકા સામેની ત્રીજી મેચમાં ચાર વિકેટ ઝડપીને આઠ સ્થાનની છલાંગ લગાવી છે. તે હવે વિશ્વની છઠ્ઠા નંબરની બોલર બની ગઈ છે. ડાબોડી સ્પિનર શ્રી ચરણીએ પણ ૧૭ સ્થાનની મોટી પ્રગતિ કરીને ૫૨મું સ્થાન મેળવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતીય બોલરોએ શ્રીલંકાની બેટિંગ લાઈનઅપને ધ્વસ્ત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે, જેનું પ્રતિબિંબ આ નવા રેન્કિંગમાં સ્પષ્ટ દેખાય છે.

### વૈશ્વિક સ્પર્ધા અને ટોચના ખેલાડીઓ

વૈશ્વિક સ્તરે જોઈએ તો, ઓસ્ટ્રેલિયાની બેથ મૂની ૭૯૪ પોઈન્ટ સાથે બેટિંગમાં પ્રથમ સ્થાને યથાવત છે, જ્યારે વેસ્ટ ઈન્ડિઝની હેલી મેથ્યુઝ બીજા ક્રમે છે. હેલી મેથ્યુઝ ઓલરાઉન્ડર રેન્કિંગમાં ૫૦૫ પોઈન્ટ સાથે ટોચ પર છે, જેની પાછળ ન્યુઝીલેન્ડની એમેલિયા કેર છે. તથ્યો મુજબ, ભારતીય મહિલા ટીમ અત્યારે જે રીતે પ્રદર્શન કરી રહી છે તે જોતા આગામી સમયમાં ટોપ ૧૦માં ભારતીય ખેલાડીઓની સંખ્યા વધી શકે છે.

## ટી-20 વિશ્વકપ 2026 ટીમ જાહેર જોશ ટંગની એન્ટ્રીથી ખળભળાટ



(એજન્સી) લંડન । તા. 30

ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) એ આગામી ટી-20 વિશ્વકપ 2026 માટે પોતાની ૧૫ સભ્યોની કામચલાઉ ટીમની જાહેરાત કરી દીધી છે. આ ટીમમાં સૌથી મોટું આશ્ચર્ય ફાસ્ટ બોલર જોશ ટંગની પસંદગી છે, જેણે હજુ સુધી ઈંગ્લેન્ડ માટે એક પણ મર્યાદિત ઓવરની મેચ રમી નથી. હેરી બ્રુકને આ મહાકુંભ માટે ટીમની કમાન સોંપવામાં આવી છે, જ્યારે વિસ્ફોટક બેટ્સમેન લિયામ લિવિંગસ્ટોનને ટીમમાંથી પડતો મૂકવામાં આવતા અનેક સવાલો ઉભા થયા છે.

જોશ ટંગનો એશેઝમાં દબદબો અને પસંદગી જોશ ટંગે તાજેતરમાં એશેઝ શ્રેણીની મેલબોર્ન ટેસ્ટમાં શાનદાર પ્રદર્શન કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ૫ વિકેટ ઝડપીને તેણે ૨૦૧૧ પછી ઓસ્ટ્રેલિયામાં ઈંગ્લેન્ડને પ્રથમ જીત અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. મીડિયા અહેવાલ અનુસાર, 'ધ હન્ડ્રેડ' ટૂર્નામેન્ટમાં પણ તેનો દેખાવ શાનદાર રહ્યો હતો, જેના કારણે પસંદગીકારોએ તેને સીધો વિશ્વકપની ટીમમાં સ્થાન આપ્યું છે.

આર્ચરની વાપસી અને શ્રીલંકા પ્રવાસ ઈંગ્લેન્ડના સ્ટાર બોલર જોફ્રા આર્ચરને પણ વિશ્વકપની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, જોકે તે ઈજાના કારણે શ્રીલંકાના પ્રવાસમાં રમી શકશે નહીં. ઈંગ્લેન્ડની ટીમ ૮ ફેબ્રુઆરીએ નેપાળ સામે પોતાની વિશ્વકપની ઝુંબેશ શરૂ કરશે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, અનુભવી આદિલ રશીદ અને જોસ બટલરની હાજરી ટીમને મજબૂતી આપશે, પરંતુ લિવિંગસ્ટોન જેવા મેચ વિનરની ગેરહાજરી ઈંગ્લેન્ડને મોંઘી પડી શકે છે કે કેમ તે જોવું રહ્યું.

**ઓલિમ્પિક 2036 લક્ષ્યાંકને હાંસલ કરવા વહીવટી સુધારા પર ભાર** | **અભિનવ બિન્દ્રાનો માસ્ટર પ્લાન: નેશનલ કાઉન્સિલની સ્થાપનાનો પ્રસ્તાવ**

## સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેટર્સ ટાસ્ક ફોર્સ અભિનવ બિન્દ્રાએ સોંપ્યો બ્લુપ્રિન્ટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

ભારતને વર્ષ 2036 સુધીમાં વિશ્વના ટોચના 10 રમતગમત રાષ્ટ્રોમાં સામેલ કરવાના વિઝન સાથે રમતગમત મંત્રાલયે એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવ્યું છે. ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ અભિનવ બિન્દ્રાની અધ્યક્ષતામાં રચાયેલ 'ટાસ્ક ફોર્સ ઓન કેપેસિટી બિલ્ડિંગ ઓફ સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેટર્સ'એ તેનો વ્યાપક અહેવાલ સુપરત કર્યો છે. આ અહેવાલમાં રમતગમત વહીવટને વધુ વ્યાવસાયિક, જવાબદાર અને આધુનિક બનાવવા માટે ક્રાંતિકારી ભલામણો કરવામાં આવી છે.

નવી સ્વાયત્ત સંસ્થા અને ટ્રેનિંગ મોડલ ટાસ્ક ફોર્સે રમતગમત વહીવટની તાલીમને નિયંત્રિત કરવા અને પ્રમાણિત કરવા માટે 'નેશનલ કાઉન્સિલ ફોર સ્પોર્ટ્સ એજ્યુકેશન એન્ડ કેપેસિટી બિલ્ડિંગ' (NCSECB) ની સ્થાપના કરવાની ભલામણ કરી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સંસ્થાઓની ક્ષમતા માપવા માટે પાંચ સ્તરના 'કેપેબિલિટી મેચ્યોરિટી મોડલ' (CMM) નો પ્રસ્તાવ પણ મુકાયો છે. આ ઉપરાંત, રમતગમતની નીતિઓના અસરકારક અમલીકરણ માટે IAS અને રાજ્ય સિવિલ સર્વિસ અધિકારીઓની તાલીમમાં પણ રમતગમત વહીવટના મોડ્યુલ ઉમેરવાનું સૂચન કરવામાં આવ્યું છે.



વ્યાવસાયીકરણ તરફ પ્રયાણ મીડિયા અહેવાલ અનુસાર, રમતગમત મંત્રાલયે નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન્સ (NSFs) ને તેમના કુલ ભંડોળના 10 ટકા સુધી રકમ વ્યાવસાયિક સ્ટાફની નિમણૂક માટે ફાળવવાની છૂટ આપી છે. આ ઉપરાંત, નેશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ એક્ટ, 2025 હેઠળ પારદર્શક વહીવટ માટેનો પાયો પહેલેથી જ નાખવામાં આવ્યો છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, ભારત સરકાર ઓલિમ્પિક યજમાનીની તૈયારીઓના ભાગરૂપે રમતગમત ક્ષેત્રે 'પ્લેયર-સેન્ટ્રિક' શાસન વ્યવસ્થા ઉભી કરવા મક્કમ છે.



**ઈજા બાદ ક્વેના મફાકાનું શાનદાર કમબેક અને ક્લુઝનરના વખાણ** | **જોબર્ગ સુપર કિંગ્સ સામે ઘરઆંગણે DSG નું પલડું ભારે**

## SA20 ડરબન વિ. જોબર્ગ મુકાબલો ડરબન સુપર જાયન્ટ્સ જીતની હેટ્રિક માટે સજ્જ

(એજન્સી) ડરબન । તા. 30

દક્ષિણ આફ્રિકાની પ્રીમિયર ટી-૨૦ સ્પર્ધા એટલે કે એસએ૨૦ લીગમાં આજે મંગળવારે ડરબનના ઐતિહાસિક કિંગ્સમીડ સ્ટેડિયમ ખાતે એક હાઈ-વોલ્ટેજ મુકાબલો ખેલાવા જઈ રહ્યો છે. આ મેચમાં યજમાન ટીમ ડરબન સુપર જાયન્ટ્સ (DSG) નો સામનો જોબર્ગ સુપર કિંગ્સ (JSK) સામે થશે. ડરબન સુપર જાયન્ટ્સની રણનીતિ અત્યારે જીતની હેટ્રિક પૂરી કરવા પર કેન્દ્રિત છે. હોમ ટીમ અત્યારે શાનદાર લયમાં જોવા મળી રહી છે, અને બીજી તરફ જોબર્ગની ટીમ પણ પોતાની જીતનો સિલસિલો જાળવી રાખવા માટે મેદાનમાં ઉતરશે. આ મુકાબલો બંને ટીમો માટે પોઈન્ટ ટેબલમાં ઉપરના સ્થાને પહોંચવા માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

ડરબન સુપર જાયન્ટ્સની રણનીતિ અત્યારે તેમના યુવા ઝડપી બોલર ક્વેના મફાકાના શાનદાર ફોર્મની આસપાસ વણાયેલી છે. માત્ર ૧૯ વર્ષીય ડાબોડી ફાસ્ટ બોલર મફાકા ઓક્ટોબરમાં હેમસ્ટ્રિંગની ઈજાથી પીડાતો હતો, પરંતુ તેણે શાનદાર વાપસી કરી છે. મીડિયા અહેવાલ મુજબ, એમઆઈ કેપ ટાઉન સામેની પ્રથમ મેચમાં મફાકાએ જે રીતે દબાણ હેઠળ બોલિંગ કરી, તેનાથી મુખ્ય કોચ લેન્સ ક્લુઝનર અત્યંત પ્રભાવિત થયા છે. મફાકાએ ડેથ ઓવરોમાં માત્ર ૭ રન આપીને ડ્વેન પ્રિટોરિયસની કિંમતી વિકેટ ઝડપી હતી. કોચ ક્લુઝનરે જણાવ્યું કે મફાકા જેવી યુવા પ્રતિભા જ્યારે દબાણ હેઠળ પ્રદર્શન કરે છે, ત્યારે તે ટીમનો આત્મવિશ્વાસ બેગણો કરી દે છે.

ડરબન સુપર જાયન્ટ્સે અત્યાર સુધીની બે મેચોમાં ૬ પોઈન્ટ મેળવીને શ્રેષ્ઠ શરૂઆત કરી છે. બીજી તરફ, જોબર્ગ સુપર કિંગ્સની ટીમ પણ પ્રિટોરિયા કેપિટલ્સ સામે ધમાકેદાર વિજય મેળવીને ડરબન પહોંચી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જોબર્ગ પાસે ફાફ ડુ પ્લેસિસ જેવા અનુભવી સુકાની અને માર્ગદર્શક છે, જ્યારે ડરબન સુપર જાયન્ટ્સની રણનીતિ તેમના વિસ્ફોટક બેટર્સ હેનરિક ક્લાસેન અને એડન માર્કરામ પર નિર્ભર રહેશે. આ બંને બેટર્સ કોઈપણ બોલિંગ આક્રમણને વેરવિખેર કરવાની ક્ષમતા ધરાવે છે. કિંગ્સમીડની પીચ ફાસ્ટ બોલરોને મદદરૂપ થઈ શકે છે, જેનો ફાયદો ઉઠાવવા બંને ટીમો વ્યૂહરચના બનાવી રહી છે.

કિંગ્સમીડ સ્ટેડિયમ ખાતે રમાનારી આ મેચમાં ટોસની ભૂમિકા નિર્ણાયક સાબિત થઈ શકે છે. મીડિયા અહેવાલ પ્રમાણે, સાંજની મેચ હોવાથી ઝાકળનું પરિબળ પણ મહત્વનું રહેશે. ડરબન સુપર જાયન્ટ્સની રણનીતિ એવી છે કે તેઓ પહેલા બેટિંગ કરીને મોટો સ્કોર ખડકી શકે અથવા ચેઝ કરતી વખતે સ્થિર શરૂઆત કરે.

**ભારતની ધાક** // **સુલતાન અઝલાન શાહ કપ પ્રદર્શનથી યુવા શક્તિની ઓળખ**

## ભારતીય પુરુષ હોકી ટીમ એશિયામાં ફરી નંબર વનના સ્થાને બિરાજમાન

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

ભારતીય રમતગમત જગત માટે વર્ષ ૨૦૨૫ અત્યંત ગૌરવશાળી રહ્યું છે, જેમાં ભારતીય પુરુષ હોકી ટીમ ફરી એકવાર એશિયાની સર્વોચ્ચ ટીમ તરીકે ઉભરી આવી છે. બિહારના રાજગીર ખાતે રમાયેલા એશિયા કપમાં ભારતે આઠ વર્ષના લાંબા અંતરાલ બાદ ખિતાબ જીતીને એશિયામાં પોતાનું પ્રથમ સ્થાન પુનઃસ્થાપિત કર્યું છે. કોચ ક્રેગ ફુલ્ટનના માર્ગદર્શન હેઠળ ટીમે દક્ષિણ કોરિયા, ચીન અને મલેશિયા જેવી દિગ્ગજ ટીમોને પરાજય આપીને સાબિત કરી દીધું છે કે ભારતીય હોકી અત્યારે સુવર્ણ યુગમાંથી પસાર થઈ રહી છે. આ જીત માત્ર એક ટ્રોફી નથી, પરંતુ ભારતીય હોકીના વધતા પ્રભાવનું પ્રતીક છે. વર્ષની શરૂઆત ઘરઆંગણે રમાયેલી એફઆઈએચ પ્રો લીગથી થઈ હતી. તે પૂર્વે નવીનીકૃત થયેલી હોકી ઈન્ડિયા લીગ (HIL) એ યુવા ખેલાડીઓને પોતાની પ્રતિભા બતાવવાની શાનદાર તક પૂરી પાડી હતી. આ લીગમાં શાનદાર પ્રદર્શન કરનારા અનેક નવા ખેલાડીઓએ સીનિયર ટીમમાં સ્થાન મેળવવા માટે દાવો મજબૂત કર્યો હતો. ભુવનેશ્વરમાં રમાયેલી પ્રો લીગમાં હરમનપ્રીત સિંહના નેતૃત્વમાં ભારતે સ્પેન, જર્મની, આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામે આઠમાંથી છ મેચો જીતીને શાનદાર પ્રારંભ કર્યો હતો. પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યા બાદ ભારતીય ટીમમાં જે આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો, તે આ આખી શ્રેણી દરમિયાન દેખાયો હતો.



### યુરોપ પ્રવાસમાં પડકારો અને પુનરાગમન

જોકે, જૂન મહિનામાં યુરોપમાં રમાયેલી પ્રો લીગની અંતિમ મેચો ભારત માટે થોડી નિરાશાજનક રહી હતી. ત્યાં ટીમે ઓસ્ટ્રેલિયા, નેધરલેન્ડ અને આર્જેન્ટિના સામે હારનો સામનો કરવો પડ્યો હતો અને માત્ર બેલ્જિયમ સામે જ સાંત્વનારૂપ જીત મેળવી હતી. પરંતુ, ભારતીય ટીમે હારમાંથી બોધપાઠ લઈને ઓગસ્ટમાં એશિયા કપ જીતીને નવો ઈતિહાસ લખી દીધો હતો. આ જીત બાદ ભારતીય પુરુષ હોકી ટીમ રેન્કિંગમાં ફરી ટોચ પર પહોંચી ગઈ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટીમની ફિટનેસ અને વ્યૂહરચનામાં કરવામાં આવેલા ફેરફારો આ સફળતા પાછળનું મુખ્ય કારણ છે.

### સુલતાન અઝલાન શાહ કપમાં યુવાઓનો જોમ

વર્ષનું બીજું એક મહત્વનું પાસું સુલતાન અઝલાન શાહ કપમાં ભારતની 'A' ટીમનું પ્રદર્શન રહ્યું હતું. હરમનપ્રીત સિંહ, મનપ્રીત સિંહ અને હાર્દિક સિંહ જેવા અનુભવી ખેલાડીઓને આરામ આપવામાં આવ્યો હોવા છતાં, યુવા ટીમે ફાઈનલ સુધીની સફર ખેડી હતી. જોકે ફાઈનલમાં બેલ્જિયમ સામે ૦-૧ થી હાર થઈ હતી, પરંતુ ભારતીય યુવાઓએ કોરિયા, મલેશિયા અને કેનેડા જેવી મજબૂત ટીમોને હરાવીને વિશ્વને બતાવી દીધું કે ભારત પાસે બેકઅપ ખેલાડીઓની મજબૂત ફોજ તૈયાર છે. મીડિયા અહેવાલ પ્રમાણે, આ પ્રદર્શન ૨૦૨૬માં આવનારી એશિયન ગેમ્સ અને વર્લ્ડ કપ માટે શુભ સંકેત છે. ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહે વર્ષના અંતે સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "એશિયા કપ જીતવો એ ચોક્કસપણે અમારા માટે વર્ષની સૌથી મોટી ઉપલબ્ધિ છે. પરંતુ મારા મતે અઝલાન શાહ કપમાં અમારી ડેવલપમેન્ટ ટીમે જે રીતે પ્રદર્શન કર્યું તે સૌથી ગૌરવની વાત છે. આનાથી અમારી પાસે ૨૦૨૬ના વ્યસ્ત વર્ષ માટે અનેક વિકલ્પો તૈયાર થઈ ગયા છે." હરમનપ્રીત સિંહ આ વર્ષે પણ ભારત માટે સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી તરીકે ઉભરી આવ્યો છે.

**નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિને આધુનિક સ્ટેડિયમનું લોકાર્પણ કર્યું**

## કોઈમ્બતુર હોકી સ્ટેડિયમ ઉદ્ઘાટન તમિલનાડુમાં હોકીના નવા યુગની શરૂઆત

(એજન્સી) કોઈમ્બતુર । તા. 30

તમિલનાડુના નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિને સોમવારે કોઈમ્બતુર ખાતે નવનિર્મિત હોકી સ્ટેડિયમનું ભવ્ય ઉદ્ઘાટન કર્યું છે. રાજ્યમાં રમતગમતની સંસ્કૃતિને વેગ આપવા અને હોકીના ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી આ સ્ટેડિયમ તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્રસંગે તેમણે તમિલનાડુને હોકીના મુખ્ય કેન્દ્ર તરીકે વિકસાવવાની સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ભારતીય હોકીમાં નવો જોમ અને HIL ની તૈયારી તાજેતરમાં તમિલનાડુમાં યોજાયેલા FIH જુનિયર વર્લ્ડ કપમાં ભારતીય ટીમે આર્જેન્ટિના સામે યાદગાર વાપસી કરીને બ્રોન્ઝ મેડલ જીત્યા બાદ રાજ્યમાં હોકીનો ક્રેઝ વધ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૩ જાન્યુઆરી, ૨૦૨૬ થી પ્રતિષ્ઠિત 'હોકી ઈન્ડિયા લીગ' (HIL) નો પ્રારંભ ચેન્નાઈના મેયર રાધાકૃષ્ણન સ્ટેડિયમથી થવા જઈ રહ્યો છે. આ લીગમાં આઠ ટીમો ભાગ લેશે, જેમાં સ્થાનિક ટીમ 'તમિલનાડુ ડ્રેગન્સ' પ્રથમ મેચમાં હૈદરાબાદ તુફાન્સ સામે ટકરાશે.

ત્રણ શહેરોમાં ખેલાશે હોકીનો જંગ મીડિયા



અહેવાલ અનુસાર, હોકી ઈન્ડિયા લીગની મેચો ચેન્નાઈ, રાંચી અને ભુવનેશ્વર એમ ત્રણ મુખ્ય શહેરોમાં રમાશે. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ભુવનેશ્વરના આઈકોનિક કલિંગા સ્ટેડિયમમાં ગ્રાન્ડ ફિનાલે યોજાશે. અત્યાર સુધીની તૈયારીઓ જોતા, કોઈમ્બતુરનું આ નવું સ્ટેડિયમ સ્થાનિક પ્રતિભાઓને શોધીને તેમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકવાની તક પૂરી પાડશે. ઉદયનિધિ સ્ટાલિનની આ પહેલથી રાજ્યના રમતગમતના માળખામાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે.

PM મોદી રશિયા યુક્રેન શાંતિ અપીલ : વડાપ્રધાન મોદીએ પોસ્ટ કરી હિંસા રોકવા વિનંતી કરી

# રશિયાના રાષ્ટ્રપતિના નિવાસસ્થાન પર હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં હવે એક નવો અને જોખમી વળાંક આવ્યો છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના નોવગોરોડ સ્થિત નિવાસસ્થાનને નિશાન બનાવીને કરવામાં આવેલા કથિત ડ્રોન હુમલા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. 'PM મોદી રશિયા યુક્રેન શાંતિ અપીલ' કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, હિંસા કોઈ પણ સમસ્યાનું સમાધાન નથી અને માત્ર રાજદ્વારી વાટાઘાટો દ્વારા જ શાંતિ સ્થપાઈ શકે છે.



### મોદીએ શાંતિ વાટાઘાટો પર મૂક્યો ભાર

વડાપ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં લખ્યું, "રશિયન ફેડરેશનના રાષ્ટ્રપતિના નિવાસસ્થાનને નિશાન બનાવવાના અહેવાલોથી હું ઊંડો ચિંતિત છું. ચાલુ રાજદ્વારી પ્રયાસો જ યુદ્ધને સમાપ્ત કરવા અને શાંતિ હાંસલ કરવા માટેનો સૌથી વ્યવહારુ માર્ગ છે. અમે તમામ પક્ષોને વિનંતી કરીએ છીએ કે તેઓ આ પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરે અને એવી કોઈ પણ કાર્યવાહી ટાળે જે શાંતિની પ્રક્રિયાને નબળી પાડે." ભારત હંમેશા 'યુદ્ધ નહીં પણ બુદ્ધ' ના પક્ષમાં રહ્યું છે અને આ નિવેદન પણ તે જ દિશામાં છે.

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે માહિતી આપી હતી કે ૨૯ ડિસેમ્બરની રાત્રે કિવ દ્વારા રાષ્ટ્રપતિ પુતિનના નિવાસસ્થાન પર ૯૧ માનવરહિત હવાઈ વાહનો (UAVs) દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. લાવરોવના જણાવ્યા અનુસાર, તમામ ડ્રોનને રશિયન એર ડિફેન્સ દ્વારા સફળતાપૂર્વક તોડી પાડવામાં આવ્યા છે અને કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થયું નથી. જોકે, રશિયાએ આ હુમલાનો બદલો લેવાની અને પોતાની વાટાઘાટોની સ્થિતિમાં ફેરફાર કરવાની ચેતવણી આપી છે, જે 'રશિયા યુક્રેન યુદ્ધ ડિસેમ્બર ૨૦૨૫' ને વધુ વકરી શકે છે.

### ઝેલેન્સકીએ રશિયાના આરોપોને નકાર્યા

બીજી તરફ, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ રશિયાના આ દાવાઓને સદંતર ફગાવી દીધા છે. તેમણે કહ્યું કે, "પુતિન નિવાસસ્થાન ડ્રોન હુમલો" ની વાત સંપૂર્ણપણે બનાવટી છે. ઝેલેન્સકીએ આરોપ લગાવ્યો કે રશિયા યુક્રેન પર વધુ મોટા હુમલા કરવા માટે બહાના શોધી રહ્યું છે અને તે અમેરિકાના નવનિર્વાચિત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટીમ સાથે ચાલી રહેલા શાંતિ પ્રયાસોને નિષ્ફળ બનાવવા માંગે છે. ઝેલેન્સકીના મતે, રશિયા જૂઠું બોલીને યુદ્ધ સમાપ્ત કરવાના જરૂરી પગલાં લેવાથી બચી રહ્યું છે.

### શાંતિ પ્રયાસોમાં ભારતની ભૂમિકા

ભારત અને વડાપ્રધાન મોદી આ સંઘર્ષની શરૂઆતથી જ બંને દેશોના નેતાઓ સાથે સંપર્કમાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પણ શાંતિ માટેના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે તેવા સમયે આ નવી ઘટનાએ આશંકાઓ જન્માવી છે. 'PM મોદી રશિયા યુક્રેન શાંતિ અપીલ' દુનિયાભરમાં મહત્વ ધરાવે છે કારણ કે ભારત રશિયા અને પશ્ચિમી દેશો બંને સાથે સંતુલિત સંબંધો ધરાવે છે. વૈશ્વિક સમુદાય હવે એ વાત પર નજર રાખીને બેઠો છે કે શું આ ગંભીર આરોપ-પ્રત્યારોપ વચ્ચે શાંતિ મંત્રણા આગળ વધશે કે પછી વર્ષ ૨૦૨૬ માં યુદ્ધની જ્વાળાઓ વધુ ભભૂકશે.

વૈશ્વિક વેપાર યુદ્ધનાં એંધાણ અને આર્થિક દબાણ

# ડોનાલ્ડ ટ્રમ્પ બીજો કાર્યકાળ, પ્રથમ વર્ષમાં જ વિશ્વમાં ખળભળાટ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 30

યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળનું પ્રથમ વર્ષ પૂર્ણ થવાને આરે છે ત્યારે સમગ્ર વિશ્વમાં તેમની કામગીરીની ચર્ચા તેજ બની છે. 'ટેરિફ, ટ્રેડ અને ટેન્ટ્રમ્સ' (શુલ્ક, વેપાર અને ગુસ્સો) આ ત્રણ શબ્દોમાં તેમના શાસનનું વર્ણન કરી શકાય તેમ છે. ટ્રમ્પે સત્તા સંભાળતાની સાથે જ ઝડપી નિર્ણયો, લડાયક કૂટનીતિ અને સોદાબાજીના આધારે અમેરિકાની છબી બદલવાનો પ્રયાસ કર્યો છે, જેની અસર ભારત સહિતના તમામ દેશો પર જોવા મળી રહી છે.

વેપાર અને આર્થિક રણનીતિ ટ્રમ્પના બીજા કાર્યકાળમાં ટેરિફ સૌથી મોટું હથિયાર સાબિત થયું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તેમણે ચીન અને યુરોપિયન યુનિયન જ નહીં, પરંતુ ભારત પર પણ ૫૦ ટકા જેટલા આકરા ટેરિફ લાદીને વેપાર સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે. નિષ્ણાતોના મતે, ટ્રમ્પ ટેરિફનો ઉપયોગ શાંતિ સ્થાપવા અને વિદેશી રોકાણને અમેરિકા ખેંચવા માટે કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ વર્ષે અંદાજે ૨૦ ટ્રિલિયન ડોલરના રોકાણના દાવા કરવામાં આવ્યા છે, જોકે મિત્ર દેશો સાથેના સંબંધોમાં તણાવ વધ્યો છે. આંતરિક નીતિ અને વૈશ્વિક શાંતિના દાવા સ્થાનિક સ્તરે ટ્રમ્પે ઈમિગ્રેશન પર અત્યંત કડક વલણ અપનાવ્યું છે. 'માસ ડિપોર્ટેશન'ના નામે લાખો ગેરકાયદેસર પ્રવાસીઓને બહાર કાઢવાની યોજનાથી અમેરિકામાં સામાજિક વિભાજન વધ્યું છે. બીજી તરફ, રશિયા-યુક્રેન યુદ્ધ રોકવા માટે તેમણે 'પીસ પ્રેસિડેન્ટ' તરીકે ઉભરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ હજુ સુધી કોઈ નક્કર ઉકેલ મળ્યો નથી. ભારત સાથેના સંબંધોમાં પણ ક્યારેક મિત્રતા તો ક્યારેક દબાણની સ્થિતિ જોવા મળી છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, ટ્રમ્પનું 'અમેરિકા ફર્સ્ટ' મોડલ વિશ્વ માટે એક વિઘટનકારી વાસ્તવિકતા બની ગયું છે.

## ન્યૂઝ બ્રીફ

### ખાલિદા ઝિયાનું નિધન બાંગ્લાદેશના રાજકારણમાં એક યુગનો અંત આવ્યો



ઢાકા | બાંગ્લાદેશના પ્રથમ મહિલા વડાપ્રધાન અને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના વડા બેગમ ખાલિદા ઝિયાનું ૮૦ વર્ષની વયે દુખદ નિધન થયું છે. તેઓ લાંબા સમયથી ગંભીર બીમારીઓ સામે ઝઝૂમી રહ્યા હતા અને ઢાકાની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ સમાચાર વાયુવેગે પ્રસરતા સમગ્ર એશિયા સહિત વૈશ્વિક રાજકારણમાં ઘેરા શોકની લાગણી ફરી વળી છે. સમગ્ર વિશ્વમાં શોકની લહેર ખાલિદા ઝિયાના નિધન પર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અમેરિકા અને અન્ય પાડોશી દેશોના વડાઓએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

### રશિયા-યુક્રેન શાંતિ સમજૂતી ટ્રમ્પની મધ્યસ્થીથી યુદ્ધના અંતની આશા

માર-એ-લાગો | રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલા વિનાશક યુદ્ધના અંતની ઘડીઓ હવે નજીક હોય તેવું લાગી રહ્યું છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્લોરિડા સ્થિત તેમના નિવાસસ્થાને યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી સાથે લાંબી અને સઘન મંત્રણા કરી હતી. આ બેઠક બાદ ટ્રમ્પે દાવો કર્યો હતો કે બંને દેશો હવે શાંતિ સમજૂતીની એટલી નજીક છે જે અગાઉ ક્યારેય નહોતા. ખાસ વાત એ છે કે, પ્રસ્તાવિત ૨૦ મુદ્દાઓમાંથી ૯૦ ટકા મુદ્દાઓ પર ઝેલેન્સ્કીએ પોતાની સંમતિ આપી દીધી છે. ટ્રમ્પની કૂટનીતિ અને પુતિનનો પ્રતિસાદ ઝેલેન્સ્કી સાથેની બેઠક પહેલા ટ્રમ્પે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે પણ બે કલાક સુધી ટેલિફોનિક મંત્રણા કરી હતી. ટ્રમ્પે પુતિનના વખાણ કરતા જણાવ્યું કે રશિયા પણ આ યુદ્ધનો અંત ઈચ્છે છે અને પુતિન ત્રિપક્ષીય મંત્રણા માટે તૈયાર છે.

### બેગમ ખાલિદા ઝિયાનું અવસાન બાંગ્લાદેશમાં લોકશાહીના યુગનો અંત



ઢાકા | બાંગ્લાદેશના પ્રથમ મહિલા વડાપ્રધાન અને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના પ્રમુખ બેગમ ખાલિદા ઝિયાનું આજે વહેલી સવારે અવસાન થયું છે. ૮૦ વર્ષની વયે તેમણે ઢાકાની એવરકેર હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. હૃદયરોગના હુમલાને કારણે થયેલા તેમના નિધનના સમાચારથી સમગ્ર બાંગ્લાદેશમાં શોકની લહેર ફરી વળી છે. પાર્ટીના નેતાઓએ આ ઘટનાને દેશ અને સમાજ માટે એક 'મોટો આઘાત' અને 'ભારે નુકસાન' ગણાવ્યું છે. લોકશાહીના રક્ષક તરીકેની વિદાય બીએનપીના જનરલ સેક્રેટરી મિર્ઝા ફખરુલ ઈસ્લામ આલમગીરે ખાલિદા ઝિયાને માત્ર એક નેતા જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રના વાલી ગણાવ્યા છે.

દક્ષિણ ચીની સમુદ્રમાં તણાવ વચ્ચે બેઠક સંપન્ન, ચીનનું જસ્ટિસ મિશન ૨૦૨૫ એશિયામાં જોખમી બન્યું

# ક્વાડ દેશોની રણનીતિ ચીનના સૈન્ય અભ્યાસ સામે હવે અત્યંત મજબૂત બની

(એજન્સી) બેઇજિંગ । તા. 30

દક્ષિણ ચીની સમુદ્રમાં ચીન દ્વારા શરૂ કરવામાં આવેલા અત્યંત આક્રમક સૈન્ય અભ્યાસના પ્રતિભાવમાં વૈશ્વિક શક્તિઓના સંગઠન 'ક્વાડ' દ્વારા આજે એક મહત્વપૂર્ણ હુંકાર કરવામાં આવ્યો છે. બેઇજિંગમાં યોજાયેલી ક્વાડ દેશોના રાજદૂતોની ઉચ્ચસ્તરીય બેઠકમાં અમેરિકા, ભારત, ઓસ્ટ્રેલિયા અને જાપાને સ્પષ્ટ કર્યું છે કે ઇન્ડો-પેસિફિક ક્ષેત્રને મુક્ત અને સુરક્ષિત રાખવા માટે આ ગઠબંધન એક અજેય શક્તિ તરીકે કાર્યરત રહેશે. જ્યારે ચીન તાઈવાનની ફરતે પોતાની સૈન્ય તાકાતનું પ્રદર્શન કરી રહ્યું છે, ત્યારે ક્વાડ દેશોએ ક્ષેત્રીય સ્થિરતા જાળવી રાખવા માટે પોતાની પ્રતિબદ્ધતા દોહરાવી છે.



### ડ્રેગનની દાદાગીરી સામે લોકશાહીનો મોરચો

બેઇજિંગમાં આયોજિત આ બેઠક બાદ અમેરિકી રાજદૂત ડેવિડ પરડ્યુએ સોશિયલ મીડિયા પર મહત્વની વિગતો શેર કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ક્વાડ જૂથ એ વિશ્વમાં ભલાઈ માટે કામ કરતું એક મજબૂત બળ છે. ખાસ કરીને જ્યારે ચીન દ્વારા દક્ષિણ ચીની સમુદ્રમાં મોટા પાયે યુદ્ધાભ્યાસ કરવામાં આવી રહ્યો છે, ત્યારે ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાન વચ્ચેની ભાગીદારી વધુ ગાઢ બની છે. આ ચારેય રાષ્ટ્રો ઇન્ડો-પેસિફિક વિસ્તારમાં કાયદા આધારિત વ્યવસ્થા જાળવી રાખવા માટે સતત પ્રયત્નશીલ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ બેઠકમાં ચીનની વધતી જતી સૈન્ય ગતિવિધિઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

### ચીનનું આક્રમક 'જસ્ટિસ મિશન ૨૦૨૫'

મીડિયા અહેવાલ મુજબ, ચીની સેનાએ સોમવારથી તાઈવાનની આસપાસ 'જસ્ટિસ મિશન ૨૦૨૫' નામના કોડનેમ સાથે એક વિશાળ સંયુક્ત સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે. ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) ના પૂર્વી થિયેટર કમાન્ડના પ્રવક્તાએ જણાવ્યું છે કે આ અભ્યાસમાં ચીની ભૂમિસેના, વાયુસેના, નૌકાદળ અને મિસાઈલ યુનિટ્સ સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે. આ ઓપરેશનનો મુખ્ય હેતુ તાઈવાનના મહત્વના બંદરોને ઘેરી લેવા, હવાઈ અને દરિયાઈ પેટ્રોલિંગ કરવું અને દુશ્મન લક્ષ્યો પર આભાસી હુમલા કરવાનો છે. ચીન આ દ્વીપ રાષ્ટ્રને પોતાનો અવિભાજ્ય હિસ્સો ગણાવીને પોતાની તાકાત બતાવી રહ્યું છે.

### તાઈવાનની પ્રતિક્રિયા અને હાઈ એલર્ટની સ્થિતિ

ચીની ગતિવિધિઓના જવાબમાં તાઈવાને પણ પોતાના સૈન્યને 'હાઈ એલર્ટ' પર મૂકી દીધું છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે ચીનની આ હરકતને 'તર્કહીન ઉશ્કેરણી' ગણાવીને સખત શબ્દોમાં નિંદા કરી છે. મીડિયા અહેવાલ અનુસાર, તાઈવાનની સેનાએ પણ તુરંત 'રેપિડ રિસ્પોન્સ એક્સરસાઈઝ' શરૂ કરી છે જેથી ચીની હુમલાના જોખમ સામે રક્ષણ મેળવી શકાય. તાઈવાનના વરિષ્ઠ સૈન્ય અધિકારીઓએ જણાવ્યું છે કે તેઓએ વ્યૂહાત્મક સ્તરે 'રૂલ્સ ઓફ એન્ગેજમેન્ટ' તૈયાર કર્યા છે, જે અંતર્ગત કોઈ પણ પ્રકારની ઉશ્કેરણી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### સંરક્ષણ સોદા અને આંકડાકીય વિગતો

આ તણાવ પાછળ તાજેતરમાં થયેલા સંરક્ષણ સોદા પણ જવાબદાર માનવામાં આવે છે. અમેરિકાએ ૧૮ ડિસેમ્બરે તાઈવાન માટે ૧૧.૧ અબજ ડોલરના શસ્ત્ર પેકેજને મંજૂરી આપી હતી, જેમાં મધ્યમ અંતરની મિસાઈલો અને આધુનિક ડ્રોનનો સમાવેશ થાય છે. આ બાબતથી ચીન ઉશ્કેરાયું છે. તાજા અહેવાલો મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં તાઈવાનની આસપાસ ચીનના ૧૩૦ વિમાન, ૧૪ નૌકાદળના જહાજો અને ૮ સરકારી જહાજો નોંધાયા છે. તેમાંથી ૯૦ જેટલા લડાયક વિમાનોએ તાઈવાનની મધ્ય રેખા ઓળંગીને તેની હવાઈ સીમામાં પ્રવેશ કર્યો હતો.

વર્તમાન પરિસ્થિતિ જોતા એવું જણાય છે કે ક્વાડ દેશોની રણનીતિ જ એશિયામાં શાંતિ જાળવી શકશે. ભારત સહિતના ચારેય દેશોનું માનવું છે કે કોઈ પણ દેશે બળજબરીથી દરિયાઈ સરહદો બદલવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં. આ બેઠક એ વાતનો પુરાવો છે કે ભવિષ્યમાં જો ચીન વધુ આક્રમક બનશે, તો ક્વાડ દેશો સંયુક્ત રીતે તેનો સામનો કરવા સક્ષમ છે. સમગ્ર વિશ્વની નજર અત્યારે દક્ષિણ ચીની સમુદ્ર પર ટકેલી છે, જ્યાં સત્તાનું સંતુલન જાળવવું એ આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે અત્યંત જરૂરી બની ગયું છે.

પાકિસ્તાની સેના પર હુમલો

# બલૂચિસ્તાનમાં દસ સૈનિકોના મોતથી હાહાકાર



(એજન્સી) નવી દિલ્હી । તા. 30

પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાં ફરી એકવાર સશસ્ત્ર સંઘર્ષ તેજ બન્યો છે. બલૂચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) એ રાજ્યના વિવિધ ભાગોમાં શ્રેણીબદ્ધ હુમલા કરીને પાકિસ્તાની સેનાના ઓછામાં ઓછા ૧૦ જવાનોને મોતને ઘાટ ઉતાર્યા હોવાનો દાવો કર્યો છે. આ હુમલાઓ ઝાઓ, બરખાન, તુમ્પ અને તુર્બત જેવા વ્યૂહાત્મક વિસ્તારોમાં કરવામાં આવ્યા છે, જેના કારણે પાકિસ્તાની લશ્કરી છાવણીઓમાં ફફડાટ ફેલાયો છે.

ઘાતકી હુમલો અને સૈન્યની પીછેહઠ સૌથી મોટો હુમલો અવારણ જિલ્લાના ઝાઓ વિસ્તારમાં થયો હતો, જ્યાં વિદ્રોહીઓએ સૈન્ય કાફલાને નિશાન બનાવી ઓચિંતો હુમલો કર્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ હુમલામાં સૈન્યની પગપાળા ટુકડી અને બોમ્બ નિકાલ કરનાર યુનિટ પર ભારે ગોળીબાર કરવામાં આવ્યો હતો. મીડિયા અહેવાલ અનુસાર, હુમલા સમયે સેનાનું સશસ્ત્ર વાહન મદદ કરવાને બદલે મેદાન છોડીને ભાગી છૂટ્યું હતું, જેમાં ૮ સૈનિકો ઘટનાસ્થળે જ માર્યા ગયા હતા.

નેવી કેમ્પ અને ચેકપોસ્ટ પર પ્રહાર માત્ર જમીની સેના જ નહીં, પરંતુ તુર્બતમાં પાકિસ્તાની નેવીના કેમ્પના મુખ્ય દરવાજા પર પણ હેન્ડ ગ્રેનેડથી હુમલો કરવામાં આવ્યો છે. બીએલએફના પ્રવક્તા મેજર ગ્વાહરામ બલૂચે નિવેદન આપ્યું છે કે જ્યાં સુધી આઝાદ બલૂચિસ્તાન પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી પાકિસ્તાની કબ્જાખોર દળો પર હુમલા ચાલુ રહેશે.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, પાકિસ્તાન સરકારે પ્રદેશમાં વધારાની કુમક મોકલી છે અને સર્ચ ઓપરેશન તેજ કર્યું છે, છતાં વિદ્રોહીઓ પહાડી વિસ્તારોમાં છુપાઈ જવામાં સફળ રહ્યા છે.

# નેતાન્યાહુ માફી વિવાદ ટ્રમ્પના દાવાને ઈઝરાયેલના રાષ્ટ્રપતિએ ફગાવ્યો

(એજન્સી) ફ્લોરિડા/જેરુસલેમ । તા. 30

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતાન્યાહુ વચ્ચેની મુલાકાતે વૈશ્વિક સ્તરે રાજકીય ગરમાવો લાવી દીધો છે. ફ્લોરિડાના માર્-એ-લાગો ખાતે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે નેતાન્યાહુ પરના ભ્રષ્ટાચારના કેસોમાં માફી આપવાની પ્રક્રિયા "ટૂંક સમયમાં" પૂર્ણ થશે. જોકે, ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગના કાર્યાલયે તુરંત જ આ દાવાને નકારી કાઢતા જણાવ્યું છે કે આ બાબતે ટ્રમ્પ સાથે કોઈ વાતચીત થઈ નથી.



ટ્રમ્પનો દાવો અને નેતાન્યાહુનો બચાવ ડોનાલ્ડ ટ્રમ્પે નેતાન્યાહુને "યુદ્ધ સમયના હીરો" ગણાવતા કહ્યું કે, "મેં રાષ્ટ્રપતિ હર્ઝોગ સાથે વાત કરી છે અને તેમણે મને કહ્યું છે કે માફી આપવાની પ્રક્રિયા ચાલુ છે." ટ્રમ્પે અગાઉ પણ નેતાન્યાહુ પરના ભ્રષ્ટાચારના આરોપોને નજીવા ગણાવ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નેતાન્યાહુએ ૩૦ નવેમ્બરે સત્તાવાર રીતે માફીની અરજી કરી હતી, જેમાં તેમણે દલીલ કરી છે કે વારંવારની કોર્ટ સુનાવણીથી તેમના શાસન કરવાની ક્ષમતા પર અસર પડે છે.

ઈઝરાયેલના કાયદાકીય અવરોધો બીજી તરફ, રાષ્ટ્રપતિ હર્ઝોગના કાર્યાલયે સ્પષ્ટ કર્યું છે કે માફીની વિનંતી સબમિટ થયા બાદથી ટ્રમ્પ અને હર્ઝોગ વચ્ચે કોઈ વાતચીત થઈ નથી.

# પાકિસ્તાન માનવ અધિકાર હનન નિર્દોષોના અપહરણથી હાહાકાર મચ્યો

ઈસ્લામાબાદ | પાકિસ્તાનમાં લોકશાહીના નામે માનવ અધિકારોનું જે રીતે ચીરહરણ થઈ રહ્યું છે, તેનાથી સમગ્ર વિશ્વ સ્તબ્ધ છે. પાકિસ્તાન માનવ અધિકાર પંચ (HRCP) દ્વારા દેશમાં વધી રહેલી ગેરકાયદે ધરપકડો અને નાગરિકોના રહસ્યમય રીતે ગુમ થવા બાબતે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. પંચે સ્પષ્ટપણે જણાવ્યું છે કે દેશની કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે અને બંધારણીય સુરક્ષા માત્ર કાગળ પર રહી ગઈ છે. વિદ્યાર્થીઓ અને નેતાઓનું રહસ્યમય રીતે ગુમ થવું પેશાવર યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓ, હબીબ વઝીર અને અદનાન વઝીર, ગત નવેમ્બર માસથી ગુમ છે. આ વિદ્યાર્થીઓ સરકારી કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ ગુપ્ત રીતે લાપતા થઈ જતાં સુરક્ષા એજન્સીઓ પર શંકાની સોય તણાઈ છે.

# તોરખમ સરહદ સંકટ હજારો મજૂરોની રોજીરોટી છીનવાતા હાહાકાર

### બેરોજગારી અને માનવીય સંકટ વચ્ચે મજૂરોનું પલાયન

(એજન્સી) ખૈબર પખ્તુનખ્વા । તા. 30

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના તોરખમ સરહદ બિંદુના સતત બંધ રહેવાને કારણે હજારો મજૂરો અને કુલીઓના જીવનમાં અંધકાર છવાઈ ગયો છે. સરહદી સુરક્ષા અને આતંકવાદ સંબંધિત ચિંતાઓને કારણે લાદવામાં આવેલા આ પ્રતિબંધોએ હજારો પરિવારોને આર્થિક પાયમાલી તરફ ધકેલી દીધા છે. કામધંધો છીનવાઈ જવાથી અનેક શ્રમિકો હવે પંજાબ અને સિંધ જેવા પ્રાંતોમાં મજૂરી શોધવા પલાયન કરી રહ્યા છે.

ગરીબી અને માનસિક તણાવનો ભરડો સરહદ બંધ થવાને કારણે જે મજૂરો પહેલા સામાન હેરફેર કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા, તેઓ હવે દેવાના ડુંગર નીચે દબાઈ ગયા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આર્થિક તંગી એટલી હદે વધી ગઈ છે કે અનેક પરિવારોએ તેમના બાળકોને શાળાએ મોકલવાનું બંધ કરી દીધું છે. ૨૪ વર્ષીય મન્સૂર અલી જેવા અનેક યુવાનો, જેઓ ભણીને કોમ્પ્યુટર સાયન્સમાં કારકિર્દી બનાવવા માંગતા હતા, તેઓ આજે માત્ર જીવંત રહેવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. માનસિક તણાવને કારણે અનેક યુવાનો નશાખોરી તરફ વળી રહ્યા હોવાના અહેવાલો પણ ચિંતા ઉપજાવે છે.

ઉગ્રવાદનો ખતરો અને તંત્રની ઉદાસીનતા લેબર એસોસિએશનના પ્રતિનિધિઓએ આશંકા વ્યક્ત કરી છે કે બેરોજગાર યુવાનોને ઉગ્રવાદી સંગઠનો આસાનીથી લલચાવી શકે છે. મીડિયા અહેવાલ મુજબ, વર્ષ ૨૦૧૬માં અમલમાં આવેલી વિઝા નીતિ બાદ મજૂરોની સંખ્યા ૮,૦૦૦ થી ઘટીને માત્ર ૨,૦૦૦ રહી ગઈ છે, જેમાં ૧૦૦ જેટલા દિવ્યાંગોનો પણ સમાવેશ થાય છે.

ઓપરેશન | નશીલા દ્રવ્યો વિરુદ્ધ સૈન્ય કાર્યવાહીમાં અમેરિકાએ બેને ફૂંકી માર્યા

# આંતરરાષ્ટ્રીય જળસીમામાં હુમલો કરી બોટ ઉડાવી

(એજન્સી) વોશિંગ્ટન । તા. 30

અમેરિકી સૈન્ય દ્વારા પૂર્વી પ્રશાંત મહાસાગરમાં નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે એક અત્યંત ઘાતક સૈન્ય ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સોમવારે કરવામાં આવેલા આ ઓપરેશનમાં ડ્રગ માફિયાઓ દ્વારા સંચાલિત એક શંકાસ્પદ બોટ પર સીધો હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં બે નશીલા પદાર્થોના તસ્કરો માર્યા ગયા હોવાની પુષ્ટિ થઈ છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા ડ્રગ કાર્ટેલ સામે શરૂ કરવામાં આવેલી આક્રમક ઝુંબેશ 'ઓપરેશન સધર્ન સ્પીયર' ના ભાગરૂપે આ સૈન્ય કાર્યવાહી કરવામાં આવી હતી. આ હુમલાએ આંતરરાષ્ટ્રીય સ્તરે નશીલા દ્રવ્યોના નેટવર્કને તોડવા માટે અમેરિકાના કડક વલણનો સંકેત આપ્યો છે.



અમેરિકી સધર્ન કમાન્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ, સંરક્ષણ સચિવ પીટ હેગસેથના સીધા માર્ગદર્શન હેઠળ જોઈન્ટ ટાસ્ક ફોર્સ દ્વારા આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. ગુપ્તચર એજન્સીઓ પાસેથી મળતી સચોટ માહિતીના આધારે આંતરરાષ્ટ્રીય જળસીમામાં એક શંકાસ્પદ વહાણને ટાર્ગેટ કરવામાં આવ્યું હતું. આ વહાણ જાણીતા ડ્રગ ટ્રાફિકિંગ રૂટ પર જઈ રહ્યું હતું અને આતંકવાદી સંગઠનો દ્વારા સંચાલિત હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ હુમલામાં અમેરિકી સૈન્યના કોઈ પણ જવાનને ઈજા પહોંચી નથી, પરંતુ બે 'નાર્કો-ટેરરિસ્ટ' સ્થળ પર જ ઠાર થયા છે.

બીજી તરફ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલામાં ડ્રગ માફિયાઓના આંતરમાળખાને નિશાન બનાવીને કરવામાં આવેલી વધુ એક ગુપ્ત કાર્યવાહી અંગે પણ મોટું નિવેદન આપ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, ટ્રમ્પે જણાવ્યું હતું કે વેનેઝુએલાના દરિયાકાંઠાના વિસ્તારમાં જ્યાં ડ્રગ્સ લોડ કરવામાં આવતું હતું તેવા એક મોટા પ્લાન્ટ અથવા ફેસિલિટીને સંપૂર્ણપણે નષ્ટ કરી દેવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, ત્યાં એક મોટો વિસ્ફોટ થયો હતો અને હવે તે ડ્રગ્સ સપ્લાય કરવાનું કેન્દ્ર અસ્તિત્વમાં રહ્યું નથી. જોકે, આ હુમલો અમેરિકી સૈન્યએ જ કર્યો છે કે કેમ તે અંગે તેમણે સીધો જવાબ આપવાનું ટાળ્યું હતું, પરંતુ એટલું ચોક્કસ કહ્યું હતું કે તેમને ખબર છે કે આ કોણે કર્યું છે.

### માફિયાઓના નેટવર્ક પર સીધો હુમલો

નશીલા દ્રવ્યો વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી હવે માત્ર દરિયામાં બોટ પકડવા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ જમીન પરના તેમના અડ્ડાઓ સુધી પહોંચી ગઈ છે.

# રશિયા પર આતંકનો ઓછાયો પુતિનના આવાસ પર હુમલાની નિંદા

(એજન્સી) અબુ ધાબી । તા. 30

રશિયન ફેડરેશનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના નિવાસસ્થાનને નિશાન બનાવવાના તાજેતરના પ્રયાસની સંયુક્ત આરબ અમીરાત (UAE) એ સખત શબ્દોમાં આલોચના કરી છે. યુએઈ સરકારે આ હુમલાને અત્યંત ગંભીર ગણાવતા તેની નિંદા કરી છે અને તેને પ્રાદેશિક સુરક્ષા તેમજ આંતરરાષ્ટ્રીય સ્થિરતા માટે મોટો ખતરો ગણાવ્યો છે. આ અંગે સત્તાવાર નિવેદન બહાર પાડીને અમીરાત પ્રશાસને રશિયા પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી છે.

હિંસાનો મજબૂત વિરોધ અને એકતા યુએઈના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે તેમનો દેશ રશિયન રાષ્ટ્રપતિ, ત્યાંની સરકાર અને જનતાની પડખે મક્કમતાથી ઉભો છે. મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું હતું કે સુરક્ષાને નબળી પાડતી કોઈ પણ પ્રકારની હિંસા કે આતંકવાદી ગતિવિધિઓને સ્વીકારી શકાય નહીં. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, યુએઈએ આંતરરાષ્ટ્રીય સમુદાયને અપીલ કરી છે કે વિશ્વ શાંતિ જાળવવા માટે આવા હિંસક કૃત્યોનો સામૂહિક વિરોધ કરવો અનિવાર્ય છે.

વૈશ્વિક પ્રતિક્રિયા અને સુરક્ષા સમીક્ષા મીડિયા અહેવાલ મુજબ, રશિયામાં થયેલી આ ઘટના બાદ વિશ્વના અનેક મધ્ય-પૂર્વના દેશોએ પણ ચિંતા વ્યક્ત કરી છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, યુએઈએ પુનરોચ્ચાર કર્યો છે કે તેઓ તમામ પ્રકારની અસ્થિરતા અને હિંસાને નકારે છે. રશિયા અને યુએઈ વચ્ચેના મજબૂત રાજદ્વારી સંબંધોને જોતા, આ નિવેદન અત્યંત મહત્વનું મનાય છે. રશિયન સુરક્ષા એજન્સીઓ હાલમાં આ હુમલાના કાવતરા પાછળના મૂળ સુધી પહોંચવા તપાસ તેજ કરી રહી છે, ત્યારે યુએઈએ પોતાનું સમર્થન આપીને મિત્રતાની પ્રતીતિ કરાવી છે.

# પ્રિયંકા ગાંધીના પુત્ર રેહાને ગર્લફ્રેન્ડ અવિવા સાથે કરી સગાઈ, કોણ છે વાડ્રા પરિવારની દુલ્હન

(એજન્સી) નવી દિલ્હી | તા 30

કોંગ્રેસના મહાસચિવ અને વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા અને બિઝનેસમેન રોબર્ટ વાડ્રાના ઘરે ટૂંક સમયમાં લગ્નનો પ્રસંગ આવવાનો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમના પુત્ર રેહાન વાડ્રાની સગાઈ દિલ્હીની રહેવાસી અવિવા બેગ સાથે થઈ ગઈ છે.મળતી માહિતી મુજબ, રેહાન વાડ્રા અને અવિવા બેગ છેલ્લા સાત વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા. તાજેતરમાં જ રેહાને અવિવાને લગ્ન માટે પ્રપોઝ કર્યું હતું, જેનો અવિવાએ સ્વીકાર કર્યો છે. આ સંબંધમાં બંને પરિવારોએ પણ પોતાની સહમતી આપી દીધી છે. અવિવા બેગ અને તેમનો પરિવાર લાંબા સમયથી દિલ્હીમાં જ રહે છે.24 વર્ષીય રેહાન વાડ્રા વિઝ્યુઅલ અને ઈન્સ્ટોલેશન આર્ટિસ્ટ તરીકે પોતાની ઓળખ ધરાવે છે. તેમણે 'ડાર્ક પરસેપ્શન' નામે પોતાનું સોલો એક્ઝિબિશન પણ યોજ્યું છે અને તેમને પ્રકૃતિની ફોટોગ્રાફી



તેમજ પ્રવાસનો અત્યંત શોખ છે.કલા જગત અને ફોટોગ્રાફી પ્રત્યે વિશેષ લગાવ રાખતા રેહાન સામાન્ય રીતે રાજકીય ગતિવિધિઓ અને લાઈમલાઈટથી દૂર રહે છે. દિલ્હીમાં શાળાકીય શિક્ષણ મેળવ્યા બાદ તેમણે દેહરાદૂન અને લંડનથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. રેહાન જાહેર મંચો પર બહુ ઓછા સક્રિય રહેતા હોવાથી, તેઓ આગામી સમયમાં સક્રિય રાજકારણમાં જોડાશે કે કેમ તે બાબતે અત્યારે માત્ર અટકળો જ ચાલી રહી છે.જોકે લગ્નની તારીખ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. બંને પરિવારો પોતાની સુવિધા અને પરસ્પર સંમતિથી લગ્નની તારીખ નક્કી કરશે તેમ માનવામાં આવી રહ્યું છે. પ્રિયંકા ગાંધીએ વાયનાડ પેટાચૂંટણીના સોગંદનામામાં તેમના પતિ રોબર્ટ વાડ્રાની આર્થિક વિગતો જાહેર કરી હતી, જે મુજબ તેમની કુલ સંપત્તિ આશરે 65.54 કરોડ હોવાનું સામે આવ્યું છે. આ મિલકતમાં 37.9 કરોડની જંગમ અને 27.64 કરોડની સ્થાવર મિલકતનો સમાવેશ થાય છે, જ્યારે તેમના નામે આશરે 10 કરોડનું દેવું પણ નોંધાયેલું છે. રોકડ વ્યવહારની વાત કરીએ તો, રોબર્ટ વાડ્રા પાસે 2.18 લાખની રોકડ રકમ છે અને વિવિધ બેન્ક ખાતાઓમાં અંદાજે 50 લાખ જેટલું બેલેન્સ જમા છે. રોબર્ટ વાડ્રા એક સફળ બિઝનેસમેન છે. તેમની કંપની 'આર્ટએક્સ એક્સપોર્ટ્સ' હેન્ડીક્રાફ્ટ આઈટમ્સ અને કસ્ટમ જ્વેલરીનો વ્યવસાય કરે છે. આ ઉપરાંત તેઓ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પણ એક્ટીવ છે.

## હિમાલયમાં હિમનો દુષ્કાળ! પર્યટકો અને વેપારીઓમાં નિરાશા

# કેદારનાથ-બદ્રીનાથના પહાડોમાં હજુ સુધી સ્નો-ફોલ નહીં

(એજન્સી) ઉત્તરાખંડ | તા 30

ડિસેમ્બર મહિનો હવે પૂર્ણતાના આરે છે અને નવા વર્ષના આગમનને આડે ગણતરીના કલાકો બાકી છે, તેમ છતાં ઉત્તરાખંડના પહાડો હજુ પણ બરફવગર વેરાન લાગે છે. સામાન્ય રીતે આ સમયે કેદારનાથ અને બદ્રીનાથ ધામ 5થી 8 ફૂટ બરફથી ઢંકાયેલા હોય છે, પરંતુ આ વર્ષે કુદરત કંઈક અનોખો જ મિજાજ જોવા મળી રહ્યો છે.ઉત્તરાખંડના પ્રખ્યાત પર્યટન સ્થળ ઔલી અને ચંબામાં દર વર્ષે આ સમયે સ્નો-ફૉલનો આનંદ લેવા પર્યટકો ઉમટી પડતા હોય છે. આ વર્ષે પણ નવા વર્ષની ઉજવણી માટે મોટી સંખ્યામાં સહેલાણીઓ પહોંચ્યા છે, પરંતુ બરફ ન હોવાને કારણે તેમના ચહેરા પર માયૂસી જોવા મળી રહી છે. માત્ર પર્યટકો જ નહીં, સ્થાનિક વેપારીઓ અને ખેડૂતો પણ ચિંતામાં છે, કારણ કે બરફવર્ષા ન થવાને કારણે બાગાયતી ખેતી પર જોખમ તોળાઈ રહ્યું છે.

હવામાન નિષ્ણાત પ્રોફેસર ડૉ. ચંદ્રમોહનના જણાવ્યા અનુસાર, આ વર્ષે 'વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ' સતત નબળું રહ્યું છે. જ્યારે આ સિસ્ટમ મજબૂત હોય છે, ત્યારે જ પહાડોમાં બરફવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદ પડે છે. આ વખતે નવેમ્બર અને ડિસેમ્બરમાં કોલ્ડવેવ, ધુમ્મસ અને ઝાકળનું પ્રમાણ પણ નહિવત



રહ્યું છે, જેના કારણે ઠંડીએ પણ પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું નથી.

હિમાલયના બદલાતા સ્વરૂપ અને બરફની અછતને લઈને નિષ્ણાતોમાં મુખ્યત્વે બે અલગ-અલગ મત જોવા મળી રહ્યા છે. એકતરફ, સ્પેસ એપ્લિકેશન સેન્ટર (અમદાવાદ)ના પૂર્વ વૈજ્ઞાનિક ડૉ. એમ.એમ. કિમોઠી આ સ્થિતિને ક્લાયમેટ ચેન્જના ગંભીર સંકેત તરીકે જુએ છે; તેઓ જણાવે છે કે બદ્રીનાથમાં હવે એવી નવી વનસ્પતિઓ જોવા મળી રહી છે જે અગાઉ ક્યારેય ઉગતી નહોતી અને હિમાલયની 'ટ્રી-લાઈન' પણ સતત ઉપર તરફ ખસી રહી છે, જે ચિંતાજનક ફેરફાર છે. બીજી તરફ, દેહરાદૂન હવામાન કેન્દ્રના ડાયરેક્ટર ડૉ. સી.એસ. તોમર આ પરિસ્થિતિને એક સામાન્ય પ્રક્રિયા ગણાવે છે. તેમનું માનવું છે કે ઉત્તરાખંડમાં નવેમ્બર અને ડિસેમ્બર મહિના હંમેશા શુષ્ક રહ્યા છે અને ભૂતકાળમાં પણ વર્ષ 2020 અને 2023માં આ સમયગાળા દરમિયાન હિમવર્ષા નહોતી થઈ, પરંતુ ત્યારબાદ જાન્યુઆરીમાં ભારે હિમપાત નોંધાયો હતો.હવામાન વિભાગે નવા વર્ષ નિમિત્તે એક રાહતના સમાચાર આપતા જણાવ્યું છે કે, 31 ડિસેમ્બરથી 2 જાન્યુઆરી દરમિયાન એક શક્તિશાળી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટીવ થવા જઈ રહ્યું છે, જે લાંબા સમયથી પ્રતીક્ષામાં રહેલા હિમવર્ષાના દુષ્કાળનો અંત લાવી શકે છે. આ સિસ્ટમની અસરને લીધે ઉત્તરકાશી, ચમોલી, રુદ્રપ્રયાગ અને પિથોરાગઢ જેવા જિલ્લાઓમાં 3200 મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા વિસ્તારોમાં ભારે બરફવર્ષા થવાની પ્રબળ શક્યતા છે. માત્ર પહાડો જ નહીં, પરંતુ મેદાની વિસ્તારો જેવા કે હરિયાણા અને દિલ્હી-NCRમાં પણ 2 જાન્યુઆરી પછી કાતિલ ઠંડી, શીતલહેર અને ગાઢ ધુમ્મસ સાથે તાપમાનમાં મોટો ઘટાડો જોવા મળશે. હવામાનમાં આવનારા આ પલટાને કારણે પ્રવાસીઓ અને સ્થાનિક વેપારીઓમાં ફરી આશા જાગી છે કે નવા વર્ષનું આગમન બરફની મનોહર સફેદ ચાદર સાથે થશે.

## અલ્મોડાના ભીકિયાસૈન માર્ગ પર કાળમુખો અકસ્માત સર્જાયો

# અલ્મોડા બસ દુર્ઘટના: ઉત્તરાખંડમાં મુસાફરો ભરેલી બસ ખીણમાં ખાબકતા સાત મોત

(એજન્સી) અલ્મોડા | તા 30

ઉત્તરાખંડના પહાડી રસ્તાઓ પર ફરી એકવાર કાળનો પંજો ત્રાટક્યો છે. વર્ષ ૨૦૨૫ ના અંતિમ દિવસોમાં અલ્મોડા જિલ્લામાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. 'અલ્મોડા બસ દુર્ઘટના' માં મુસાફરોથી ખીચોખીચ ભરેલી એક ખાનગી બસ અચાનક ઊંડી ખીણમાં ખાબકતા સાત લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યાં છે. આ 'ઉત્તરાખંડ અકસ્માત સમાચાર ૨૦૨૫' એ સમગ્ર રાજ્યમાં અરેરાટી ફેલાવી દીધી છે. દુર્ઘટનામાં ઘાયલ થયેલા અન્ય મુસાફરોની હાલત પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

મીડિયા અહેવાલ મુજબ, આ ભીષણ અકસ્માત મંગળવારે સવારે ભીકિયાસૈન-રામનગર માર્ગ પર આવેલા શિલાપાની પાસે સર્જાયો હતો. બસ મુસાફરોને લઈને જઈ રહી હતી ત્યારે શિલાપાની પાસેના જોખમી વળાંક પર ચાલકે અચાનક બસ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. કાબૂ ગુમાવતા જ બસ રસ્તા પરથી ફંગોળાઈને સીધી નીચે આવેલી ઊંડી ખીણમાં જઈ પડી હતી. ખીણમાં ખાબકતી વખતે બસમાં સવાર મુસાફરોની ચીકિયારીઓથી પહાડો ગુંજી ઉઠ્યા હતા. 'ભીકિયાસૈન ખીણમાં બસ દુર્ઘટના' ની જાણ થતા જ આસપાસના ગ્રામજનો તાત્કાલિક મદદ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક રહેવાસીઓએ તાત્કાલિક પોલીસ અને એસડીઆરએફ



(SDRF) ની ટીમને જાણ કરી હતી. બચાવ કામગીરી માટે ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને ખીણમાં ઉતરી ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી. અત્યાર સુધીમાં સાત મુસાફરોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. અન્ય ઈજાગ્રસ્ત મુસાફરોને ગ્રામજનો અને સુરક્ષાકર્મીઓની મદદથી ખીણમાંથી બહાર કાઢીને તાત્કાલિક નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.પ્રાથમિક તપાસમાં સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પહાડી રસ્તા પર બસની ઝડપ વધુ હોવાથી અથવા કોઈ ટેકનિકલ ખામી સર્જાવાને કારણે ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હોવાની શક્યતા છે. શિયાળાની ઋતુમાં સવારના સમયે ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઓછી હોવાના પરિબળને પણ નકારી શકાય તેમ નથી. અલ્મોડા જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ દ્વારા અકસ્માતના ચોક્કસ કારણો જાણવા માટે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.વર્ષના અંતે સર્જાયેલી આ મોટી હોનારતને કારણે મૃતકોના પરિવારોમાં માતમ છવાઈ ગયો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આ માર્ગ પર અવારનવાર અકસ્માતો સર્જાય છે, તેમ છતાં સુરક્ષા વ્યવસ્થા પૂરતી નથી. હાલમાં વહીવટીતંત્રની પ્રાથમિકતા વધુમાં વધુ લોકોને જીવિત બચાવવાની અને ઘાયલોને શ્રેષ્ઠ સારવાર આપવાની છે. હોસ્પિટલમાં દાખલ ઈજાગ્રસ્તોમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા પણ સેવવામાં આવી રહી છે. પહાડોની ખીણમાંથી બસના ભંગારને બહાર કાઢવાની કામગીરી હજુ પણ ચાલુ છે.

## ત્રેતા યુગમાં જે શસ્ત્રના નામથી અસુરોમાં અરેરાટી ફેલાતી હતી એ "પિનાક" હવે પાકિસ્તાનના ઈસ્લામાબાદ સુધી તાંડવ મચાવશે

(એજન્સી) નવી દિલ્હી | તા 30

ત્રેતા યુગ દરમિયાન એમ કહેવાય છે કે જે ધનુષના અવાજ માત્રથી રાક્ષસી શક્તિઓ ધ્રૂજવા લાગતી હતી, એ શસ્ત્રના નામથી હવે આધુનિક ભારતે રોકેટના રૂપમાં એક ઘાતક હથિયાર વિકસીત કર્યું છે.ભારતની લશ્કરી શક્તિએ ફરી એકવાર દુનિયા સામે તેની સેના શક્તિનો પરચો પૂરો પાડ્યો છે. ભારતીય સેનાએ એક એવા દમદાર હથિયારનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે કે જેનું નામ સાંભળીને દુશ્મન દેશ પાકિસ્તાન ધ્રૂજવા લાગશે. આધુનિક ભારતની લશ્કરી શક્તિનું પ્રતીક કે જેનું નામ આપણને ત્રેતા યુગ અને ભગવાન શિવના દૈવી કાર્યોની યાદ અપાવે છે. એ પ્રતિક એટલે પિનાક લોંગ રેન્જ ગાઈડેડ રોકેટ કે જેને આધુનિક ભારતે રોકેટના રૂપમાં પુનર્જીવિત કર્યું છે.

# બંગાળમાં સૌથી મોટા મહાકાલ મંદિરની સ્થાપના કરાશે : મમતાની જાહેરાત

કોલકાતા : પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી વિધાનસભાની ચૂંટણી પૂર્વે હિન્દુત્વ કાર્ડ ખેલવા જઇ રહ્યા છે. મમતાએ સોમવારે મોટી જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે જાન્યુઆરી મહિનામાં પશ્ચિમ બંગાળના સૌથી મોટા મહાકાલ મંદિરનો શિલાન્યાસ કરાશે. સાથે જ મમતાએ દાવો કર્યો હતો કે તેઓ એક સેક્યૂલર નેતા છે અને તમામ ધર્મો પ્રત્યે માન ધરાવે છે.મમતા બેનરજી કોલકાતાના ન્યૂ ટાઉનમાં દેવી દુર્ગાને સમર્પિત એક સંકુલ દુર્ગા આંગનના શિલાન્યાસ સમારોહમાં પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે હું ખરા અર્થમાં એક સેક્યૂલર વ્યક્તિ છું. કાર્યક્રમને સંબોધિત કરતા મમતાએ કહ્યું હતું કે બંગાળના સૌથી મોટા મહાકાલ મંદિરના નિર્માણ માટે મે જમીનની પસંદગી કરી લીધી છે તેનું નિરિક્ષણ પણ મે કર્યું છે. જાન્યુઆરી મહિનાના બીજા સપ્તાહમાં મહાકાલ મંદિરનો પાયો નાખવામાં આવશે. મે પૂજા દરમિયાન જ આ તારીખ નક્કી કરી લીધી હતી. આ દરમિયાન મમતા બેનરજીએ તૃષ્ટિકરણના આરોપોને પણ નકાર્યા હતા, તેમણે દાવો કર્યો હતો કે હું ખરા અર્થમાં સેક્યૂલર છું, કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર તમામ કાર્યક્રમોમાં ભાગ લઇ રહી છું. ભાજપ વારંવાર મમતા પર તૃષ્ટિકરણ કરવાનો આરોપ લગાવતું આવ્યું છે. તાજેતરમાં જ ટીએમસીમાંથી કાઢી મુકાયેલા એક મુસ્લિમ નેતા હુમાયુંએ બંગાળમાં બાબરી મસ્જિદ સ્થાપિત કરવાની જાહેરાત કરી હતી જેને પગલે પણ ભાજપે મમતા સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. હવે મમતાએ જ્યારે મંદિર સ્થાપવાની જાહેરાત કરી છે.

# શરદ પવારના પુત્રી કેન્દ્ર સરકારમાં બનશે મંત્રી? દિગ્ગજ નેતાના દાવાથી મહારાષ્ટ્રના રાજકારણમાં હલચલ

(એજન્સી) મુંબઈ | તા 30

મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને ખાસ કરીને BMCની આગામી ચૂંટણીઓ પૂર્વે રાજકીય ગતિવિધિઓએ જોર પકડ્યું છે. રવિવારે (28મી ડિસેમ્બર) અજિત પવાર અને શરદ પવાર જૂથ વચ્ચે પિંપરી-ચિંચવડની ચૂંટણી માટે ગઠબંધન જાહેર થયા બાદ, 'વંચિત બહુજન અઘાડી' (VBA)ના અધ્યક્ષ પ્રકાશ આંબેડકરે એક સનસનીખેજ નિવેદન આપ્યું છે. તેમણે દાવો કર્યો છે કે, 'શરદ પવારના પુત્રી અને સાંસદ સુપ્રિયા સુલે આગામી સમયમાં કેન્દ્ર સરકારમાં મંત્રી બની શકે છે.'એનસીપીના બંને જૂથોના જોડાણ પર પ્રતિક્રિયા આપતા પ્રકાશ આંબેડકરે કહ્યું કે, 'ચૂંટણી પછી જો તમે સુપ્રિયા સુલેને કેન્દ્રીય મંત્રીમંડળમાં જુઓ તો આશ્ચર્ય પામશો નહીં. આ માત્ર શરૂઆત છે, ધર્મનિરપેક્ષ પક્ષોએ હવે સાવધ રહેવાની જરૂર છે. અજિત પવારે શરદ પવાર માટે ભાજપ તરફ વળવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે.' VBAના અધ્યક્ષ પ્રકાશ આંબેડકરે યાદ અપાવ્યું કે શરદ પવાર અટલ બિહારી વાજપેયીના કાર્યકાળ દરમિયાન પણ મહત્વના પદે હતા, તેથી તેમના અને ભાજપના સંબંધો ક્યારેય છૂપા રહ્યા નથી.રવિવારે નાયબ મુખ્યમંત્રી અજિત પવારે જાહેરાત કરી હતી કે, પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં NCP (અજિત પવાર) અને NCP (શરદ પવાર જૂથ) સાથે મળીને લડશે. 2023માં પક્ષમાં પડેલી ફાટ પછી આ પ્રથમ વખત છે.

# એકાએક સુપ્રીમનો સુઓમોટો: ખનન પર સ્ટે, આશ્ચર્ય-રહસ્ય!

નવી દિલ્હી : અરવલ્લી પર્વતમાળાના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે ૨૦મી નવેમ્બરે આપેલા પોતાના જ ચુકાદા પર સ્ટે મૂક્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આમાં એવા કેટલાય મુદ્દા છે તેની તપાસ થવી જરૂરી છે અને એની સ્પષ્ટતા કરવી પણ અનિવાર્ય છે. આ મુદ્દે યોગ્ય રીતે આકલન કરી શકે તે માટે ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ બનાવવાનો પ્રસ્તાવ સુપ્રીમે રજૂ કર્યો છે. મુખ્ય ન્યાયધીશે એવી ટકોર પણ કરી હતી કે અગાઉની સમિતિઓના રિપોર્ટમાં અમુક બાબતોની અવગણના કરવામાં આવી હતી. તાત્કાલિક અસરથી અરવલ્લીનું માઈનિંગ અટકાવવાનો આદેશ પણ સુપ્રીમે આપ્યો હતો. દેશના મુખ્ય ન્યાયધીશ સૂર્ય કાંતના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બેંચે અરવલ્લીના કેસની સુનાવણી કરી હતી.

## BMC માટે મહાયુતિમાં બેઠકોની વહેંચણી, ભાજપ અને શિવસેનાને ફાળે કેટલી?

મુંબઈ :મુંબઈની કોર્પોરેશનની ચૂંટણી માટે રાજકીય પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આજે ઉમેદવારી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે. ત્યારે મહાયુતિમાં કેટલી બેઠકો વચ્ચે સહમતિ સધાઈ તે વિશે જાણીએ,.મુંબઈની મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી આવી રહી છે. જેને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. શાસક મહાયુતિ ગઠબંધનના બે મુખ્ય પક્ષો ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે બેઠકોની વહેંચણીની ગોઠવણને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. 227 બેઠકોવાળી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ 137 બેઠકો પર ચૂંટણી લડશે, જ્યારે શિવસેના 90 બેઠકો પર ચૂંટણી લડશે.


## કબજા નોટિસ

જેમ કે, જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને કલમ 13 (12) સાથે વંચાતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાની રૂએ લેણદારો/સહ-લેણદારોને માંગણી નોટિસ જારી કરીને નોટિસમાં જણાવ્યા મુજબની રકમ જે-તે તારીખથી લાગુ પડતા વ્યાજ સહિત, નોટિસ મળ્યાના 60 દિવસની અંદર ચૂકવવા જણાવ્યું હતું, જેમાં ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી લાગુ પડતું ભવિષ્યનું વ્યાજ, આનુષંગિક ખર્ચ અને ચાર્જ વગેરેનો સમાવેશ થાય છે.

| ક્ર. નં. | લોન નંબર | લેણદાર/ સહ-લેણદાર/ જામીનદાર/ ગીરો રાખનાર | 13(2) નોટિસ તારીખ/ બાકી લેણી રકમ (રૂ.માં) | કબ્જાની તારીખ/સમય અને પ્રકાર |
|---|---|---|---|---|
| 1 | 31790440000212 | 1) વિશાલ રમેશભાઈ રાવલ, 2) રાવલ કેશરબેન વિશાલકુમાર | 05/06/2025, રૂ. 5,11,402/- (પાંચ લાખ અગિયાર હજાર ચારસો બે પૂરા) 03/06/2025ના રોજ મુજબ | તારીખ: 27/12/2025 સમય: 01:55 PM પ્રત્યક્ષ કબ્જો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન : ગામતલ જમીન પર આવેલ ગામતલ મિલકત નં. 561 પર બાંધવામાં આવેલ તમામ બિનખેતી સ્થાવર રહેણાંક મિલકત. આશરે 840.00 ચો. ફૂટ, વરપુર, તા. ઇડર, જિલ્લો સાબરકાંઠા. સીમાઓ: ઉત્તરે: ખુલ્લો રોડ, દક્ષિણે: રાવલ ભગાભાઈ શંકરભાઈનું મકાન, પૂર્વે: ખુલ્લો રોડ, પશ્ચિમે: ખુલ્લી જમીન. | | | |
| 2 | 31799630000823 | 1) મહંમદ રફીક ગફુરભાઈ મેમણ, 2) જબીન બાનો મોહમ્મદ રફીક | 16/07/2025, રૂ. 3,81,172/- (ત્રણ લાખ ક્યાશી હજાર એકસો બોંતેર પૂરા) 13/07/2025ના રોજ મુજબ | તારીખ: 27/12/2025 સમય: 11:00 AM પ્રત્યક્ષ કબ્જો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન : બ્લોક/સર્વે નં. 77/4 પૈકી, પ્લોટ નં. 4 પૈકીની બિનખેતી જમીન પર બાંધવામાં આવેલ તમામ બિનખેતી સ્થાવર રહેણાંક મિલકત, ક્ષેત્રફળ 33.71 ચો. મીટર, ગામ - સાવગઢ, તા. હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા. સીમાઓ: ઉત્તરે: ફરજાનાબાનુનું મકાન, દક્ષિણે: મોહમ્મદની દુકાન, પૂર્વે: ખુલ્લી જમીન, પશ્ચિમે: રોડ. | | | |
| 3 | 31799420000792 | 1) મકવાણા અનિલ મેઘજીભાઈ, 2) મકવાણા રંજન અનિલ | 17/07/2025, રૂ. 26,58,038/- (છવ્વીસ લાખ અઠાવન હજાર આડત્રીસ પૂરા) 13/07/2025ના રોજ મુજબ | તારીખ: 27/12/2025 સમય: 10:20 AM પ્રત્યક્ષ કબ્જો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન : બ્લોક/સર્વે નં. 765 પૈકી, પ્લોટ નં. 85 પર બાંધવામાં આવેલ તમામ બિનખેતી સ્થાવર રહેણાંક મિલકત, ક્ષેત્રફળ 102.86 ચો. મીટર, ગામ કાંકણોલ, તા. હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા. સીમાઓ: પૂર્વે: રોડ, પશ્ચિમે: પ્લોટ નં. 68 પછીની જગ્યા, ઉત્તરે: પ્લોટ નં. 84, દક્ષિણે: પ્લોટ નં. 86 પછીની જગ્યા. | | | |
| 4 | 33209420002476 | 1) વાઘેલા રણજીતકુમાર વાલજીભાઈ, 2) વાઘેલા જગદીશચંદ્ર વાલજીભાઈ, 3) વાઘેલા કસ્તુરબેન વાલજીભાઈ | 25/07/2025, રૂ. 15,62,564/- (પંદર લાખ બાસઠ હજાર પાંચસો ચોસઠ પૂરા) 23/07/2025ના રોજ મુજબ | તારીખ: 28/12/2025 સમય: 02:51 PM પ્રત્યક્ષ કબ્જો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન : "ઈસનપુર કાશીવિશ્વનાથ કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લિ." તરીકે ઓળખાતી સોસાયટીમાં ટેનામેન્ટ નં. B/32 વાળી રહેણાંક સ્થાવર મિલકત, સર્વે નં. 79 વાળી બિનખેતી જમીન પર આવેલ, મોજે/ગામ: ઈસનપુર, તાલુકો મણિનગર, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ અને જિલ્લો: અમદાવાદ. સીમાઓ: પૂર્વે: આંતરિક રોડ, પશ્ચિમે: ટેનામેન્ટ નં. 29, ઉત્તરે: ટેનામેન્ટ નં. 33, દક્ષિણે: ટેનામેન્ટ નં. 31. | | | |
| 5 | 31529420000762 | 1) ઘોયલ મશરી લાખમણ, 2) ઘોયલ મોતીબેન મશરીભાઈ | 18/10/2025, રૂ. 2,66,601/- (બે લાખ છાસઠ હજાર છસો એક પૂરા) 15/10/2025ના રોજ મુજબ | તારીખ: 29/12/2025 સમય: 12:28 PM સાંકેતિક કબ્જો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન : ગામતલ જમીન પર બાંધવામાં આવેલ રહેણાંક મકાન, ટેનામેન્ટ/મકાન નં. 79, એસેસમેન્ટ રેજિસ્ટર નં. 233, ખાખી જાળીયા, તા. ઉપલેટા, જિલ્લો રાજકોટ, ક્ષેત્રફળ 36.31 ચો. મીટર. સીમાઓ: પૂર્વે: અન્ય મિલકત, પશ્ચિમે: રોડ, ઉત્તરે: અન્ય મિલકત, દક્ષિણે: અન્ય મિલકત. | | | |
| 6 | 31800430000078 | 1) પરમાર ઈશ્વરભાઈ રામાભાઈ, 2) પરમાર રામાભાઈ શાણાભાઈ | 14/10/2025, રૂ. 4,75,374/- (ચાર લાખ પંચોતેર હજાર ત્રણસો ચૌતેર પૂરા) 12/10/2025ના રોજ મુજબ | તારીખ: 29/12/2025 સમય: 12:28 PM સાંકેતિક કબ્જો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન : જિલ્લો ખેડા, સબ ડિસ્ટ્રિક્ટ કપડવંજ, મોજે ગરોડ, ગ્રામ પંચાયત મિલકત નં. 109/1 માં આવેલ રહેણાંક મિલકત, ક્ષેત્રફળ 2064.00 ચો. ફૂટ (લંબાઈ 48 ફૂટ અને પહોળાઈ 43 ફૂટ). સીમાઓ: પૂર્વે: રોડ, પશ્ચિમે: રમેશભાઈ શાણાભાઈની મિલકત, ઉત્તરે: કાંતિભાઈ ચકાભાઈની મિલકત, દક્ષિણે: આદર્શ વિદ્યાલય. | | | |
| 7 | 49769630000010 | 1) સુખલાલ નાનોમા, 2) સૂર્યા નાનોમા | 15/10/2025, રૂ. 51,62,197/- (એકાવન લાખ બાસઠ હજાર એકસો સત્તાણું પૂરા) 13/10/2025 ના રોજ મુજબ | તારીખ: 29/12/2025 સમય: 03:02 PM સાંકેતિક કબ્જો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન : દુકાન નં. 13નો તે બધો ટુકડો અથવા પાર્સલ, 267 ચોરસ ફૂટનો કાર્પેટ એરિયા ધરાવતો, સુપર બિલ્ડ અપ 540 ચોરસ ફૂટ, ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થિત, 'હોરાઇઝન હાઇટ્સ' તરીકે ઓળખાતી ઇમારત નં. "એ" માં, સર્વે નં. 135/2ની બિન-ખેતી જમીન પર બાંધવામાં આવ્યો છે જે 1501 ચોરસ મીટર માપે છે, સર્વે નં. 135/3 ની બિન-ખેતી જમીન 405 ચોરસ મીટરથી વધુ અને સર્વે નં. 135/4 ની બિન-ખેતી જમીન 1307 ચોરસ મીટર માપે છે જે દાદરા અને નગર હવેલીના સંઘ પ્રદેશના અમલી ગામની વાણિજ્યિક હેતુ માટે ઉપરોક્ત જમીનમાં માલિકી હિસ્સો ધરાવે છે. સીમાઓ દ્વારા: ઉત્તર: રોડ, દક્ષિણ: સીડી અને લિફ્ટ, પૂર્વ: દુકાન નં. A-12, પશ્ચિમ: દુકાન નં.01, 02 અને 03 . | | | |
| 8 | 49769610000221 | 1) આઝાદ મલિક, 2) અલાઉદ્દીન મલિક, 3) લુતફન્નેસા બેગમ અસગર મલિક | 10/10/2025, રૂ. 18,63,387/- (અઢાર લાખ ત્રેસઠ હજાર ત્રણસો સિત્યાસી પૂરા) 09/10/2025ના રોજ મુજબ | તારીખ: 29/12/2025 સમય: 03:47 PM સાંકેતિક કબ્જો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન : રહેણાંક ફ્લેટ નં. ૧૧૦ ના બધા ટુકડા અને પાર્સલ, જેનું માપ લગભગ ૧૧૮૫.00 ચોરસ ફૂટ છે, જે ૧૧૦.0૯ ચોરસ ફૂટ જેટલું છે. મીટર્સ, સુપર બિલ્ટ અપ એરિયા, "SAI AVENUE" તરીકે ઓળખાતી ઇમારતના પહેલા માળે આવેલો છે અને જમીનની દક્ષિણ બાજુથી, સર્વે નં. ૧૧+૨૭/૧+૯+૧૦/૨ પૈક્કે પ્લોટ નં. ૪૦, જે લગભગ ૧૮૫.00 ચોરસ મીટર, જુના સર્વે નં. ૧૧+૨૭/૧+૯+૧૦/૨ પૈકી ૨૭, જેનો પ્રોમ્યુલેશન સર્વે નં. ૭૧૪, પ્લોટ નં. ૪૧, જેનો ૪૭૧.00 ચોરસ મીટર, જુના સર્વે નં. ૧૧+૨૭/૧+૯+૧૦/૨ પૈકી ૨૯, જેનો પ્રોમ્યુલેશન સર્વે નં. ૭૧૩, પ્લોટ નં. ૩૫,૩૭,૩૮,૩૯,૪૦,૪૧,૪૨,૪૩, જેનો આશરે ૯૮૧.00 ચોરસ મીટર વિસ્તાર છે, જમીન પર બાંધવામાં આવ્યો છે. આશરે ૨૯૩૩.00 ચો.મી. માં ફેલાયેલું, જૂનું સર્વે નં. ૧૧+૨૭+૯+૧૦/૨ પાઈકી, જેનો જાહેરનામું સર્વે નં. ૭૧૭ લગભગ ૧૯૩૭.00 ચો.મી. માં ફેલાયેલું છે, છરવાડા ગામ, તા. વાપી - જિલ્લો: વલસાડ ખાતે આવેલું છે, અને જે નીચે મુજબ સીમા ધરાવે છે. પૂર્વ દ્વારા: પેસેજ અને ફ્લેટ નં. ૧૦૯. પશ્ચિમ દ્વારા: ખુલ્લી જગ્યા. ઉત્તર દ્વારા: ફ્લેટ નં. ૧૧૧. દક્ષિણ દ્વારા: ખુલ્લી જગ્યા. | | | |

ઉપરોક્ત લેણદારો/સહ-લેણદારો/જામીનદારો/ગીરો રાખનારાઓ બાકી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, આથી લેણદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ ઉપર દર્શાવેલ તારીખે કાયદાની કલમ 13 (4) અને નિયમ 8 હેઠળ મળેલી સત્તાની રૂએ મિલકતોનો **કબ્જો લીધો** છે. લેણદારો/સહ-લેણદારો/જામીનદારો/ગીરો રાખનારાઓ અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ ઉપરોક્ત મિલકતો સાથે કોઈ વ્યવહાર ન કરે અને મિલકતો સાથેના કોઈપણ વ્યવહાર **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના બોજાને આધીન રહેશે.

સ્થળ: અમદાવાદ
તારીખ: 31.12.2025

Sd/- અધિકૃત અધિકારી
જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ વતી

**જના સ્મોલ ફાઇનાન્સ બેંક** (એક શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)
રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.૧૦/૧, ૧૧/૨ અને ૧૨/૨બી, ડોમલુરની બહાર, કોરામંગલા ઇનર રિંગ રોડ, ઇજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-૫૬૦૦૭૧. પ્રાદેશિક શાખા ઓફિસ: ૨૦૮ થી ૨૧૩, બીજો માળ, શાંગ્રીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, ૧૦૦ ફૂટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૫.



**જના સ્મોલ ફાઇનાન્સ બેંક** (એક શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક) | રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.૧૦/૧, ૧૧/૨ અને ૧૨/૨બી, ડોમલુરની બહાર, કોરામંગલા ઇનર રિંગ રોડ, ઇજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-૫૬૦૦૭૧.

## ખાનગી સમજૂતી દ્વારા વેચાણની નોટિસ

**સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 (SARFAESI ACT) હેઠળ બેંક પાસે ગીરો મુકેલી સ્થાવર મિલકતોનું વેચાણ.**

જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ SARFAESI એક્ટ હેઠળ નીચે મુજબની **મિલકતનો ભૌતિક કબ્જો લીધો** છે. જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડના અધિકૃત અધિકારીએ અગાઉ મિલકત વેચવા માટે અનેક જાહેર હરાજીઓ યોજી હતી, પરંતુ કોઈ બિડ (બોલી) પ્રાપ્ત ન થતા તે અસફળ રહી હતી. તેથી આથી જાણ કરવામાં આવે છે કે જો આ નોટિસના પ્રકાશનની તારીખથી 15 દિવસની અંદર ઉપરોક્ત લોન ખાતાની કુલ બાકી લેણી રકમ ચૂકવવામાં નહીં આવે, તો અધિકૃત અધિકારી નીચે મુજબની મિલકતના ખાનગી સમજૂતી દ્વારા વેચાણની પ્રક્રિયા આગળ વધારશે.
સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે અનુસૂચિમાં જણાવેલ સુરક્ષિત મિલકત બેંકના લેણાંની વસૂલાત માટે બેંકને સ્વીકાર્ય શરતો મુજબ ખાનગી સમજૂતી દ્વારા વેચાણ માટે ઉપલબ્ધ છે.

**ખાનગી સમજૂતી દ્વારા મિલકતના વેચાણ માટેની પ્રમાણભૂત શરતો અને નિયમો નીચે મુજબ છે:**

1. ખાનગી સમજૂતી દ્વારા વેચાણ **"જે છે જ્યાં છે"** અને **"જે કંઈ છે તે જ ધોરણે"** કરવામાં આવશે.
2. ખરીદદારે આ નોટિસના પ્રકાશનની મુદત પૂરી થવા પર વેચાણ કિંમતના 100% રકમ જમા કરાવવાની રહેશે.
3. બેંક દ્વારા ખરીદીની ઓફર સ્વીકારવામાં ન આવે તે કિસ્સામાં, જો કોઈ રકમ અરજી સાથે ચૂકવવામાં આવી હશે તો તે નિર્ધારિત સમયમાં કોઈપણ વ્યાજ વગર પરત કરવામાં આવશે.
4. ખરીદદારે મિલકતને લગતા તમામ પાસાઓ પર પોતાની સંતોષકારક તપાસ (ડ્યુ ડિલિજન્સ) કરવાની રહેશે. ખરીદદાર આ બાબતે પછીની તારીખે અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર સામે કોઈ દાવો કરવા માટે હકદાર રહેશે નહીં.
5. બેંક કોઈપણ કારણ આપ્યા વગર ખરીદીની કોઈપણ ઓફરને નકારવાનો અધિકાર અનામત રાખે છે.
6. ખરીદદારે મિલકતની ખરીદીના સંબંધમાં તમામ સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી અને અન્ય ખર્ચ, ટેક્સ, ડ્યુટી, સોસાયટીના લેણાં ભોગવવાના રહેશે.
7. વેચાણ SARFAESI એક્ટ / નિયમોની જોગવાઈઓ અનુસાર રહેશે.

| ક્ર. નં. | લોન એકાઉન્ટ નંબર | લેણદાર / સહ-લેણદારોનું નામ | SARFAESI એક્ટ હેઠળ 13(2) માંગણી નોટિસ મુજબની રકમ | ખાનગી સમજૂતી માટે અનામત કિંમત |
|---|---|---|---|---|
| 1 | 31029420001174 31029410000310 | 1) આકાશ રાજકુમાર ગુપ્તા, 2) કિરણદેવી રાજકુમાર ગુપ્તા | રૂ. 15,18,230/- (અંકે પંદર લાખ અઢાર હજાર બસો ત્રીસ પૂરા) 05/05/2025 સુધી | રૂ. 10,64,800/- (અંકે દસ લાખ ચોસઠ હજાર આઠસો પૂરા) |
| | સુરક્ષિત મિલકતની વિગતો: "શિવ શક્તિ રેસીડેન્સી" માં પ્લોટ નંબર 94, જેનું ક્ષેત્રફળ 18 x 36 ચોરસ ફૂટ એટલે કે 60.223 ચોરસ મીટર છે, તેની સાથે રોડ અને C.O.P. ની જમીનમાં 18.56 ચોરસ મીટર અવિભાજિત હિસ્સો, કુલ 78.80 ચોરસ મીટરની તમામ સ્થાવર મિલકત. જે રેવન્યુ બ્લોક નંબર 795 (ક્ષેત્રફળ હે. આરે. 2-44-84 ચોરસ મીટર), પૈકી 15705 ચોરસ મીટર, પૈકી સબ પ્લોટ નંબર 1-2-3 પૈકી સબ પ્લોટ નંબર 3, મોજે કુદસદ, સબ ડિસ્ટ્રિક્ટ ઓલપાડ, જી-સુરત પર આવેલ છે. જેના માલિક 1) આકાશ રાજકુમાર ગુપ્તા અને 2) કિરણદેવી રાજકુમાર ગુપ્તા છે. ચતુર્સીમા: પૂર્વે: બ્લોક નંબર 822 ને અડીને, પશ્ચિમે: પ્લોટ નંબર 93 ને અડીને, ઉત્તરે: સોસાયટી રોડ, દક્ષિણે: પ્લોટ નંબર 63 ને અડીને. | | | |
| 2 | 33209610000372 | 1) રામજનમ યાદવ, 2) મમતા રામજનમ યાદવ | રૂ. 7,59,976/- (અંકે સાત લાખ ઓગણસાઠ હજાર નવસો છોતેર પૂરા) 16/10/2024 સુધી | રૂ. 1,81,500/- (અંકે એક લાખ એક્યાસી હજાર પાંચસો પૂરા) |
| | સુરક્ષિત મિલકતની વિગતો: બ્લોક "B" માં પ્રથમ માળ પર આવેલ ફ્લેટ નંબર B/107, જેનું બિલ્ટ અપ એરિયા 37.62 ચોરસ મીટર છે અને સુપર બિલ્ટ અપ એરિયા તથા 18.60 ચોરસ મીટર પ્રોપોર્શનેટ લેન્ડ છે32. આ મિલકત "સ્વાતિ રેસીડેન્સી" તરીકે ઓળખાતી સ્કીમમાં મોજે ગામ છત્રાલ સીમ બ્લોક નંબર 483 (ક્ષેત્રફળ 2833.00 ચોરસ મીટર) પર મંજૂર પ્લાન મુજબ આવેલ છે, જે સબ ડિસ્ટ્રિક્ટ કલોલ તાલુકા અને રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ ગાંધીનગરમાં છે33. જેની ચતુર્સીમા: પૂર્વે: ફ્લેટ નંબર B/106, પશ્ચિમે: સદર ફ્લેટની દીવાલ, ઉત્તરે: પેસેજ, દક્ષિણે: સદર ફ્લેટની દીવાલ. | | | |

ઉપરોક્ત લેણદાર/સહ-લેણદારનું ધ્યાન SARFAESI એક્ટની કલમ 13(8) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે કે તેઓ સુરક્ષિત મિલકતોના વેચાણ પહેલાં બેંકના બાકી લેણાં અને તમામ ખર્ચ, ચાર્જિસ ચૂકવીને મિલકત છોડાવી શકે છે.

**પત્રવ્યવહારનું સરનામું: શ્રી રંજન નાઈક (મોબાઈલ નંબર: 6362951653), ઈમેલ: ranjan.naik@janabank.com. જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, ઓફિસ ગ્રાઉન્ડ ફ્લોર, બીજો માળ, શાંગ્રીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, 100 ફૂટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-380015.**

તારીખ: 31.12.2025 સ્થળ: ગુજરાત | Sd/- અધિકૃત અધિકારી, જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ વતી

## સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બર્ડ હિટ : AI એક્સપ્રેસનું પ્લેન ગ્રાઉન્ડેડ

સુરત | સુરતથી બેંગકોક જતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ IX-1227 સાથે પક્ષી અથડાતા ટેકનિકલ ખામી સર્જાઈ હતી. પક્ષી અથડાવાને કારણે વિમાનના એન્જિન અથવા પાંખના ભાગે નુકસાન થવાની ભીતિને પગલે ટેકનિકલ ટીમે તપાસ હાથ ધરી હતી. મૂલ્યાંકન બાદ સલામતીના કારણોસર આ વિમાનને ગ્રાઉન્ડેડ જાહેર કરવામાં આવ્યું હતું, જેના કારણે નિર્ધારિત ઉડ્ડયનમાં મોટો વિલંબ થયો હતો. આ ફ્લાઈટમાં બેંગકોક જવા માટે કુલ 133 મુસાફરો સવાર હતા. પ્લેન ગ્રાઉન્ડેડ થતા મુસાફરો એરપોર્ટ પર અટવાઈ પડ્યા હતા.

## દીવ: શોર્ટ સર્કિટ બાદ ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ

દીવ | દીવના ઘોઘલામાં આવેલા મીઠાબાવા વિસ્તારમાં રહેતા કંચનબેન પ્રવિણભાઈના ભાડાના મકાનમાં ગઈકાલે સાંજે આશરે સવા સાત વાગ્યાની આસપાસ આ દુર્ઘટના ઘટી હતી. પ્રાથમિક અહેવાલ મુજબ, ઘરમાં અચાનક શોર્ટ સર્કિટ થયું હતું, જેની ચિનગારી ગેસ સિલિન્ડર સુધી પહોંચતા જોરદાર બ્લાસ્ટ થયો હતો. સિલિન્ડર ફાટતાની સાથે જ આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને જોતજોતામાં આખા ઘરને પોતાની લપેટમાં લઈ લીધું હતું. સ્થાનિક રહેવાસી ફેઝલ ઈસમાઈલે સમયસૂચકતા વાપરી તુરંત પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી.

### ડિજિટલ સુરક્ષા | તમામ દરવાજા બંધ થયા બાદ જ ઉપડશે બસ

# અમદાવાદમાં EV બસનો યુગ, બેટરીમાં શોર્ટ સર્કિટ થતા જ ફાયર સિસ્ટમ થશે એક્ટિવ

(એજન્સી) અમદાવાદ | તા. 30

નવા વર્ષના પ્રારંભમાં જ અમદાવાદીઓને AMTS તરફથી એક શાનદાર ભેટ મળવા જઈ રહી છે. જાન્યુઆરીના પ્રથમ અઠવાડિયાથી જ શહેરના રસ્તાઓ પર અત્યાધુનિક અને હાઈટેક એસી ઈલેક્ટ્રિક બસો દોડતી જોવા મળશે. ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનોમાં આગ લાગવાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને આ બસમાં એવી ટેકનોલોજી વાપરવામાં આવી છે કે જે આગ લાગે તે પહેલા જ તેને ડામી દેશે. હવે લાલ બસનો અનુભવ બદલાશે અને મુસાફરો વધુ સુરક્ષિત અનુભવશે.



એએમટીએસ કમિટીના ચેરમેન ધરમશી દેસાઈએ જણાવ્યું છે કે જો બસની બેટરીમાં તાપમાન વધશે કે શોર્ટ સર્કિટ થશે, તો ઓટો ફાયર સિસ્ટમ તરત જ એક્ટિવ થઈ જશે. ડિજિટલ સુરક્ષા એટલી કડક છે કે બસના સોફ્ટવેરને કોઈ હેક કરી શકશે નહીં. દર વર્ષે બસનું ડિજિટલ ઓડિટ પણ કરવામાં આવશે. મુસાફરો માટે રિયલ ટાઈમ ટ્રેકિંગ, સીસીટીવી અને એસઓએસ (SOS) સ્વીચ જેવી સુવિધાઓ રાખવામાં આવી છે.

ઈલેક્ટ્રિક બસમાં અવાજ ન આવતો હોવાથી ઘણીવાર રાહદારીઓને વાહનની ખબર પડતી નથી. પરંતુ નવી બસ જો 20 કિમીથી ઓછી સ્પીડે ચાલશે, તો તેમાંથી એક ખાસ અવાજ આવશે, જેથી રસ્તા પર ચાલતા લોકોને ખબર પડશે કે પાછળ બસ આવી રહી છે. આ ઉપરાંત, જ્યાં સુધી બસના તમામ દરવાજા બરાબર બંધ ન થાય, ત્યાં સુધી બસ આગળ વધી શકશે નહીં. ત્રણ સીસીટીવી કેમેરા અને ઈમરજન્સી એક્ઝિટ માટે કાચ તોડવાની હથોડી પણ બસમાં હાજર રહેશે.

જાણકારો મુજબ, એરો ઈગલ કંપની સાથેના કરાર મુજબ તબક્કાવાર કુલ 225 બસો અમદાવાદમાં આવશે. આ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનને કોઈ વધારાનો ખર્ચ કરવાનો નથી, માત્ર કિલોમીટર દીઠ પૈસા ચૂકવવાના રહેશે. અમદાવાદીઓ માટે આ મુસાફરી હવે ચાય-નાસ્તા જેવી સરળ અને સુખદ બનશે.

## AMC દ્વારા 8 વર્ષમાં 211 કરોડનો ખર્ચ, છતાં ફરિયાદોનો અંબાર

(એજન્સી) અમદાવાદ | તા. 30

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરની સુરક્ષા અને વહીવટી કચેરીઓની રક્ષાના નામે છેલ્લા આઠ વર્ષમાં ૨૧૧ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે. જોકે, કરોડોના ખર્ચ છતાં સિક્યુરિટી ગાર્ડ્સની કામગીરી પર અનેક સવાલો ઉઠી રહ્યા છે. સિક્યુરિટીની બેદરકારી અને તોછડા વર્તન અંગે અત્યાર સુધીમાં શહેરીજનોએ તંત્ર સમક્ષ ૧૧૦૬ જેટલી ફરિયાદો નોંધાવી છે, જે તંત્રની લાલિયાવાડીછતીકરેછે. મ્યુનિસિપલ કોર્પોરેશને વિવિધ ખાનગી સિક્યુરિટી એજન્સીઓની ગેરરીતી અને બેદરકારી બદલ ૪.૩૮ કરોડ રૂપિયાથી વધુની પેનલ્ટી વસૂલ કરી છે. એડવોકેટ અતિક સૈયદના જણાવ્યા અનુસાર, એસવીપી અને એલજી જેવી મ્યુનિસિપલ હોસ્પિટલોમાં દર્દીઓના સગાઓ સાથે સિક્યુરિટી ગાર્ડ્સના ઘર્ષણના બનાવોમાં ચિંતાજનક વધારો થયો છે.

### રાજકારણમાં શાંતિનો માહોલ | હાઈકમાન્ડના એક ફોનથી કિરીટ પટેલનો નિર્ણય બદલાયો

# પાટણના ધારાસભ્ય કિરીટ પટેલનો યુ-ટર્ન, દંડક પદેથી રાજીનામું આપવાનો નિર્ણય મોકૂફ રાખ્યો

(એજન્સી) પાટણ તા.30

છેલ્લા 24 કલાકથી ગુજરાતના રાજકારણમાં જે તોફાન મચ્યું હતું, તે આખરે શાંત પડ્યું છે. પાટણના ધારાસભ્ય અને પક્ષના દંડક કિરીટ પટેલ, જેઓ પોતાના ધારદાર તેવર માટે જાણીતા છે, તેમણે દંડક પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા હતા. જોકે, દિલ્હી અને અમદાવાદના હાઈકમાન્ડ સાથેની મેરેથોન બેઠકો અને ટેલિફોનિક મંત્રણા બાદ કિરીટ પટેલે પોતાનો નિર્ણય હાલ પૂરતો મોકૂફ રાખ્યો છે. પાટણના ચોરે અને ચૌટે આજે આ જ વાતની ચર્ચા હતી કે કિરીટભાઈ માની ગયા! વિવાદનું મુખ્ય કારણ પાટણ જિલ્લા



અનુસૂચિત જાતિ (SC) મોરચાના પ્રમુખની નિમણૂક હતી. જયાબહેન શાહને ફરી પ્રમુખ બનાવતા પહેલા સ્થાનિક નેતાઓ કે ધારાસભ્યોની 'સેન્સ' લેવામાં આવી ન હતી. આ વાતથી કિરીટ પટેલ ભારે નારાજ થયા હતા. તેમનું માનવું હતું કે જો પક્ષને મજબૂત કરવો હોય તો જૂથબંધી દૂર કરી કાર્યકરો અને ધારાસભ્યોને વિશ્વાસમાં લેવા અનિવાર્ય છે. પક્ષમાં સ્વાભિમાનના ભોગે કામ કરવું તેમને મંજૂર ન હતું.

ગઈકાલે બપોરે 3:00 વાગ્યે જ્યારે રાજીનામાની જાહેરાત થઈ, ત્યારે પક્ષના ઉચ્ચ નેતાઓ સક્રિય થયા હતા. જાણકારો કહે છે કે હાઈકમાન્ડ દ્વારા કિરીટ પટેલના પ્રશ્નો અને સ્થાનિક નારાજગી અંગે હકારાત્મક ખાતરી આપવામાં આવી છે. મીડિયા સમક્ષ વાત કરતા કિરીટ પટેલે સ્પષ્ટ કર્યું કે, 'આ કોઈ પ્રેશર ટેક્નિક ન હતી, પણ પક્ષના હિત માટે લેવાયેલો નિર્ણય હતો.' હવે તેઓ દંડક પદે કાર્યરત રહેશે, જેનાથી ઉત્તર ગુજરાતના રાજકારણમાં ઉકળતો ચરુ શાંત થયો છે.

રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે આ માત્ર રાજીનામું પાછું ખેંચવાની વાત નથી, પણ આગામી દિવસોમાં સંગઠનમાં મોટા ફેરફારોના સંકેત છે. કિરીટ પટેલની નારાજગી દૂર કરવા હાઈકમાન્ડ કંઈક નવું આયોજન કરી શકે છે. પાટણના બજારોમાં અને ગંજબજારમાં ખેડૂતો અને કાર્યકરોમાં એક જ વાત છે કે, 'કિરીટભાઈએ પોતાની તાકાત બતાવી દીધી.' વાચક મિત્રો, રાજકારણમાં પદ કરતાં પ્રતિષ્ઠા મોટી હોય છે, અને આ કિસ્સામાં પ્રતિષ્ઠાની જ જીત થઈ હોય તેવું જણાય છે.

## ન્યુઝ બ્રિફ

### ગુજરાત લીકર પરમિટ વધારો: ભાવ વધ્યા છતાં શોખીનોમાં પરવાનો લેવાની હોડ

અમદાવાદ | ૩૧મી ડિસેમ્બર નજીક આવતા જ ગુજરાતમાં દારૂની પરમિટ લેવા માટે પડાપડી થઈ રહી છે. નવાઈની વાત એ છે કે, રાજ્ય સરકારે પરમિટના દરોમાં મોટો વધારો કર્યો હોવા છતાં અરજીઓની સંખ્યામાં કોઈ ઘટાડો થયો નથી. અમદાવાદમાં નવી હેલ્થ પરમિટનો દર ૫,૦૦૦ રૂપિયાથી વધારીને સીધો ૨૫,૦૦૦ રૂપિયા કરી દેવામાં આવ્યો છે. આમ છતાં, અમદાવાદ જિલ્લામાં રાજ્યમાં સૌથી વધુ ૧૬,૪૮૫ પરમિટ ધારકો નોંધાયા છે. પરમિટ લેવામાં અમદાવાદ અને સુરત મોખરે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પરમિટ ધારકોની સંખ્યા પર નજર કરીએ તો અમદાવાદ બાદ સુરત ૮,૯૭૧ પરમિટ સાથે બીજા ક્રમે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ગુજરાતમાં કુલ ૫૨,૦૦૦ થી વધુ પરમિટ ધારકો છે, જેમાંથી ૮૫ ટકા એટલે કે ૪૫,૦૦૦ લોકોએ 'હેલ્થ ગ્રાઉન્ડ' પર પરવાનો મેળવ્યો છે.

### ગુજરાત માર્ગ અકસ્માત આંકડા: રાજ્યમાં ૧.૭૮ લાખ લોકો અકસ્માતમાં ઘવાયા

અમદાવાદ | ગુજરાતમાં માર્ગ સુરક્ષાના દાવાઓ વચ્ચે અકસ્માતોના આંકડા અત્યંત ડરામણી રીતે સામે આવ્યા છે. વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં રાજ્યભરમાં અંદાજે ૧,૭૮,૯૭૫ વ્યક્તિઓ માર્ગ અકસ્માતનો ભોગ બની ઈજાગ્રસ્ત થઈ છે. ગત વર્ષના ૧.૬૫ લાખના આંકડાની સરખામણીએ આ વર્ષે અકસ્માતોમાં ૧૦ ટકાનો તોતિંગ વધારો નોંધાયો છે. ચોંકાવનારી વાત એ છે કે રાજ્યમાં દર કલાકે સરેરાશ ૨૧ વ્યક્તિઓ રસ્તા પર લોહીલુહાણ થઈ રહી છે. અમદાવાદ જિલ્લો અકસ્માતોનું કેન્દ્ર સમગ્ર રાજ્યમાં અકસ્માતની બાબતમાં અમદાવાદ જિલ્લો સૌથી વધુ જોખમી સાબિત થયો છે. ૧ જાન્યુઆરીથી ૨૫ ડિસેમ્બર સુધીમાં માત્ર અમદાવાદમાં ૨૮,૬૭૭ લોકો ઈજાગ્રસ્ત થયા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૨૦૨૩ થી ૨૦૨૫ સુધીમાં અમદાવાદમાં અકસ્માતોની સંખ્યામાં સતત ૫ ટકાનો ઉછાળો જોવા મળી રહ્યો છે.

### દર્દીના જીવ સાથે ચેડાં કરનાર સ્ટાફ સામે કાર્યવાહીની માંગ

# SVP હોસ્પિ.ની ગંભીર બેદરકારી ICUમાં દર્દીનું અડધી બોટલ લોહી વહી ગયું

(એજન્સી) અમદાવાદ | તા. 28

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત અને અબજો રૂપિયાના ખર્ચે નિર્મિત અત્યાધુનિક એસવીપી (SVP) હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના વમળમાં ફસાઈ છે. હોસ્પિટલના અતિ સંવેદનશીલ ગણાતા આઈસીયુ (ICU) વોર્ડમાં સારવાર લઈ રહેલા એક ૭૨ વર્ષીય વૃદ્ધ દર્દીના લોહી વહી જવાના મામલે હોસ્પિટલ સ્ટાફની ભયંકર નિષ્કાળજી સામે આવી છે. લોહીની નદીઓ વહેતી હોવા છતાં સ્ટાફ ઊંઘમાં હોવાનો આરોપ પરિવારે લગાવ્યો છે. આ ગંભીર બેદરકારીને પગલે દર્દીના સગાઓએ એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી ન્યાયની માંગ કરી છે, જેનાથી સમગ્ર તબીબી આલમમાં ચકચાર મચી ગઈ છે.




#### સમગ્ર ઘટનાક્રમ: જીવ બચાવનાર જ જોખમ બન્યા

૭૨ વર્ષીય સલીમ શેખને ઓક્સિજનનું સ્તર ઓછું હોવાને કારણે એસવીપી હોસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા. આઈસીયુમાં દર્દી સંપૂર્ણપણે હોસ્પિટલના ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફના ભરોસે હોય છે. જોકે, સારવાર દરમિયાન દર્દીના હાથમાં લગાવેલી વિગો (Vigo) માંથી અચાનક લોહી નીકળવાનું શરૂ થયું હતું. નવાઈની વાત એ છે કે, આઈસીયુમાં સતત મોનિટરિંગ હોવા છતાં કલાકો સુધી કોઈ પણ કર્મચારીનું ધ્યાન આ તરફ ગયું નહોતું. જ્યારે પરિવારજનો દર્દીને મળવા પહોંચ્યા ત્યારે પથારી લોહીથી લથબથ જોઈને તેમના હોશ ઉડી ગયા હતા.

#### પરિવારનો આક્ષેપ: સ્ટાફ પડદા પાછળ મસ્ત હતો

દર્દીના પુત્રએ મીડિયા અહેવાલ સમક્ષ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જ્યારે તેઓ વોર્ડમાં પ્રવેશ્યા ત્યારે જોયું કે પિતાના શરીરમાંથી અડધી બોટલ જેટલું લોહી વહી ગયું હતું અને ડોક્ટરો પડદા પાછળ બેસીને નિરાંતે વાતો કરી રહ્યા હતા. જ્યારે આ બાબતે સ્ટાફને પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે પોતાની ભૂલ સ્વીકારવાને બદલે પરિવાર સાથે ઉદ્ધત વર્તન કર્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હોસ્પિટલ સત્તાવાળાઓએ પરિવાર પાસે કોઈ કાગળ પર સહી કરાવી મામલો દબાવવાનો પ્રયાસ પણ કર્યો હતો, પરંતુ પરિવારે મચક આપી નહોતી અને ૧૧૨ નંબર પર પોલીસને જાણ કરી હતી.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા એવું લાગે છે કે હોસ્પિટલ તંત્ર દર્દીઓની સુરક્ષા પ્રત્યે ઉદાસીન છે. પરિવારે ઘટનાનો વીડિયો ઉતારીને પુરાવા તરીકે રજૂ કર્યો છે. એલીસબ્રીજ પોલીસ મથકે અપાયેલી અરજીમાં દર્દીના જીવ સાથે ચેડાં કરનાર જવાબદાર ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફ વિરુદ્ધ કડક કાયદેસરની કાર્યવાહીની માંગણી કરવામાં આવી છે. પરિવારનું કહેવું છે કે જો તેઓ સમયસર પહોંચ્યા ન હોત તો સલીમભાઈનું વધુ લોહી વહી જવાથી તેમનું મૃત્યુ પણ થઈ શક્યું હોત.

#### એસવીપી હોસ્પિટલની છબી ખરડાઈ

એક તરફ સરકાર અને કોર્પોરેશન આ હોસ્પિટલને ફાઈવ સ્ટાર સુવિધા વાળી હોસ્પિટલ ગણાવે છે, ત્યારે બીજી તરફ આવી પાયાની બેદરકારી તંત્રની પોલ ખોલે છે. મીડિયા અહેવાલ મુજબ, આ અગાઉ પણ એસવીપી હોસ્પિટલ વિવિધ કારણોસર વિવાદોમાં રહી છે. આઈસીયુ વોર્ડ કે જ્યાં દર્દીના દરેક ધબકાર પર નજર રાખવામાં આવે છે, ત્યાં લોહી વહી જાય અને સ્ટાફને જાણ ન થાય તે વહીવટી નિષ્ફળતાની ચરમસીમા છે.

હાલમાં આ મામલે હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા તપાસના આદેશ અપાયા હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ ભોગ બનનાર પરિવાર હવે કોઈ પણ સંજોગોમાં બાંધછોડ કરવા તૈયાર નથી. તેઓ ઈચ્છે છે કે ભવિષ્યમાં બીજા કોઈ દર્દી સાથે આવી ઘટના ન બને તે માટે દાખલો બેસાડતી કાર્યવાહી કરવામાં આવે. પોલીસ હવે આ મામલે આઈસીયુના સીસીટીવી ફૂટેજ ચકાસી રહી છે.

### 31st ડિસેમ્બર રેવ પાર્ટી એલર્ટ: ફાર્મહાઉસમાં ડ્રગ્સ સપ્લાય કરવાનું હતું મોટું કાવતરું

# અમદાવાદ હાઈબ્રિડ ગાંજો કેસ: રેવ પાર્ટીઓ માટે મગાવાયેલો લાખોનો નશો ઝડપાયો

(એજન્સી) અમદાવાદ | તા. 28

થોડા કલાકો બાદ શરૂ થનારા નવા વર્ષની ઉજવણી પૂર્વે અમદાવાદમાં નશાના કાળા કારોબાર પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા વજ્રઘાત કરવામાં આવ્યો છે. ૩૧મી ડિસેમ્બરની રાત્રે શહેરના સીમ વિસ્તારમાં આવેલા ફાર્મહાઉસોમાં યોજાનારી હાઈ-પ્રોફાઈલ રેવ પાર્ટીઓને ટાર્ગેટ બનાવીને લાવવામાં આવેલો લાખોની કિંમતનો હાઈબ્રિડ ગાંજો ઝડપાયો છે. એસએમસીની ટીમે બાતમીના આધારે શેલા-બોપલ રોડ પર ઓપરેશન પાર પાડીને થાઈલેન્ડથી મગાવાયેલા નશાના જથ્થા સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. આ કાર્યવાહીથી ડ્રગ માફિયાઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો અત્યંત ચોંકાવનારી છે. આ નેટવર્કનો મુખ્ય સૂત્રધાર અર્ચિત અગ્રવાલ પોલીસની નજરથી બચવા માટે લક્ઝરી કારનો ઉપયોગ કરતો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અર્ચિત પોતે કારમાં બેસીને તેની હાજરીમાં ડિલિવરી કરાવતો હતો, જેથી કોઈ શંકા ન જાય. ડ્રાઈવર રાહુલ ભદોરિયાને માત્ર એક વાર માલ પહોંચાડવાના ૧૦ હજાર રૂપિયા ચૂકવવામાં આવતા હતા. સોમવારે બપોરે જ્યારે આ ટોળકી એપલવૂડ વિલા પાસે રવિ માર્કન અને દર્શન પરીખને ગાંજાનું પાર્સલ આપવા પહોંચી, ત્યારે જ પૂર્વ આયોજિત વ્યૂહરચના મુજબ પોલીસે ત્રાટકીને ત્રણેયને રંગેહાથ પકડી લીધા હતા.

#### થાઈલેન્ડ કનેક્શન અને લાખોની કિંમતનો મુદ્દામાલ

મીડિયા અહેવાલ મુજબ, ઝડપાયેલો ગાંજો સામાન્ય ગાંજો નથી પરંતુ વિદેશથી ખાસ મગાવાયેલો 'હાઈબ્રિડ ગાંજો' છે. પોલીસે કુલ ૪૩૨ ગ્રામ જથ્થો જપ્ત કર્યો છે, જેની બજાર કિંમત અંદાજે



૧૫.૧૨ લાખ રૂપિયા આંકવામાં આવી છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા જણાય છે કે, આ માલ ખાસ કરીને ૩૧મીની રાત્રે યોજાનારી પ્રાઈવેટ પાર્ટીઓ માટે જ રાખવામાં આવ્યો હતો. આ હાઈબ્રિડ નશો ખૂબ જ મોંઘો હોવાથી તે માત્ર હાઈ-સોસાયટીના ગ્રાહકોને જ સપ્લાય કરવાનો હતો. પોલીસે ડ્રગ્સની સાથે લક્ઝરી કાર અને મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે.

#### NDPS એક્ટ હેઠળ ગુનો અને ફરાર આરોપીઓની શોધ

આ મામલે પોલીસે એનડીપીએસ (NDPS) એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે, મુખ્ય આરોપી અર્ચિત અગ્રવાલ અને તેનો સાથીદાર લાલ સોની હજુ પણ પોલીસ પકડથી દૂર છે. તથ્યો મુજબ, એસએમસી હવે આ પેડલરોના ફોન કોલ ડિટેલ્સ અને વોટ્સએપ ચેટની તપાસ કરી રહી છે જેથી એ જાણી શકાય કે શહેરના કયા કયા ફાર્મહાઉસ અને ક્લબમાં આ માલ જવાનો હતો. આગામી ૨૪ કલાકમાં શહેરના અનેક સ્થળોએ દરોડા પડવાની શક્યતા છે.

### શ્રવણ જોષીને ફસાવામાં આવ્યા, AAP હમેશા પડખે ઉભી છે

# AAP ભાજપની તાનાશાહીથી, પોલીસની દાદાગીરીથી ડરવાની નથી: ધર્મેશ ભંડેરી AAP

(એજન્સી) અમદાવાદ /સુરત તા.30

આમ આદમી પાર્ટી સુરત શહેર યુવા મહામંત્રી શ્રવણ જોષીની ભાજપે ખોટા કેસમાં ધરપકડ કરાવી છે. ભાજપના ખોટા ધંધાઓને ઉજાગર કરવાનું કામ કરનાર શ્રવણ જોષી પર ખોટી FIR પર કરવામાં આવી છે. ત્યારે આ મામલે પ્રતિક્રિયા આપતા આમ આદમી પાર્ટી સુરત શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે હાલમાં આમ આદમી પાર્ટીના યુવા મોરચાના મહામંત્રી શ્રવણ જોષીની એસ.ઓ.જી પોલીસ અને લિંબાયત પોલીસે મળીને ધરપકડ કરી છે. તેના સંદર્ભમાં બહુ જૂનો વિડીયો વાયરલ થયો છે. આ વિડીયોમાં દર્શાવવામાં આવ્યું છે કે ત્રાહિત વ્યક્તિ દ્વારા કોઈ વ્યક્તિને પૈસા આપે છે અને આ વ્યક્તિ દ્વારા એવું કબૂલવામાં આવે છે કે આમ આદમી પાર્ટીના મહામંત્રી શ્રવણ જોષીના કહેવાથી આ બધું થઈ રહ્યું છે. શ્રવણ જોષી આમ આદમી પાર્ટીના યુવા મોરચા મહામંત્રી છે, અને લીંબાયત વિસ્તારમાં લોક પ્રશ્નો માટે આક્રમકતાથી લડાઈ લડે છે. ભારતીય




જનતા પાર્ટીના કહેવાતા દબંગ નેતાઓની વિરુદ્ધમાં પણ લડાઈ લડે છે. ત્રણ ચાર દિવસ પહેલા પોલીસવાળા હપ્તા ઉઘરાવતા હતા, પોતાની જગ્યા છોડીને બીજી જગ્યાએ જઈને લોકો પાસેથી દંડનાં નામે રકમ વસૂલતા હતા, તેનો વિડીયો વાયરલ થયો, તેમની ડુપ્લિકેટ ડાયરીઓ પણ મળી આવી છે. આ તમામ વિડિયો વાયરલ થતા પોલીસની છબી ખરડાતા પોલીસવાળાએ આ વાત ધ્યાનમાં રાખી. ત્રણ દિવસ પહેલા લિંબાયત વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર અને પૂર્વ શાસક પક્ષના નેતાનાં વિસ્તારમાં આસપાસ દાદાના મંદિર પાસે આવેલી ગૌ માસની દુકાનોનાં વિરોધમાં સોસાયટી વાળાઓ ફરિયાદ કરી હતી.

## ગુજરાત કોંગ્રેસમાં આંતરિક વિખવાદ પર AAP મુખ્ય પ્રવક્તા ડો.કરન બારોટની પ્રતિક્રિયા

(એજન્સી) અમદાવાદ/ પાટણ તા.30

ગુજરાત કોંગ્રેસમાં ફરી એકવાર આંતરિક વિખવાદ સામે આવ્યો છે. સંગઠનની નિમણૂકોથી નારાજ પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે રાજીનામાની ચીમકી ઉચ્ચારી હતી. ત્યારે આ મામલે પ્રતિક્રિયા આપતા આમ આદમી પાર્ટીના યુવા નેતા અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટે જણાવ્યું હતું કે કોંગ્રેસમાં જૂથબંધી ચરમસીમાએ પહોંચી ગઈ છે. દિવસ રાત કામ કરતા કોંગ્રેસના કાર્યકર્તા પર અત્યાચાર અને અન્યાય થઈ રહ્યો છે. ક્યાંકને ક્યાંક ગુજરાતની જનતાને ન્યાય આપવા માટે તેમના કાર્યકર્તાઓ જે લડાઈ લડી રહ્યા છે તે જોતા લાગે છે આ રીતે ન્યાય ક્યારેય મળી શકે તેમ નથી. રાહુલ ગાંધી દ્વારા પણ વારંવાર કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસમાં લગ્નનાં ઘોડા અલગ અને રેસનાં ઘોડા અલગ છે. પરંતુ આજ દિન સુધી કોંગ્રેસને એ જ ખબર નથી કે લગ્નનાં ઘોડા કયા અને રેસનાં ઘોડા કયા? અત્યાર સુધી આપણે આવા અનેક ઉદાહરણો જોયા છે. થોડા સમય પહેલા વિસાવદરમાં જોયું કે કેવી રીતે કોંગ્રેસનાં મોટા મોટા નેતાઓ ભારતીય જનતા પાર્ટીના ઈશારે રૂપિયા વેચતા પકડાયા હતા.

### અમદાવાદ માર્ગ અકસ્માત: એક્ટિવા અને રિક્ષાના કુરચા બોલી ગયા

# નારણપુરામાં રોંગ સાઈડમાં આવતી કારે એક્ટિવા ચાલકને ઉડાવ્યો: જાનહાની ટળી

(એજન્સી) અમદાવાદ | તા. 30

અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા પોશ ગણાતા નારણપુરા વિસ્તારમાં ગઈકાલે સાંજે રક્તરંજીત અકસ્માતની શ્રેણી સર્જાતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. નારણપુરાના ભાવિન ચાર રસ્તા પાસે એક કાર ચાલકે ટ્રાફિકના તમામ નિયમોના લીરેલીરા ઉડાડતા રોંગ સાઈડમાં કાર હંકારી હતી. પૂરપાટ ઝડપે દોડતી આ કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા એક્ટિવા અને રિક્ષા સહિતના વાહનોને અડફેટે લીધા હતા. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ જે રીતે સામે આવ્યા છે, તે જોઈને સ્પષ્ટ થાય છે કે શહેરના માર્ગો પર નિર્દોષ વાહનચાલકો હવે કેટલા અસુરક્ષિત છે.



#### ભયાનક અકસ્માતનો લાઈવ મંજર

ભાવિન ચાર રસ્તા પાસે બનેલી આ ઘટનામાં કારની ગતિ એટલી પ્રચંડ હતી કે તેની ટક્કર વાગતા જ રિક્ષા હવામાં ફંગોળાઈને આખી ફરી ગઈ હતી. મીડિયા અહેવાલ મુજબ, આ અકસ્માતમાં એક્ટિવા સવાર પણ હવામાં ફંગોળાઈને દૂર પટકાયો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કાર ચાલક રોંગ સાઈડમાં એટલી બેફામ રીતે આવી રહ્યો હતો કે તેને રોકવાની કોઈને તક મળી નહોતી. ઘટનાના સીસીટીવી ફૂટેજ જોઈને કોઈપણ વ્યક્તિનું કાળજું કંપી જાય તેવા દ્રશ્યો સર્જાયા છે. સદનસીબે આ ભયાનક અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ અનેક લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે અને વાહનોનો કચ્ચરઘાણ નીકળી ગયો છે. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકોના ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો કારણ કે રોંગ સાઈડ ડ્રાઈવિંગને કારણે અવારનવાર આવા અકસ્માતો સર્જાય છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, બી-ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કરી કારના નંબરના આધારે ચાલકની ઓળખ કરવાની તજવીજ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કાર ચાલક નશાની હાલતમાં હતો કે કેમ તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

#### રોંગ સાઈડ ડ્રાઈવિંગ: શહેર માટે એક કલંક

અમદાવાદમાં ટ્રાફિક પોલીસ દ્વારા રોંગ સાઈડ ડ્રાઈવિંગ વિરુદ્ધ સતત ઝુંબેશ ચલાવવામાં આવે છે, તેમ છતાં કેટલાક બેફામ ચાલકોના કારણે અન્ય લોકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. નારણપુરાની આ ઘટનાએ સાબિત કર્યું છે કે કડક દંડ અને જાગૃતિ છતાં લોકો સુધરવાનું નામ નથી લઈ રહ્યા. મીડિયા અહેવાલ પ્રમાણે, નારણપુરા અને પશ્ચિમ વિસ્તારના મુખ્ય માર્ગો પર પીક-અવર્સ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા વધુ સઘન બનાવવાની માંગ ઉઠી છે.

તથ્યો મુજબ, અમદાવાદમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, જેમાં રોંગ સાઈડ ડ્રાઈવિંગ મુખ્ય કારણ બની રહ્યું છે. નારણપુરાના આ કિસ્સામાં ભાગ્યવશ કોઈનું મોત થયું નથી, પરંતુ આ એક લાલબત્તી સમાન કિસ્સો છે.